

પેજ-08

તાપસીને દુબઈમાં પ્રપોઝ કરવા માંગતો હતો મેથિયાસ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

સિલ્વર મેડલ કેમ છિનવ્યો સમજાતું નથી...: સચિન તેંડુલકર



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 29.00 | 26.00 |
| વડોદરા | 29.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |


પેજ 5



14 PLI સ્કીમને ફાળવાયેલા ભંડોળની એકલા મોબાઈલ ઉત્પાદન...

11 AUGUST-2024 SUNDAY

દુનિયા ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક અને તે હેન્ડલ નહીં કરી શકે...



પેજ 10

.....સુવિચાર.....

કાર્ય સચ્ચાઈ અને સમર્પણથી કરવામાં આવે તો ચોક્કસ સફળતા મળે છે.

વર્ષ-13 । અંક-268 । વિક્રમ સંવત-2079 । શ્રાવણ સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાયનાડમાં પ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું, પીડિતોને પણ મળ્યા

# વડાપ્રધાન મોદી વાયનાડ ભૂસ્ખલન પીડિતોને મળ્યા

(એજન્સી) વાયનાડ । તા. 10

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (10 ઓગસ્ટ) કેરળના વાયનાડમાં ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોની મુલાકાત પર છે. તેઓ સવારે 11 વાગે ખાસ ફ્લાઈટ દ્વારા કન્નુર એરપોર્ટ પહોંચ્યા હતા. કન્નુરથી મોદી સવારે 11:15 વાગ્યે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા વાયનાડ ગયા હતા. તેમણે રસ્તામાં ભૂસ્ખલન પ્રભાવિત ચુરામાલા, મુંડક્કાઈ અને પુંચીરીમટ્ટમ ગામોનું હવાઈ સર્વેક્ષણ કર્યું. મોદીએ 30 જુલાઈની રાત્રે તે જગ્યા જોઈ જ્યાંથી વિનાશ શરૂ થયો હતો. ઈરુવાઝિંજી પુઝા નદી પણ આ સ્થાનથી શરૂ થાય છે. વડાપ્રધાન મોદીનું હેલિકોપ્ટર વાયનાડના કાલપેટ્ટામાં લેન્ડ થયું હતું. તેઓ સૌપ્રથમ G.V.H.S. સ્કૂલ વેલ્લારમાના ગયા હતા. આ સ્કૂલમાં 582 વિદ્યાર્થીઓ હતા, જેમાંથી 27 ભૂસ્ખલન બાદ ગુમ છે. વડાપ્રધાને સ્કૂલમાં 15 મિનિટ વિતાવી. તેમણે સીએમ વિજયન અને કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીને પૂછ્યું કે કેટલા બાળકોએ તેમના પરિવારને ગુમાવ્યા છે. કાલપેટ્ટાથી મોદી રોડ માર્ગે ભૂસ્ખલન અસરગ્રસ્ત વિસ્તારોમાં ગયા અને બચાવ કામગીરીની માહિતી લીધી હતી. તેઓ રાહત શિબિરો અને હોસ્પિટલોમાં પીડિતોને મળ્યા હતા. પીએમ મોદીએ ચુરલમાલા ખાતે 190 ફૂટ લાંબા બેલી બ્રિજની પણ મુલાકાત લીધી, જેને ભારતીય સેનાએ બચાવ કામગીરી દરમિયાન બનાવ્યો હતો.



### મોદી સીએમ અને અધિકારીઓ સાથે બેઠક કરશે

પીડિતોને મળ્યા બાદ વડાપ્રધાન મોદી સીએમ પિનરાઈ અને અન્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. બેઠકમાં તેમને દુર્ઘટના અને બચાવ કામગીરી અંગે માહિતી આપવામાં આવશે. પીએમની સાથે વાયનાડ ગયેલા કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપી પણ આ બેઠકમાં હાજરી આપશે. મોદી સાંજે કન્નુર પરત ફરશે અને પછી દિલ્હી જશે.

## શાળાની હાલત જોઈ ભાવુક થઈ ગયા વડાપ્રધાન મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેલ્લારમાલામાં એક અસરગ્રસ્ત શાળાની પણ મુલાકાત લીધી હતી, ત્યારે શાળાની દશા જોઈ તેઓ ભાવુક થઈ ગયા હતા. તેમણે સી. એમ. વિજયનને પૂછ્યું કે, આ આપત્તિમાં કેટલા બાળકોએ તેમના માતા-પિતા ગુમાવ્યા છે. અહેવાલ મુજબ, આ શાળામાં 582 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા, જેમાંથી 27 વિદ્યાર્થીઓ કથિત રીતે ગુમ છે. પ્રધાનમંત્રીએ આ શાળામાં 15 મિનિટ પસાર કરી અને શાળાના પુનઃ નિર્માણ કરવા અંગેની યોજના વિશે જાણકારી પણ મેળવી હતી.





### કાયદો વ્યવસ્થા સુધારો નહિ તો...

## નીતિન ગડકરીની મુખ્યમંત્રી ભગવંત માનને ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

પંજાબમાં અવારનવાર આતંકી હુમલાથી લઈને ડ્રગ્સ-નશીલા પદાર્થોનો મોટો જથ્થો પકડાવવાની ઘટનાઓ બનતી રહેતી હોય છે. આ મામલે કેન્દ્ર અને રાજ્ય સરકારો અનેક પ્રયાસો કરે છે, તકેદારી રાખે છે પરંતુ અવારનવાર આ બધુ થતું રહેતું હોય છે. જોકે કેન્દ્રીય રાજમાર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પંજાબના મુખ્યમંત્રીને અન્ય એક બાબતે ચેતવણી આપી છે. ગડકરીએ પંજાબના મુખ્યમંત્રીને ચેતવણી આપતો એક પત્ર લખ્યો છે. ગડકરીએ કહ્યું છે કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી નથી. સ્ટેટ અને નેશનલ હાઈવે પર બની રહેલ હિંસક ઘટનાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રીએ આ ચેતવણી પત્ર લખ્યો છે. અત્રે નોંધનીય છે કે દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસ વેના નિર્માણ દરમિયાન કામ રોકવા માટે ઘણી જગ્યાએ હિંસક ઘટનાઓ જોવા મળી હતી. રાજધાની દિલ્હીથી માતા વૈષ્ણ દેવી કટરા સુધી આ એક્સપ્રેસ વે બનાવવામાં આવી રહ્યો છે. તેનો એક ભાગ અમૃતસર સાથે પણ જોડવાનો છે. નીતિન ગડકરીએ એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરો પર થયેલા હુમલા અંગે નારાજગી વ્યક્ત કરી છે.

## ગાઝાની સ્કૂલ પર એરસ્ટ્રાઈક, 100નાં મોત

### નમાઝ દરમિયાન 3 રોકેટ ઝીંક્યાં; ઈઝરાયલે કહ્યું- ત્યાં આતંકીઓ છુપાયેલા હતા



(એજન્સી) ગાઝા । તા. 10

ગાઝાના દરાજ જિલ્લામાં એક સ્કૂલ પર શનિવારે સવારે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં 100થી વધુ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે. આ સ્કૂલમાં ઘણા લોકોએ આશરો લીધો હતો. અલ જઝીરાના અહેવાલ મુજબ, સવારની નમાજ અદા કરતી વખતે મિસાઈલ હુમલો થયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સ્કૂલ પર એક પછી એક 3 રોકેટ ઝીંક્યાં હતાં. હુમલા બાદ સ્કૂલમાં આગ લાગી હતી, એને ઓલવવાના પ્રયાસો ચાલુ છે. ઈઝરાયલના સૈન્યનો દાવો છે કે અલ-તાબિન દ્વારા સ્કૂલનો ઉપયોગ હમાસની ઓફિસ તરીકે કરવામાં આવી રહ્યો હતો.

### હમાસે હુમલાને ભયાનક ગણાવ્યો

હમાસના પ્રવક્તા મહમૂદ બસ્સલે ન્યૂઝ એજન્સી એએફપીને જણાવ્યું હતું કે હુમલામાં લગભગ 100 લોકો માર્યા ગયા છે. ડઝનેક લોકો ઘાયલ થયા છે. પેલેસ્ટિનિયોએ સ્કૂલમાં આશરો લીધો હતો. આ એક ભયાનક હુમલો છે. આ પહેલાં ગુરુવારે પણ ગાઝાની બે સ્કૂલ પર ઈઝરાયલની સેનાએ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 18 લોકો માર્યા ગયા હતા. ત્યાર બાદ ઈઝરાયલની સેનાએ કહ્યું હતું કે તેણે હમાસના કમાન્ડ સેન્ટર પર હુમલો કર્યો છે. પેલેસ્ટિનિયન પત્રકાર હોસામ શબાતે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે ગાઝા શહેરમાં બોમ્બવિસ્ફોટ કરાયેલી સ્કૂલમાં પેલેસ્ટિનિયનો ફસાયેલા છે. ઈઝરાયલની સેનાએ પાણીનો પુરવઠો પણ બંધ કરી દીધો હોવાથી આગ ઓલવવામાં મુશ્કેલી પડી રહી છે.

## બ્રાઝિલમાં પ્લેન ક્રેશ, 61નાં મોત નિપજ્યા

### એક જ મિનિટમાં 17 હજાર ફૂટથી નીચે પડ્યું, સાઓ પાઉલોના વિન્હેડો શહેરની ઘટના



(એજન્સી) સાઓ પાઉલો । તા. 10

બ્રાઝિલના સાઓ પાઉલો શહેરમાં 61 લોકોને લઈને જતું વિમાન ક્રેશ થયું છે, સત્તાવાર માહિતી અનુસાર તમામ મુસાફરોનાં મોત થયાં છે. એરલાઈન વોઈપાસે એક નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે સાઓ પાઉલોના ગુઆરુલહોસ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ જતું પ્લેન ક્રેશ થયું હતું. એમાં 57 મુસાફરો અને 4 ક્રૂ-મેમ્બર હતા. અકસ્માત કયા કારણોસર થયો એ જાણી શકાયું નથી. જે પ્લેન ક્રેશ થયું એનું રજિસ્ટ્રેશન PS-VPB, ATR 72-500 છે. એમાં કુલ 74 લોકો બેસી શકે છે. જોકે અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે દુર્ઘટના સમયે વિમાનમાં 62 લોકો હતા. સીએનએનના અહેવાલ મુજબ, ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે વિમાને દુર્ઘટનાના દોઢ મિનિટ પહેલાં ઊંચાઈ ગુમાવી દીધી હતી. સ્થાનિક સમય અનુસાર બપોરે 1:21 વાગ્યા સુધીમાં પ્લેન 17 હજાર ફૂટની ઊંચાઈએ ઊડી રહ્યું હતું. એ માત્ર 10 સેકન્ડમાં અંદાજે 250 ફૂટ નીચે પડી ગયું. પછી લગભગ એક મિનિટમાં એ ઝડપથી નીચે ઊતરવા લાગ્યું - માત્ર એક મિનિટમાં લગભગ 17 હજાર ફૂટ નીચે પડ્યું અને આગ લાગી.

### રહેણાક વિસ્તારમાં પડ્યું, ઘણાં ઘરો સાથે અથડાયું

સીએનએન બ્રાઝિલના અહેવાલ મુજબ, નાગરિક સુરક્ષા વિભાગે કહ્યું છે કે વિમાન રહેણાક વિસ્તારમાં પડ્યું હતું. આ દરમિયાન તે ઘણાં ઘરો સાથે અથડાયું હતું. Voepass વિમાન કાસ્કેવેલથી રવાના થયું હતું અને સાઓ પાઉલો જઈ રહ્યું હતું. તેનું સિગ્નલ બ્રાઝિલના સમય મુજબ બપોરે 1:30 વાગ્યે ગાયબ થઈ ગયું. એરલાઇન Voepassએ જણાવ્યું હતું કે અકસ્માત કેવી રીતે થયો હતો અથવા પ્લેનમાં સવાર લોકોની વર્તમાન સ્થિતિ વિશે હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

### આશ્વાસનથી કામ નહીં ચાલે...

## SC / ST અનામતમાં ક્રિમી લેયર મુદ્દે માયાવતીનો મોદી સરકાર પર પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) વર્ગમાં ક્રિમી લેયર બનાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે બહુજન સમાજ પાર્ટી (BSP)ના પ્રમુખ માયાવતીએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન PM મોદી પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આશ્વાસન આપવાથી કામ નહીં ચાલે. કેન્દ્ર સરકારે સંસદ સત્ર બોલાવીને ક્રિમી લેયર મુદ્દે સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. ઉપરાંત કોંગ્રેસ, ભાજપ અને અપના દળની રાજ્ય સરકારોએ પણ આ મુદ્દે સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. આ દરમિયાન માયાવતીએ મોદી સરકાર પર સુપ્રીમ કોર્ટના ચુકાદાને યોગ્ય રીતે ન અનુસરવાનો આરોપ પણ કર્યો હતો.



### ક્રિમી લેયર અંગે માયાવતીએ શું કહ્યું?

બીએસપી પ્રમુખ માયાવતીએ 10 ઓગસ્ટે પાર્ટી કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે અનામત અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા વિશે વાત કરતા કહ્યું કે, સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો છે તેના પર કેન્દ્ર સરકારે પોતાની સ્થિતિ યોગ્ય રીતે સ્પષ્ટ કરી નથી.

### રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુ આવતા મહિને ભારત આવી શકે

## વિવાદ બાદ પહેલીવાર માલદીવ્સ પહોંચ્યા એસ. જયશંકર: મુસા ઝમીરને મળ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

વિદેશ મંત્રી એસ જયશંકર સત્તાવાર મુલાકાતે માલદીવ્સ પહોંચ્યા હતા. એરપોર્ટ પર વિદેશ મંત્રી મુસા ઝમીરે તેમનું સ્વાગત કર્યું હતું. જયશંકર 11 ઓગસ્ટ સુધી માલદીવ્સમાં રહેશે. અહેવાલો અનુસાર તેઓ રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુને મળી શકે છે. જયશંકરે શુક્રવારે રાત્રે માલદીવ્સનાં વિદેશ મંત્રી સાથે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું કે ભારત માટે 'પડોશી' પ્રાથમિકતા છે અને પાડોશમાં 'માલદીવ્સ' પ્રાથમિકતા છે. આ મુલાકાત બંને દેશોની સિદ્ધિઓની સમીક્ષા કરવા અને આવનારા વર્ષોમાં વધુ સારા સંબંધોની તૈયારી માટે છે.



### ઘર ખરીદવા ઈચ્છતા લોકો માટે ગુડ ન્યૂઝ

## ગરીબ-મધ્યમ વર્ગને આર્થિક સહાય આપવામાં આવશે

### આવાસ યોજના હેઠળ 3 કરોડ નવાં મકાન બનશે, SC/ST અનામતમાં ક્રીમી લેયર લાગુ થશે નહીં

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

કેન્દ્રીય કેબિનેટે) પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી 2.0 યોજનાને મંજૂરી આપી હતી. આ યોજના હેઠળ 3,60,000 કરોડના ખર્ચે ત્રણ કરોડ મકાન બનાવવામાં આવશે તેમજ 5 વર્ષમાં 1 લાખ શહેરી ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને આર્થિક સહાય આપવામાં આવશે. કનેક્ટિવિટી સુધારવા માટે આઠ રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું- SC/ST માટે અનામત બંધારણ મુજબ હોવું જોઈએ. બંધારણમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે ક્રીમી લેયરની કોઈ જોગવાઈ નથી.



### 8 રેલવે પ્રોજેક્ટ મંજૂર, 64 નવાં સ્ટેશનો બાંધવામાં આવશે

8 રેલવે પ્રોજેક્ટ્સ પર લગભગ 24,657 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. એ 2030-2031 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. નવા પ્રોજેક્ટ 7 રાજ્યના 14 જિલ્લાને આવરી લેશે. એમાં ઓડિશા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ, બિહાર, તેલંગાણા અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ સાથે 64 નવાં સ્ટેશન બનાવવામાં આવશે. આ 6 મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ (પૂર્વ સિંઘભુમ, ભદાદ્રિકોઠાગુડેમ, મલકાનગિરિ, કાલાહાંડી, નબરંગપુર, રાયગડા), 510 ગામ અને અંદાજે 40 લાખની વસતિને કનેક્ટિવિટી મળશે.

### 3 કરોડ નવાં મકાનો મંજૂર, 3,60,000 કરોડ રૂપિયા ખર્ચાશે

કેબિનેટે આવાસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી 2.0 યોજનાને મંજૂરી આપી છે. આ અંતર્ગત શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 3.60 લાખ કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ કરોડ નવાં મકાનો બનાવવામાં આવશે. કેબિનેટે પીએમ-આવાસ અર્બન 2.0 હેઠળ રૂ. 3,60,000 કરોડના 3 કરોડ નવા મકાનોને મંજૂરી આપી છે. 2 કરોડ ઘર ગ્રામીણ વિસ્તારોમાં અને 1 કરોડ ઘર શહેરી વિસ્તારોમાં હશે.

## ગાઝિયાબાદમાં બાંગ્લાદેશી હોવાનો દાવો કરીને ઝૂંપડપટ્ટીઓને હટાવી

(એજન્સી) ગાઝિયાબાદ । તા. 10

ગાઝિયાબાદમાં હિન્દુ રક્ષા દળના કાર્યકરોએ ઝૂંપડપટ્ટી પર હુમલો કર્યો હતો. ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને બાંગ્લાદેશીઓ કહીને લાકડીઓ લઈને તુટી પડ્યા હતા. તેમની ઝૂંપડીઓ હટાવવામાં આવી હતી અને તેમનો માલ-સામાન સળગાવી દીધો હતો. હિન્દુ રક્ષા દળના પ્રમુખ ભૂપેન્દ્ર ઉર્ફે પિંકી ચૌધરીએ ભાસ્કર સાથે વાત કરતા જણાવ્યું - કવિનગર વિસ્તારમાં એક ખેતરમાં 12-15 ઝૂંપડપટ્ટીઓ હતી. અમને ઘણા સમયથી ઈનપુટ મળી રહ્યા છે કે આમાં રહેતા લોકો બાંગ્લાદેશી છે. તેમણે કહ્યું- અમે બાંગ્લાદેશમાં હિન્દુ પરિવારો પર અત્યાચાર રોકવા માટે સરકારને 24 કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. અલ્ટીમેટમ છતાં બાંગ્લાદેશમાં અત્યાચાર ચાલુ રહ્યો. આ પછી અમારા કાર્યકરો શનિવારે બપોરે મેદાન પર પહોંચ્યા અને ઝૂંપડપટ્ટી હટાવીને લોકોને ભગાડ્યા હતા. સબ-ઈન્સ્પેક્ટર સંજીવ કુમારે મધુબન બાપુધામ પોલીસ સ્ટેશનમાં હિન્દુ રક્ષા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ પિંકી ચૌધરી સહિત 15-20 અજાણ્યા લોકો સામે કેસ નોંધાવ્યો હતો. FIRમાં ઈન્સ્પેક્ટરે કહ્યું- ગુલધર રેલવે સ્ટેશન પાસે ફ્રી હોલ્ડ કોલોનીની પાછળની ઝૂંપડપટ્ટીમાં લોકો રહે છે. પિંકી ચૌધરી અને તેના સાથીઓએ તેને બાંગ્લાદેશી હોવાનો આરોપ લગાવીને માર માર્યો હતો. 3-4 ઝૂંપડા તોડી નાખ્યા હતા.



હિન્દુ રક્ષા દળના કાર્યકરો લાકડીઓ લઈને તુટી પડ્યા, માલ-સામાનને આગ ચાંપી દીધી

## ગાઢવી ગામમાં બાઇક પરથી કાબૂ ગુમાવતા અકસ્માત : ઘટના સ્થળે બે યુવકોનાં મોત

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ગાઢવી (પાટવિહિર) ગામ ખાતે રહેતા યોગેશ ભીખુભાઈ ભોયે (ઉ. વ.19)પોતાના કબ્જાની યુનિકોર્ન મોટરસાયકલ રજી. નં.GJ -19-AE-2592 પર સવાર થઈને ગાઢવી ગામની સીમમાં ફાટક ચાર રસ્તા પાસે આહવા મહાલ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે પોતાના કબ્જાની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતા યોગેશભાઈએ મોટરસાયકલ પરથી કાબુ ગુમાવી દેતા રોડની બાજુમાં આવેલ મોટા પથ્થર સાથે મોટરસાયકલ અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં મોટરસાયકલ ચાલક યોગેશભાઈ ભીખુભાઈ ભોયે ઉ.19 તથા પાછળ બેસેલ અંકિત મહેશભાઈ ભોયે ઉ.16 રે પાટવિહિર ગાઢવીનાઓને શરીરનાં ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા બન્નેનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતુ.



## ઘરનું પાણી ઘરમાં રાખો જળ સંચય માટે સાવરકુંડલાનું ડેડકડી ગામ બનશે મોડેલ

(એજન્સી) સાવરકુંડલા । તા. 10



સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે સાવરકુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલીત લોકશાળાના સભાખંડમાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાની ઉપસ્થીતીમાં ગ્રામસભા મળી. આ સભામાં ડેડકડી ગામના ઘર-ઘરથી નાગરીકોએ હાજરી આપી "ઘરનું પાણી ઘરમાં ડેલા બહાર નહીં" નો સંકલ્પ લઇ આગામી સમયમાં ઘરે ઘરે રહેણાંક મકાનની પડતર જમીનમાં પાણીના સોસ કુવા બનાવી અગાસી, નેવાનું વહી જતુ વરસાદી પાણી જમીનમાં ઉતારવાનો અને ડેડકડી ગામને વરસાદી પાણી સંગ્રહમાં મોડેલ ગામ બનાવવાનો પણ ગામલોકોએ સામુહીક સંકલ્પ કરેલ છે. આ કામને સફળ બનાવવા માટે શ્રી સાવરકુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ કે જે સ્વાતંત્રય સેનાનીઓ અને પ્રથમ હરોળના રચનાત્મક આગેવાનો સ્વ.લલ્લુભાઈ શેઠ, સ્વ. અમુલખભાઈ ખીમાણી અને સ્વ. કેશુભાઈ ભાવસાર સ્થાપીત ટ્રસ્ટ છે. તેના વર્તમાન કાર્યવાહકો શ્રી મનુભાઈ ખીમાણી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી દિપકભાઈ શેઠ, શ્રી વિનુભાઈ રાવલે સ્વીકારેલ છે. ધારાસભ્યશ્રી અને ગ્રામજનો વચ્ચે સહયોગ કરી સેતુબની આ સંકલ્પને સિધ્ધ કરવાશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી રમેશભાઈ શ્યોરા અને શ્રી ભુપતભાઈ એ ખાત્રી આપેલ છે. "ઘરનું પાણી ઘરમાં" ઝુંબેશ માટેની આજની આ પ્રયોગરૂપ પ્રથમ ડેડકડી ગામની ગ્રામ સભામાં શ્રી દિપકભાઈ માલાણી-ચેરમેનશ્રી એ.પી.એમ.સી. સાવરકુંડલા, શ્રી જીવનભાઈ વેકરીયા-પ્રમુખશ્રી તાલુકા ભાજપ સાથે રહી શ્રી દિપકભાઈ માલાણીએ પોતાનો સંદેશો આપતા જણાવેલ છે કે ઘર-ફળીયાનું પાણી રોકવા માટે ધારાસભ્યશ્રીએ સામે ચાલીને કરેલ પહેલનું ઉદાહરણ આપી એક જવાબદાર ચુંટાયેલા જન પ્રતિનીધીની કામગીરીનો વ્યાપ કેવો અને કેટલો બહોળો હોવો જોઈએ.

## અરવલ્લી જિલ્લાની શાળાઓમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા : ધનસુરા

દેશમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી 'હર ઘર તિરંગા અભિયાન' દ્વારા થઈ રહી છે. દેશના નાગરિકો આ અભિયાન થકી પોતાનો દેશ પ્રેમ અને રાષ્ટ્રભક્તિ અલગ અલગ અંદાજમાં વ્યક્ત કરી રહ્યા છે. આવા જ એક આયોજન અંતર્ગત અરવલ્લી જિલ્લાની શાળાઓમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અરવલ્લી દ્વારા જિલ્લાની શાળાઓમાં ઉજવવામાં આવેલા આ કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.વિધાર્થીઓએ આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો.

## દાહોદ જિલ્લામાં રાષ્ટ્રધ્વજનું વિતરણ કરીને લોકોને અભિયાનમાં જોડાવા અનુરોધ

દિપક રાવલ : દાહોદ

રાજ્યમાં શરૂ થયેલા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લામાં પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ ,ધારાસભ્ય શ્રીઓ સહિત વરિષ્ઠ અધિકારીઓએ દાહોદમાં રાષ્ટ્રધ્વજનું વિતરણ કરીને લોકોને અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો. આ અભિયાન વધુ વેગવંતુ બને અને નાગરિકો સ્વયંભૂ તેમાં જોડાય તેવા શુભ આશયથી પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ ,ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરી,ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ ભાભોર,જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પોલીસ અધિક્ષકશ્રી ડો. રાજદીપસિંહ ઝાલા,નગર પાલિકા પ્રમુખ શ્રી નિરજ દેસાઈ સહિતના અધિકારીશ્રીઓએ દાહોદ તાલુકામાં વાહનચાલકોને રાષ્ટ્રધ્વજ આપીને દેશની આન, બાન અને શાનના પ્રતિક સમાન તિરંગાને પોતાના ઘર પર લહેરાવી રાષ્ટ્રભક્તિના મહાપર્વમાં જોડાવવા અપીલ કરી હતી.



## સાપુતારાના મોનસૂન ફેસ્ટિવલમાં ડોમ ખાલીખમ, કાર્યક્રમનો ફલોપ શો

### ધારાસભ્ય વિજય પટેલે મોન્સૂન ફેસ્ટિવલના આયોજકોને આડે હાથ લેતા ખળભળાટ

સુશીલ પવાર : ડાંગ




ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલ 2024માં ચીલાચાલુ કાર્યક્રમો યોજાતા કરોડો રૂપિયાના આંધણ બાદ પણ ફેસ્ટિવલનો ફિયાસ્કો થયો છે.ત્યારે ડાંગ ધારાસભ્ય અને દંડક વિજયભાઈ પટેલે આયોજકોને આડેહાથ લઈ સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરતા ડાંગી નૃત્ય સહીત રંગારંગ કાર્યક્રમો યોજવા માટેની સૂચનાઓ આપી.સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ 2024માં કાર્યક્રમો માટે યુવા સાંસ્કૃતિક વિભાગ ને જવાબદારી આપતા સતત એક મહિનો ચાલનારા ફેસ્ટિલમાં ચીલાચાલુ કાર્યક્રમોનું આયોજન થતા સ્થાનિકો સહીત પ્રવાસીઓમાં નારાજગી થતા કરોડોના ખર્ચે યોજાઈ રહેલ મોન્સૂન ફેસ્ટિવલનાં કાર્યક્રમો ફિક્કા રહેતા ફિયાસ્કો થયો હતો.સતત એક મહિનો ચાલનારા મોન્સૂન ફેસ્ટિવલ માં કાર્યક્રમોના સંચાલકો દ્વારા માત્ર શનિ રવિવારે મ્યુઝિકલ કાર્યક્રમોનું જ આયોજન થવા સાથે અધિકારીઓએ પોતાની વ્હાલા દવાલા એજન્સીઓને બોલાવી માલેગામ આદિવાસી નૃત્ય મંડળીઓની બાદબાકી કરાતા અખબારોમાં પર્દાફાશ થતા ઉચ્ચ કક્ષાએ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. જેમાં ગુજરાત વિધાનસભાનાં નાયબ દંડક કૌશિકભાઈ વેકેરીયા અને નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે શુક્રવારે મોન્સૂન ફેસ્ટિવલ કાર્યક્રમની સરપ્રાઈઝ વિઝીટ લેતા સંગીત ઓરકેસ્ટ્રા કાર્યક્રમમાં પ્રવાસીઓની પાંખી હાજરીથી ચોંકી ઉઠ્યા હતા. આ કાર્યક્રમ નિહાળ્યા બાદ યુવા સાંસ્કૃતિક વિભાગના dydo વિપુલભાઈ સાધુને દંડક વિજયભાઈ પટેલે મોન્સૂન ફેસ્ટિવલમાં સ્થાનિક કાર્યક્રમની બાદબાકી અને અખબારોનાં અહેવાલો અંગે ઠપકો આપતા આયજકોમાં દોડધામ મચી જવા પામી હતી.

## બગસરાના નવા પીપરીયા ગામે વન્યપ્રાણી દીપડાએ એક શ્વાનનો શિકાર કરી દેખા દેતા લોકોમાં ફફડાટ

અશોક મણવર : અમરેલી

અમરેલીના બગસરા તાલુકામાં ફરી વન્ય પ્રાણીએ દેખા દેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે ત્યારે બગસરા તાલુકાના નવા પીપરીયા ગામે પરસોતમભાઈ સુવાગીયાની વાડી વિસ્તારમાં અચાનક એક



દીપડો આવી ચડતા ગામ લોકોમાં ફફડાટ ફેલાયો આ અંગે ગામના સરપંચ પુનાભાઈ સતાણી દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી તેમને જણાવ્યું હતું કે હાલ છેલ્લા પાંચ છ દિવસથી આ વિસ્તારમાં એક દિપડાના આટા ફેરા હોય એક શ્વાનનો શિકાર કર્યો હોય ત્યારે ગામ લોકોને વાડી ખેતરે જવા આમ પણ ભય ફેલાયો હાલ ચોમાસુ વાવેતરની સિઝન હોય લોકોને અવાર નવાર વાડી ખેતરમાં જવા આવવાનું થતું.

## રાજપીપળા એસ.ટી. ડેપો ખાતે એસટી સ્ટાફ હર ઘર તિરંગા યાત્રામાં જોડાયો



ભરત શાહ : રાજપીપળા

સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં આજથી હર ઘર તિરંગા અભિયાન શરૂ થયું છે. ત્યારે નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપલા એસ.ટી. ડેપો ખાતે ડ્રાયવર અને કન્ડક્ટર અને અન્ય સ્ટાફ દ્વારા હાથમાં તિરંગો લઈને અભિયાનમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ તિરંગો ફક્ત એક ધ્વજ નથી, તે આપણા શૂરવીરોના બલિદાન અને એકતાનું પ્રતીક છે. આવો, આપણે દરેકના દિલમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી, તિરંગાને ગૌરવભેર લહેરાવીએ તેવી નેમ સાથે પોતાની ફરજ દરમિયાન કંડક્ટર મિત્રો દ્વારા મુસાફરોને પણ તિરંગાનું વિતરણ કરી આ અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

## ચાણસ્માના લણવા ગામે બંધ મકાનનું તાળુ તોડી ઘરની રૂમમાં સામાન અસ્તવ્યસ્ત કર્યો

નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ના લણવા ગામે કનોડીય પરા પાછળ આવેલ પ્રજાપતી ના મકાનમાં શુક્રવારે મોડી રાત્રી દરમિયાન અજાણ્યા શખ્સો દ્વારા ચોરી કર્યા ની ઘટના પ્રકાશ માં આવી છે, ઘટના અંગે વિગતે જોતાં લણવા ગામે કનોડીયા



પુરા ની પાછળ પ્રજાપતી મહોલ્લામાં પ્રતિક કુમાર પ્રજાપતી ધંધાર્થે કરછ માં રહેતા હોવાથી મકાન બંધ હોવા ના કારણે શુક્રવારે મોડી રાત્રે તસ્કરો એ મકાન ના મુખ્ય દરવાજા નું તાળું તોડી રૂમમાં રહેલ ગોદડાં અસ્તવ્યસ્ત કર્યા હતા તેમ જ બીજી રૂમ માં રહેલ પેટીઓ બેગો ના તાળા તોડી તેમાં રહેલ સામાન અસ્ત વસ્ત કર્યો હતો જેની જાણ પાડોશ માં રહેતા ભોગ બનનાર મકાનમાલિક ના નજીક ના પરિવાર ની મહિલા સવારે શૈચાલય જવા નિકળ્યા હતા તે સમયે તેમના ઘરની દિવાલ પર સાડી જોતા કંઈ'ક અજુગતુ બન્યા ની શંકા એ તેમના ના બંધ મકાન ના મુખ્ય દરવાજા નું તાળું તુટેલી હાલત માં જોતાં તેમના પરીવાર જનો ને બોલાવી ઘટનાની જાણ કરી હતી ચોરી ની ઘટના નોં ભોગ બનેલ પરીવાર કરછ માં રહેતો હોવાથી કેટલી ચોરી થઈ છે તે પરીવાર આવ્યા પછી જાણ થઈ શકે.

## વિશ્વ સિંહ દિવસ : સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્કમાં વધી રહી છે સિંહોની વસ્તી

ભરત શાહ : રાજપીપળા

ભારત સરકાર અને ગુજરાત સરકાર, દેશની આન-બાન અને શાન સમાન એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે સુદ્રઢ અને પ્રમાણિક પ્રયત્નો કરી રહ્યાં છે. આ પ્રયત્નોનું એક જવલંત ઉદાહરણ છે ગુજરાતના એકતા નગરનું સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક, જ્યાં લખાઈ રહી છે સિંહોના સંરક્ષણ અને સંવર્ધનની નોંધપાત્ર સફળતાની કહાણી. આ વિશ્વ સિંહ દિવસના અવસરે કઈ રીતે અહીંના પ્રાણી ઉદ્યાનમાં જંગલના રાજા સિંહ અને તેનું કુટુંબ ફૂલી ફાલી રહ્યું છે. આ પ્રતિષ્ઠિત પ્રાણી સંગ્રહાલય લુપ્તપ્રાય એશિયાટિક સિંહો માટે આશાની કિરણ બની



ગયું છે, જે આ અવિશ્વસનીય જીવોને ખીલવા માટે એક સલામત અને સંવર્ધક વાતાવરણ પુરું પાડે છે. છેલ્લાં બે વર્ષોમાં, આ ઉદ્યાનમાં માતા "શ્રધ્ધા"ના પાંચ સાવજોના જન્મ સાથે સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે ગુજરાત માટે ગર્વ અને હર્ષની વાત છે. ૨૦૨૨ માં "રેવા" ના આગમન અને તે પછી ૨૦૨૩ માં "ઈન્દ્ર", "વાણી", "તારા" અને "દેવી" ના આગમનથી માત્ર વસ્તીમાં વધારો નથી થયો, પરંતુ આ બાળસિંહોની નિર્દોષ મસ્તીને નિહાળી મુલાકાતીઓ અને કર્મચારિઓના ચહેરા પર પણ સ્મિત રેલાયું છે.

## 13 તારીખે અપાયેલું કેવડિયા બંધનું એલાન રાજકીય રોટલા શેકવા વિપક્ષ નું નાટક : સાંસદ મનસુખ વસાવા

ભરત શાહ : રાજપીળા

નર્મદા જિલ્લા ના એકતાનગર કેવડિયા ખાતે આદિવાસી મ્યુઝિયમ ના બાંધકામ સાઈડ પર બે આદિવાસી યુવાનો સંજય તડવી અને જયેશ તડવી બંનેની હત્યાને લઈને આમ આદમી પાર્ટીના નેતા ધારાસભ્ય ચૈતર વસાવા એ 13 મી ઓગષ્ટ મંગળવાર ના રોજ કેવડિયા SOU બંધ નું એલાન કરી રાજ્યભરના આદિવાસી સંગઠનો ને બોલાવી ભેગા કરવાની જાહેરાત કરી છે. ત્યારે આ બંધના એલાન ને વખોડી રાજ્યના આદિજાતિ મંત્રી કુબેર ડીંડોરે રાજકીય સ્ટન્ટ ગણાવ્યો અને બે આદિવાસી દીકરાઓ ના મોતનો મલાજો જાળવી સરકારી જાહેર કાર્યક્રમ કેવડિયા વિસ્તારમાં નહિ કરવા સૂચના આપી, જ્યારે આ બાબત ને સાંસદ મનસુખ વસાવા એ પણ આ બંધ ના એલાનને આમઆદમી પાર્ટીનું ચૈતર વસાવા નું રાજકીય રોટલો શેકવાં નું ષડયંત્ર ગણાવ્યું ને કહ્યું ભાઈ એટલી લાગણી હોય તો બેસણામાં આવી પ્રાર્થના કરો ક્યાં ટોળા ભેગા કરવાની જરૂર છે. કહી બંધના આંદોલન સામે રોષ વ્યક્ત કર્યો હતો. રાજ્યના ગૃહમંત્રી એ આ ઘટના ના આરોપીઓને નહિ બક્ષવા સીધો ફોન કરી પોલીસ ને સૂચના આપી હતી, બે આદિવાસી યુવાનો ની નિર્મમ હત્યા ની ઘટના બહુ દુ:ખદ છે.

## ચોક બજાર સ્થિત ઐતિહાસિક કિલ્લામાં સુરત મનપા દ્વારા ભારતના વિભાજન સંદર્ભે પ્રદર્શન યોજાશે



(એજન્સી) સુરત । તા. 10

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ચોક બજાર સ્થિત ઐતિહાસિક કિલ્લામાં ભારતના વિભાજન સંદર્ભે 'Exhibition on Partition Horrors' પ્રદર્શન યોજાશે. કિલ્લાની આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં ભારત સરકાર દ્વારા વિશેષ તૈયાર કરવામાં આવેલ ૧૪ ઓગસ્ટ-વિભાજન વિભીષિકા દિવસ પ્રદર્શનની પ્રિન્ટેડ પેનલ્સમાં વિભાજનના અલભ્ય ફોટોગ્રાફ્સ, તત્કાલીન અખબારોના સમાચારો, નકશા, રેકોર્ડ જેવા આર્કાઈવલ ડોક્યમેન્ટ્સ નિહાળી શકાશે. પ્રદર્શનમાં અખંડ ભારતના વિભાજન સમયે સામાન્ય પ્રજાજનોએ કરેલા સંઘર્ષ અને બલિદાનથી સુરતવાસીઓ અને ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓને અવગત કરાવવા આ પ્રદર્શન યોજાશે.

## સમઢીયાળા ગામે ગેરકાયદેસર લાકડાઓનું કટીંગ થતું હોવાની બાતમી ફોરેસ્ટ અને ઉપલેટા મામલતદાર ને થતાં ધરપકડ કરાઇ



વિજય રાડીયા : ઉપલેટા

ઉપલેટા તાલુકાના સમઢીયાળા ગામે ગેરકાયદેસર લાકડાઓ કટીંગ કરી કોઈપણ જાતના આધાર પુરાવા વિના મળી આવેલ હોવાથી જે ઈસમ શૈલેષ આંબાભાઈ સિંગલ રહેવાસી વાડોદર પાસેથી લાકડાઓ ગેરકાયદેસર રીતે મળી આવેલ છે તેમની પાસેથી તમામ લાકડાનો જથ્થો એક કટર એક મહેન્દ્રા બોલેરો અને એક જનરેટર સીઝ કરી ફોરેસ્ટ ઓફિસર ને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ જે જગ્યા ઉપર ગેરકાયદેસર લાકડાઓ મળી આવેલ છે તે જગ્યા ગૌચરની જમીન હોય તે માટે તાલુકા વિકાસ અધિકારી ઉપલેટાની ગૌચરની જમીનમાં કાર્યવાહી હાથ ધરવા અંગેની આગળની નિયમો અનુસારની કાર્યવાહી કરવા હાથ ધરાશે.

## રાજપીપળાના એક વ્યક્તિ વ્યાજના ચક્કરમાં ઘર છોડી જતા રહ્યા : પોલીસ તપાસ શરૂ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં વ્યાજ ના ચક્કર માં ઘણા લોકો ખોટું પગલું ભરતા જોવા મળે છે જેમાં હાલમાં પણ એક વ્યક્તિ વ્યાજ નહિ ભરી શકવાના કારણે ઘરે થી ક્યાંક ચાલ્યો જતા પોલીસ શોધી રહી છે. સૂત્રો માંથી જાણવા મળ્યા મુજબ રાજપીપળા માં રહેતા એક રાજસ્થાની પરિવાર ના વ્યક્તિ ને તેના મૃતક ભાઈ એ લીધેલા લગભગ ૩૦ લાખ રૂપિયા જેવી માતબર રકમ નું દેવું હોય જેમાં નાના ભાઈ તેનું વ્યાજ ભરતા આવ્યા હતા પરંતુ આ કારમી મોંઘવારી માં દર મહિને અંદાજે ૨૦ હજાર જેવું વ્યાજ ભરવું ભલભલા ને ભારે પડે છે તેમ છતાં ઘણા સમયથી નાના ભાઈ મોટા ભાઈ એ વ્યાજે લીધેલી માતબર રકમ નું વ્યાજ ભરતા હતા પરંતુ હવે તેમને પણ દેવું થઈ જતાં વ્યાજ ક્યાંથી લાવવું અને વ્યાજ નહિ આપે તો રકમ વધતી જાય કે વ્યાજે રૂપિયા આપનાર કદાચ ધમકી પણ આપી તેવા ડરે આખરે નાના ભાઈ રાજપીપળા પોતાના પરિવાર ને છોડી ને ક્યાંક ચાલ્યા જતા આ બાબત રાજપીપળા પોલીસ મથકે પહોંચતા પોલીસે નાશી ગયેલા વ્યક્તિ ના મોબાઈલ લોકેશન, સીસીટીવી ફૂટેજ સહિત ની બાબતે તપાસ શરૂ કરી છે.

## લુણાવાડા એસ.ટી. ડેપો ખાતે હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા વિતરણ કરવામાં આવ્યા



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

બસમાં મુસાફરી કરતા નાગરિકોને તિરંગાનું વિતરણ કરી "હર ઘર તિરંગા" અભિયાનમાં જોડાવા અપીલ.સમગ્ર રાજ્ય સહિત મહીસાગર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન શરૂ થયું છે. ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડા એસ.ટી. ડેપો ખાતે કર્મચારીઓ દ્વારા હાથમાં તિરંગો લઈને અભિયાનમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ તિરંગો ફક્ત એક ધ્વજ નથી, તે આપણા શૂરવીરોના બલિદાન અને એકતાનું પ્રતીક છે. આવો, આપણે દરેકના દિલમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી, તિરંગાને ગૌરવભેર લહેરાવીએ તેવી નેમ સાથે પોતાની ફરજ દરમિયાન કંડક્ટર મિત્રો દ્વારા મુસાફરોને પણ તિરંગાનું વિતરણ કરી આ અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

## સાવન પ્રદોષ વ્રતમાં કરો આ ઉપાય, સુખ-સંપત્તિમાં વધારો થશે

પ્રસિદ્ધ જ્યોતિષ આદિત્ય ઝા સાવન મહિનામાં સતત ખાસ ઉપાયો અને વાસ્તુ ટિપ્સ જણાવે છે, જેને અપનાવવાથી વ્યક્તિ દુ:ખ, ગરીબી અને હતાશામાંથી કાયમ માટે મુક્તિ મેળવી શકે છે. આજે જ્યોતિષ આદિત્ય ઝાએ સાવન પ્રદોષ વ્રત માટે મહત્વપૂર્ણ ઉપાયો આપ્યા છે, જેને કરવાથી તમે દરેક પ્રકારની સુખ અને સંપત્તિ મેળવી શકો છો.



આદિત્ય ઝા
જ્યોતિષ

શવન માસમાં પ્રદોષ વ્રતને શુભ મુહૂર્ત માનવામાં આવે છે. આ વ્રત ભગવાન શિવના ભક્તો દ્વારા મહિનામાં બે વાર કરવામાં આવે છે અને માનવામાં આવે છે કે તે વ્યક્તિને આધ્યાત્મિક જ્ઞાનના માર્ગે લઈ જાય છે અને અજ્ઞાન અને પાપોને દૂર કરે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે ઉપવાસ કરવાથી આરામ મળે છે અને નિ:સંતાન માતા-પિતાને પણ સંતાન પ્રાપ્ત થાય છે.

સમસ્યાઓમાંથી રાહત મળશે

ધાર્મિક ગ્રંથો અનુસાર, સાવન મહિનામાં શનિ પ્રદોષનો ભક્તોના જીવન પર ઘણો પ્રભાવ પડે છે. જો આ સમય દરમિયાન ભગવાન શિવની પૂજા કરવામાં આવે તો તેઓ ભક્તિથી પ્રસન્ન થઈને સુખ, સમૃદ્ધિ અને ધનના આશીર્વાદ આપે છે.

શનિ પ્રદોષ વ્રત 17 ઓગસ્ટ, શનિવારે મનાવવામાં આવશે. આ દિવસે ભગવાન શિવને ગંગા જળ અર્પણ કરવું લાભકારી માનવામાં આવે છે. આ સિવાય શિવ ચાલીસા અથવા મહામૃત્યુંજય મંત્રનો જાપ કરતી વખતે કાળા તલને ગંગા જળમાં મિક્સ કરીને ભગવાન શિવને અર્પણ કરી શકાય છે. વ્યક્તિને શનિના પ્રભાવથી થતી સમસ્યાઓથી રાહત મળશે. જે લોકોને શનિ મહાદશા, સાદેસતી દોષ અથવા ધૈયા દોષ હોય તેઓ પણ તેનાથી રાહત મેળવી શકે છે. આ દિવસે દાન કરવાનું વિશેષ મહત્વ છે. જરૂરિયાતમંદ લોકોએ કાળા અથવા વાદળી રંગના કપડા અથવા ખાવાની વસ્તુઓનું દાન કરવું જોઈએ.

નકારાત્મક અસરોથી રાહત મળશે

શનિ પ્રદોષનું વ્રત કરવાથી શનિદેવના નકારાત્મક પ્રભાવથી છૂટકારો મેળવી શકાય છે. ભગવાન શિવની પૂજા અને જાપ કરવાથી શનિદેવની અસરથી બચી શકાય છે. સામાન્ય રીતે આ દિવસે વ્યક્તિએ સાત્વિક આહાર લેવો જોઈએ, જેનો અર્થ છે કે આ દિવસે વ્યક્તિએ માંસાહારી ખોરાક અને દારૂનો ત્યાગ કરવો જોઈએ.

## નખત્રાણાના યુવા ચિત્રકારે બનાવ્યું મોરની પીંછી પર હનુમાનજી મહારાજનું ચિત્ર



નખત્રાણા નગરના જાણીતાં ચિત્રકાર જય મહેશભાઈ સોનીએ મોરની પીંછી પર હનુમાનજી મહારાજનું અદ્ભુત પેઈન્ટિંગ બનાવી વાહ વાહ મેળવી છે. જયએ નાની ઉંમરમાં ચિત્ર કળાનો શોખ કેળવી અત્યાર સુધીમાં અનેક નામાંકિત વ્યક્તિઓનાં પોટ્રેટ તેમજ સ્કેચો બનાવ્યા છે. ચિત્ર તેમજ એમ્બોઝ આર્ટમાં ગજબની માસ્ટરી ધરાવતા જયએ અગાઉ રાષ્ટ્રિય, રાજ્ય તેમજ જિલ્લા કક્ષાની અનેક ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ અનેક એવોર્ડ તેમજ સર્ટિફિકેટ મેળવ્યા છે. મોર પીંછી પર તેમનાં ચિત્રની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી રહી છે.

## ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં યુવા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું



રાકેશ મહેતા : ધનસુરા

ધી ડી.પી.સી.બી.એલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના આઈ.ક્યુ.એ.સી અને કોમર્સ-અર્થશાસ્ત્ર વિભાગ અને અરવલ્લી જીલ્લા સહકારી સંઘ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, (અમદાવાદ), દ્વારા કોલેજ મા સહકારી શિક્ષણ તાલીમ વર્ગનુ આયોજન કરવા મા આવ્યુ હતુ. આ તાલિમ વર્ગ મા ૩૫ વિદ્યાર્થી ભાઈ બહેનો એ ભાગ લીધો હતો. તાલીમ ની શરૂઆત કોલેજના આચાર્યશ્રી ડૉ.પી.સી.બ્રહ્મભટ્ટ દ્વારા કરાવવામા આવી હતી. આ તાલીમ ના ભાગરૂપે તાલીમાર્થી વિદ્યાર્થીઓ એ એપીએમસી, ધનસુરાની મુલાકાત કરાવવામા આવી હતી, ત્યા તાલિમાર્થીઓ એપી એમ સીની કામગીરી થી વાકેફ થયા હતા. આ તાલિમ, અરવલ્લી જીલ્લા સહકારી સંઘના માસ્ટર ટ્રેઈનર શ્રી સુરેશભાઈ પટેલ અને શ્રી જે બી પટેલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને સહકારી તાલીમ આપવામા આવી હતી.

ઉત્તર મધ્ય રેલવે

ટેન્ડર નોટિસ નં. 13/2024/RS/JHS તારીખ:07.08.2024

ઈ-ટેન્ડર નોટિસ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (રોલિંગ સ્ટોક) નોર્થ સેન્ટ્રલ રેલ્વે, ઝાંસીએ નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

ટેન્ડર નં. JHS-RS-WC-T3-2024-25-RTI

વર્ણન : એનર્જી મેનેજમેન્ટ સિસ્ટમનું પ્રમાણપત્ર (EnMS) ISO:50001:2018અને ISO-9001:2015 સમાવિષ્ટ ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ (IMS)નું પુનઃપ્રમાણ; ISO:14001:2015 અને ISO:45001:2018 થી ઈલેક્ટ્રિક લોકો શેડ ઉત્તર મધ્ય રેલવે ઝાંસીને 3 વર્ષના સમયગાળા માટે.

| ટેન્ડર મૂલ્ય | બાના રકમ | LOA જારી થયાની તારીખથી પૂર્ણ થવાની અવધિ: 32 મહિના |
|---|---|---|
| રૂ. 123416.00 | રૂ. 2500.00 | |

ટેન્ડર નં. JHS-RS-WC-T8-2024-25

વર્ણન : ELS/JHS ના અગાઉના PU પેઈન્ટેડ ઈલેક્ટ્રિક એન્જિનનું PU પેઈન્ટિંગ.

| ટેન્ડર મૂલ્ય - | બાના રકમ - | LOA જારી કર્યાની તારીખથી પૂર્ણ થવાનો સમયગાળો: 24 મહિના |
|---|---|---|
| રૂ. 4920840. 00 | રૂ. 98400. 00 | |

ટેન્ડરની અંતિમ તારીખ:02.09.2024 • ટેન્ડરર 02.09.2024(15:00 કલાક) સુધી ટેન્ડર ઑનલાઈન સબમિટ કરશે. સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિશન માટે ભારતીય રેલવેની વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 1416/24 (AS)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR

ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, ડિવિઝનલ રેલ્વે મેનેજર/વર્કસ/ઝાંસીએ નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

ઈ-ટેન્ડર સૂચના નંબર :- ઝાંસી-ઈન્જી-ઈ-2024-161

કામનું નામ:- 02 વર્ષ માટે ADEN/મહોબા અધિકારક્ષેત્ર હેઠળના વિભાગમાં વિવિધ P.Vay કાર્ય.

| અંદાજીત ખર્ચ રૂ :- 9817198.00 | અનામત રકમ :- 196400.00 |
|---|---|

ટેન્ડર બંધ થવાની તારીખ :- 03-09-2024 એ 15:00 કલાક

સ્વીકૃતિ પત્ર મળ્યા થી કાર્ય સમાપન સમયગાળો/અવધિ તારીખ :- 24 મહિના

ઈ-ટેન્ડર સૂચના નંબર :- ઝાંસી-ઈન્જી-ઈ-2024-162

કામનું નામ:- ADEN/Banda અધિકારક્ષેત્ર હેઠળ ઘાટમપુર સ્ટેશનના હાલના FOB પર રેમ્પની જોગવાઈ.

| અંદાજીત ખર્ચ રૂ :- 15673221.00 | અનામત રકમ :- 228400.00 |
|---|---|

ટેન્ડર બંધ થવાની તારીખ :- 02-09-2024 એ 15:00 કલાક

સ્વીકૃતિ પત્ર મળ્યા થી કાર્ય સમાપન સમયગાળો/અવધિ તારીખ :- 06 મહિના

• ઈ-ટેન્ડર સૂચના નંબર :- ઝાંસી-ઈન્જી-ઈ-2024-161 તારીખ 03-09-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઈન જમા કરી શકાશે . • ઈ-ટેન્ડર સૂચના નંબર :- ઝાંસી-ઈન્જી-ઈ-2024-162 તારીખ 02-09-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઈન જમા કરી શકાશે . • પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુતિ કરવા માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ . 1415/24(ADM)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વોડદરામાં ભૂવા તો ઠીક, આ તો આખેઆખો રોડ જ બેસી ગયો...!



## 2 ઇંચ વરસાદમાં સ્લેબ ધરાશાયી, 250થી વધુ મકાનોના રહીશોમાં ફફડાટ; વડોદરામાં તંત્રની પોલ ખોલતો વધુ એક બનાવ

વડોદરા | વડોદરા શહેરમાં ગત મોડી રાત્રે એક કલાક ધોધમર વરસેલા બે ઇંચ જેટલા વરસાદે સમગ્ર વડોદરા શહેરમાં પાણી પાણી કરી દીધું હતું. વડોદરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી રોડ રસ્તા પર ખાડા અને ભુવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે હવે શહેરના ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં વરસાદી કાસનો સ્લેબ ધરાશાહી થયો હોવાની ઘટના સામે આવી છે, ત્યારે આસપાસના રહીશોમાં ફફડાટ ફેલાયો છે.
વડોદરા શહેરમાં અવાર નવાર રોડ રસ્તા પર ખાડા અને વિશાળ ભુવા પડવાનો સિલસિલો યથાવત છે, પરંતુ ગત મોડી રાત્રે વરસેલા ભારે વરસાદે વધુ એક પાલીકાની નબળી કામગીરીની પોલ ખોલી નાખી છે. વિશાળ સ્લેબ બેસી જવાથી સ્થાનિકો મુશ્કેલીમાં મૂકાયા છે. અહીંયા આસપાસ 250થી વધૂ મકાનો આવેલા છે, ત્યારે જો ફરી અચાનક વરસાદ આવશે તો આ લોકોની હાલત કફોડી થશે. હાલમાં શહેના પૂર્વ વિસ્તારના કોર્પોરેટરો, ધારાસભ્યો અને હોદ્દેદારો ખાનગી વૈભવી હોટલમાં મિટિંગોમાં વ્યસ્ત છે, ત્યારે શહેરના નાગરિકોની ચિંતા કોણ કરશે તે સૌથી મોટો સવાલ છે. વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલા શિવ બંગ્લોઝમાં વરસાદી કાંસનો સ્લેબ ધરાશાહી થતા નાગરિકો ચિંતામાં મુકાયા છે. હાલમાં કોન્ટ્રાકટરની હલકી ગુણવત્તાની કામગીરી સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યાં છે. આ સ્લેબ બેસી જવાથી નાગરિકો માટે જોખમ ઉભુ થયુ છે. સદ નસીબે આ ઘટના સમયે કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે. પરંતુ હવે વધુ વરસાદ આવે તે પૂર્વે જ જો કામગીરી થાય તો સ્થાનિક રહીશોના ઘરમાં પાણી ફરી વળતા અટકી શકે છે.
આ અંગે સ્થાનિક નીતિનભાઈ જાણકારીએ જણાવ્યું હતું કે, આ વરસાદી કાંસ તૂટી પડતા ખૂબ જ ચિંતા વ્યક્ત કરીએ છીએ. આ બાબતે કોર્પોરેટરોને જાણ કરી અને તેની કામગીરી બાબતે વાતચીત કરી છે. જે રીતે સ્લેબ પડી ગયો છે તે બાબત ખુબ જ ગંભીર છે. આવનારા દિવસોમાં પરિણામ ખરાબ આવી શકે છે. આ કાંસ કોન્ક્રીટ અને મજબૂતાઈથી બનાવે તો તંત્ર પર ભરોસો રહે નહીં તો આ જ રીતે જોખમ ઊભું થતું રહેશે અને તંત્ર પરથી ભરોસો ઉઠી જશે. આ બધા જ મકાનોની સેફટી માટે ત્વરિત કામગીરી થાય તેવી અમારી માગ છે.

**ન્યૂઝ કોર્નર**

### બોટાદના શખ્સની પાસા એક્ટ હેઠળ અટકાયત કરાઇ

બોટાદ |બોટાદના શહેરનાં ચકલાગેટ વિસ્તારમાં રહેતો માથાભારે શખ્સ મારામારીના અનેક ગુનાઓમાં સંડોવાયેલો હતો. જેથી તેને પાસા એક્ટનો હુકમ કરાતા બોટાદ એલસીબી પોલીસે શહેરનાં માથાભારે શખ્સની અટકાયત કરીને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કરી કડક કાર્યવાહી હાથ ધરી હતી. બોટાદ શહેર અને જિલ્લામાં પોલીસ એક્શન મોડમાં આવી છે. ક્રાઈમ તેમજ દારૂ સહિતનાં નશીલા પદાર્થોનું વેચાણ કરતા શખ્સો સામે બોટાદ જિલ્લા પોલીસ વડાએ દંડો ઉગામવી આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરનાં માથાભારે શખ્સને પાસા કરવામાં આવ્યા છે. બોટાદ શહેરનાં ચકલાગેટ વિસ્તારમાં રહેતા કિશોરભાઈ ઉર્ફે ગડો વિનુભાઈ જતાપરા જે શહેરમાં મારામારીના અનેક ગુનાઓમાં સંડોવાયેલો હતો.

### સુરતમાં ઘરની સામે જ પાર્ક કરેલા બુલેટ બે ચોરે ચોર કરી ફરાર થયાં

સુરત | સુરતમાં રાત્રિ દરમિયાન ચોરીની ઘટનાઓના કિસ્સાઓ સતત સામે આવતા રહે છે. ત્યારે સુરતના વરાછા વિસ્તારમાં રોયલ એનફિલ્ડ બુલેટની ચોરીની ઘટના સામે આવી છે. બે ચોર દ્વારા રાત્રિના દરમિયાન આ બુલેટની ચોરી કરે છે, પણ બુલેટનો અવાજ આવે એ માટે ચાલુ ન કરી તેને બીજી બાઈકથી ધક્કો મારીને લઈ જતા સીસીટીવીમાં પણ કેદ થઈ ગયા છે. બુલેટના માલિક દ્વારા વરછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સીસીટીવી આધારે વધુ તપાસ હાથ કરી છે. વરાછા વિસ્તારમાં આવેલા લંબે હનુમાન રોડ પર આવેલી સપના સોસાયટીમાં 33 વર્ષીય કેતનભાઈ લાઠીયા પરિવાર સાથે રહે છે. ઈલેક્ટ્રિકની દુકાન ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત 7 ઓગસ્ટના રોજ રાત્રે એક વાગ્યે આસપાસ મંદિરે દર્શન કરીને પરત ફર્યો અને પોતાની બુલેટ બાઈકને ઘરની સામે પાર્ક કરી હતી. રાત્રે દોઢ વાગ્યે આસપાસ નજર કરતાં બુલેટ ઘર સામે જ પડી હતી.

## રોડ વચ્ચે અડિંગો જમાવી બેઠેલાં ઢોરો પર ટ્રિપલ સવારી બાઇક ચડી ગઇ, રાજુલાની હચમચાવી દેતી ઘટના...

# બાઇકસવાર ઊછળીને 10 ફૂટ દૂર પટકાયા...

અમરેલી | રાજ્યભરમાં રખડતાં ઢોરોનો ત્રાસ દિવસે ને દિવસે વધતો જાય છે. રખડતાં ઢોરોના ત્રાસના લીધે ઘણા લોકોને જીવ પણ ગુમાવવો પડે છે. ત્યારે અમરેલીના રાજુલામાંથી હચમચાવી દેતા સીસીટીવી સામે આવ્યા છે, જેમાં રસ્તા વચ્ચે અડિંગો જમાવીને બેઠેલાં પશુઓ પર ટ્રિપલ સવારી બાઇક ચડી જતાં બાઇકસવાર ત્રણેય યુવક ઊછળીને 10 ફૂટ દૂર પટકાયા હતા. અમરેલી જિલ્લામાં રખડતાં ઢોરોનો ત્રાસ દિવસે ને દિવસે વધતો જાય છે. હજી પાંચ દિવસ અગાઉ જ અમરેલીના ધારીમાં બાખડી રહેલા આખલાઓએ ડોક્ટરને કચડ્યા હતા, જે ઘટના પણ સીસીટીવીમાં કેદ થઈ હતી. તો 4 ઓગસ્ટના રોજ રાજુલામાં થયેલા અકસ્માતના પણ હવે સીસીટીવી સામે આવ્યા છે, જેમાં ટ્રિપલ સવારી બાઈક પશુઓ પર ચડી ગઈ હોવાનું જોવા મળે છે.
આ સીસીટીવી અંગે મળતી માહિતી મુજબ રાજુલા શહેરના જાફરાબાદ રોડ ઉપર ગત 4 તારીખે મોડી રાત્રે જાહેર માર્ગ ઉપર અડિંગો જમાવીને રખડતાં પશુઓ બેઠા હતા. ત્યારે પૂરઝડપે આવતા ટ્રિપલ સવારી બાઈકચાલકને પશુઓ ન દેખાતાં બાઈક ઉપર ચડી ગઈ હતી, જેમાં ત્રણેય બાઈકસવારો બાઈક ઉપરથી ઊછળીને રીતસર 10 ફૂટ જેટલા દૂર પટકાયા હતા, જેના કારણે ત્રણેય યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતાં સ્થાનિકોએ હોસ્પિટલ ખસેડ્યા હતા. 4 ઓગસ્ટની આ ઘટનાના સીસીટીવી હવે સામે આવ્યા છે. રખડતાં ઢોરના આતંકથી જાણે ગુજરાતના કોઈ શહેર બાકાત નથી. નાના ગામથી લઈ મેટ્રો શહેરના લોકો રખડતાં ઢોરની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. રખડતાં ઢોર રાહદારીઓ માટે ક્યારેક જીવલેણ પણ સાબિત થતાં હોય છે. હજી પાંચ દિવસ અગાઉ જ અમરેલીના ધારીમાંથી આખલાના આતંકનો એક વીડિયો સામે આવ્યો હતો. ધારી શહેરમાં રસ્તા પરથી પસાર ટૂ-વ્હીલર લઈ પસાર થઈ રહેલા ડોકટરને આખલાઓએ અડફેટે લઈ કચડતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રસ્તા પર આખલાઓના આતંકને કારણે અન્ય લોકોમાં નાસભાગ મચી હતી.



### આખલાએ અડફેટે લેતાં ઈજાગ્રસ્ત

ધારીના મુખ્ય ગેટ નજીક બાખડી રહેલા આખલાઓએ અડફેટે લેતાં તુષાર પટેલ નામના ડોકટર ઈજાગ્રસ્ત થયા હતા. ધારીના વાત્સલ્ય નામના દવાખાનામાં ફરજ બજાવતા ડો. તુષાર પટેલ પોતાનું ટૂ-વ્હીલર લઈ મુખ્ય ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જ રસ્તા પર દોડીને આવેલા બે આખલાએ તેમના ટૂ-વ્હીલરને ટક્કર મારતાં તેઓ જમીન પર પટકાયા હતા. ત્યાર બાદ આખલાઓ તબીબને કચડીને ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ડોકટરને માથાના અને મોઢાના ભાગે ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. કચ્છના ભચાઉમાં થોડા સમય પહેલાં આખલાઓના આતંકનો વીડિયો વાઈરલ થયો હતો, જેમાં એક મેડિકલ સ્ટોરમાં કર્મચારીઓ હાજર હતા ત્યારે જ રસ્તા પર બાખડતા આખલાઓ સ્ટોરની અંદર ઘૂસી આવતાં કર્મચારીઓમાં નાસભાગ મચી હતી.

**ધારીના મુખ્ય ગેટ પાસેનો બનાવ** | અમરેલીના ધારીમાં રસ્તાઓ પર અડિંગો જમાવી બેસેલા આખલાઓ બાખડતાં એક ટૂ-વ્હીલર ચાલકને અડફેટે લીધા હતા, જ્યારે અન્ય એક મોટરસાઈકલ ચાલક માંડ માંડ બચ્યા હતા અને જીવ બચાવી ભાગ્યા હતા. તો રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને રાહદારીઓમાં પણ આખલા યુદ્ધના કારણે નાસભાગ મચી હતી. મોરબી તાલુકાના મકનસરમાં એક વર્ષ પહેલાં આખલાઓનો આતંક જોવા મળ્યો હતો. મોરબીના મકનસર ગામમાં શેરીમાં પસાર થઈ રહેલા વૃદ્ધને આખલાઓએ ફૂટબોલની માફક ફંગોળ્યા હતા.

### વિસનગરમાં બાઈકને અડફેટે લેતાં ત્રણ ઘાયલ

એક વર્ષ પહેલાં વિસનગરમાં આખલાના આતંકના સીસીટીવી સામે આવ્યા હતા, જેમાં પાલડી ચોકડી પર વડનગર તરફ જતા રોડ પર બાઈકને તોફાને ચડેલા આખલાએ અડફેટે લેતાં બાઈકસવાર દંપતી સહિત પુત્રને ઈજાઓ પહોંચતાં ત્રણેયને તાત્કાલિક 108 મારફત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જેમાં બાઈકચાલકને અડફેટે લેતાં લોકોનાં ટોળાં ઊમટી પડ્યાં હતાં, જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.





## પાટણના ભેમોસણમાં કરંટ લાગતા દોઢ વર્ષના માસૂમનું મોત

(એજન્સી) પાટણ | તા. 10

પાટણના ભેમોસણ ખાતે રહેતા ઠાકોર પરિવાર ના દોઢ વર્ષ ના બાળક નું ઈલેક્ટ્રીક કરંટ થી કરુણ મોત નીપજ્યું હોવાની ઘટના સર્જાવા પામી છે. તો આકસ્મિક બનેલા આ બનાવને પગલે પરિવારજનોમાં ઘેરા શોકની કાલિમા છવાઈ જવા પામી હતી. આ ઘટનાની બનતી હકીકત મુજબ પાટણના ભેમોસણ ગામે રહેતા અભેસંગજી ઠાકોર ની પત્ની પોતાના ઘરમાં નાવા બેઠી હતી અને તેમનો દોઢ વર્ષ નો માસુમ દીકરો મિતેષ ઘરની બહાર રમતો હતો તે દરમ્યાન રમતા રમતા તે ઘરની બાજુમાં આવેલ પાણી ના હોજ (ટાંકી) પાસે પહોંચ્યો હતો અને હોજ પર મુકેલી ઈલેક્ટ્રીક પાણી ની મોટરના ચાલુ વીજ વાયરને માસુમ બાળકે પકડી લેતા તેને જોર થી કરંટ લાગતા બાળક ત્યાં ને ત્યાં આ ઢળી પડ્યું હતું. આ બનાવને નાવા બેઠેલ માસુમ બાળકની માતા જોઈ જતા તેણીએ બુમા બુમ કરતા આજુબાજુ માથી પડોશીઓ દોડી આવ્યા હતા અને ઢળી પડેલા બાળકને તાત્કાલિક સારવાર માટે પાટણની ખાનગી હોસ્પિટલ માં લાવવામાં આવેલ જ્યાં ફરજ પરના બાળક ને મૃત જાહેર કરતા પરિવારજનોમાં આકસ્મિક બનેલા બનાવને પગલે ઘેરા શોકની કાલિમા છવાઈ જવા પામી હતી.

## કાર ભાડે આપતા પહેલાં ચેતી જજો:વડોદરાના શખસે કાર ભાડે આપનાર સાથે 59 લાખની છેતરપિંડી આચરી

(એજન્સી) વડોદરા | તા. 10

વડોદરા સહીત સમગ્ર રાજ્યમાં કાર ભાડે લઈ પછી અન્ય વ્યકિતને ગીરવે આપી મૂળ માલિકને ભાડુ કે કાર પરત ન કરી છેતરપિંડી આચરવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે વધુ એક ફરિયાદ ડીસીબી પોલીસ મથકમાં નોંધાઈ છે. જેમાં ભાવનગરના વ્યક્તિ સાથે રૂપિયા 59 લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.
આ અંગે મૂળ ભાવનગરના અને કાર ભાડે આપવાનો વ્યવસાય કરતાં જીગ્નેશ ભુપતભાઈ ચાવડાએ ડીસીબી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર અગાઉ સાગરભાઈ ડાંગર (રહે. નેસડા તા. શીહોર જિ. ભાવનગર) સાથે ઈગલ કાર નામથી વાઘોડિયાના આમોદર ખાતે પ્રાઈમ પ્લાઝા કોમ્પ્લેક્સમાં ગાડી ભાડે આપવાનો ધંધો કરતો હતો. હું કાર ભાડે આપવાનો ધંધો કરૂ છું, જેથી વડોદરામાં કાર ભાડે આપવાનો ધંધો કરતા હોય તેવા ઘણા માણસોને ઓળખું છું. તે પૈકી વડોદરાના હાથીખાના ખાતે રહેતા ઐયાઝ ઈકબાલ પરમાર પણ ગાડી ભાડે આપવાનો ધંધો કરતા હતા. મારે અને મારા ભાગીદાર સાગરને તેમની સાથે ધંધાકીય ઓળખાણ થઈ હતી. બાદમાં એકાદ વર્ષ પહેલાં ઐયાઝ પરમારે મકરપુરા ડેરી ખાતે ભોજ ગામના વસીમ નોબારાને મળી તેઓનો પરિચય કરાવ્યો હતો. તે વખતે વસીમ નોબારાએ પોતે કાર લે-વેચ, ગીરવી આપ-લે તથા ભાડે આપવાનો ધંધો કરતો હોવાની વિગતો જણાવી અને હાલમાં અમદાવાદ-ધોલેરા એરપોર્ટનું કામ ચાલુ છે. ત્યાં તેણે ઘણી ગાડીઓ ભાડે આપી છે અને બીજી ગાડી આપવાની છે. તેમ જણાવી સાગરને તેનો મોબાઈલ નંબર આપી ગાડી ભાડે આપવી હોય તો વાત કરવા કહ્યું હતું.
મેં અને મિત્રએ અંદરો અંદર ચર્ચા કરી અમે વસીમ નોભારાને એક મહિના માટે ગાડીઓ ભાડે આપવાનું શરૂ કર્યુ હતું. શરુઆતમાં તે મારી ગાડીઓનું રેગ્યુલર ભાડુ આપી દેતો હતો.

**વર્ના કાર સાથે કુલ ચાર ગાડી ભાડે આપી હતી** | 2023માં મારી માલિકીની હ્યુન્ડાઈ વર્ના કાર સાથે અન્ય મળી કુલ ચાર કાર અલગ અલગ ભાડુ નક્કી કરી ભાડે આપી હતી. આ વસીમ સ્કોર્પીઓ ગાડી પરત આપી ગયો હતો જેનું અઢી માસનું ભાડુ બાકી હતું. ત્યાર બાદ થોડા જ દિવસમાં વસીમ નોબારા વડોદરા શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ચીટિંગના ગુનામાં પકડાઈ ગયો હતો. ત્યાર બાદ એક મહિના પછી મારા સાઢુભાઈની ગાડી એક વ્યક્તિએ રાજકોટ ખાતે લગભગ સપ્ટેમ્બર 2023માં પરત આપી અને જણાવ્યું કે તેણે ગાડી વસીમ પાસેથી ગીરવે રાખી હતી અને તે તેની રીતે વસીમ પાસેથી રુપિયા લઈ લેશે તેમ જણાવી સાગરને ગાડી પરત આપી હતી.

**બ્રેકિંગ ન્યૂઝ**

### વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક તાલુકાઓમાં ધીમીધારે મેઘ મહેર

બનાસકાંઠા | બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયા વાતાવરણ વચ્ચે જિલ્લાના કેટલાક વિસ્તારમાં વહેલી સવારથી ઝરમર ઝરમર વરસાદના ઝાપટા પડ્યા છે. જેમાં છેલ્લા ચોવીસ કલાકમાં વડગામ, કાંકરેજ, દાંતા સહીત અનેક વિસ્તારમા વરસાદ નોંધાયો છે. જેને પગલે ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી છે. બનાસકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેને પગલે આજે વહેલી સવારથી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ ઝરમર ઝરમર વરસાદના ઝાપટા પડી રહ્યા છે.

### વૃદ્ધાના હાથમાંથી સોનાની બંગડીની થેલી ઝુંટવી બાઇક સવાર ફરાર

વલસાડ | વલસાડ જિલ્લાના ઉમરગામ શહેરમાં રહેતા વૃદ્ધા ઘર પાસે ક્રિષ્ના સિગ્નેચર મોલ પાસે ઉભેલી શાકભાજીની લારીમાં મીઠી લીમડી લેવા ગયા હતા. તે દરમ્યાન 2 અજાણ્યા યુવકોએ પોલીસ તરીકેની ઓળખ આપી વૃદ્ધાએ પહેરેલા ઘરેણાં ઉતારી તેમની થેલીમાં મુકવા જણાવ્યું હતું. વૃદ્ધાને વાતોમાં ભોળવી યુવકોએ વૃદ્ધા ના હાથમાં રહેલી સોનાની બંગડીની થેલી છીનવી બાઇક ઉપર આરોપીઓ ફરાર થયા હતા. વૃદ્ધાના હાથમાંથી સોનાની બંગડી વાળી થેલી લઈ જતા વૃદ્ધાએ બુમાબુમ કરતા સ્થાનિક લોકો વૃદ્ધાની મદદે દોડી આવ્યા હતા.

## મહેસાણાના ખેરવામાં ચાર શખ્સોએ યુવતીને માર મારી કપડાં ફાડી નાખ્યા


(એજન્સી) મહેસાણા | તા. 10

મહેસાણા તાલુકામાં આવેલા ખેરવા ગામે મામાના ઘરે રહેતી યુવતીને નજીવી બાબતે જૂની અદાવતનો ખાર રાખી ગામમાં રહેતા અને સમાજના જ ચાર લોકોએ કપડા ફાડી વાળ ખેંચી લાફા મારી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે.સમગ્ર કેસમાં મહેસાણા તાલુકા પોલીસે હુમલો કરનાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે.
મહેસાણા તાલુકામાં આવેલા ખેરવા ગામે મામાના ત્યાં રહેતી 24 વર્ષીય યુવતીએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે. દોઢ વર્ષ અગાઉ ગામમાં રહેતા અનિલ રાવળે મહેસાણામા આવેલ એક શેર બજારની ઓફિસમાં નોકરી લગાડી હતી. ત્યારબાદ અનિલ રાવળને સેર બજારની ઓફિસના શેઠ સાથે માથાકૂટ થતા અનિલ નોકરી છોડી મૂકી હતી.જેથી અનિલ પોતાને પણ નોકરી છોડી દેવા દબાણ કરતો જોકે તેણે નોકરી ન છોડતા પોતે ગામમાં કોઈ જોડ વાત કરે તોય અનિલ રાવળ ઈર્ષા કરતો હતો અને માથાકૂટ કરતો હતો.
7 ઓગસ્ટ સવારે અગિયાર કલાકે ફરિયાદી યુવતી પોતાના ઘરે હતી એ દરમિયાન ગામમાં રહેતા રાવળ બીપીન અમરતભાઈ યુવતીના ઘર સામે રહેતા એક બહેનના ઘરે આવી બોલતા હતા કે 'આ યુવતીને તમે ઘરે કેમ બોલાવો છો એને નહિ બોલાવવાની' આમ કહી ફરિયાદી યુવતીમાં ઘર સામે આવી બોલચાલી કરતા હતાં.આ દરમિયાન ફરિયાદી યુવતીની દાદી આવીને બીપીનને કહ્યું કે 'આ યુવતીએ તમારું શુ બગડ્યું છે' એમ કહેતા વૃદ્ધ દાદી ને ધક્કો મારી પાડી દીધા હતા. બાદમાં બીપીન રાવળે ફોન કરી પોતાના ભાઈ અનિલ રાવળ, લક્ષ્મણ રાવળ અને આનંદ રાવળને બોલાવી ફરિયાદી યુવતી સાથે માથાકૂટ કરી બોલચાલી કરી ગાળો બોલવા લાગ્યા હતાં.આ દરમિયાન ફરિયાદી અને તેના મામી એ ગાળો બોલવાની ના પાડતા રાવળ બીપીને ફરિયાદી યુવતીને ગાલ પર લાફા માર્યા હતાં.

## વડોદરામાં મહેફિલની આબરૂ અખંડ:271 સામે દારૂનો કેસ, 129નો રિપોર્ટ પોઝિટિવ હતો, કોર્ટમાં તમામ નિર્દોષ

(એજન્સી) વડોદરા | તા. 10

ઉદ્યોગપતિઓ,વેપારી, તબીબો, મહિલાઓ સહિત માલેતુજારો નશાની હાલતમાં પકડાયાં હતાં શહેર નજીક સેવાસી-અંપાડ ખાતે અખંડ ફાર્મ હાઉસમાં વર્ષ 2016માં ઉદ્યોગપતિની પૌત્રીના લગ્ન પ્રસંગે યોજાયેલી દારૂની મહેફિલમાં પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાંથી જાણીતા ઉદ્યોગપતિઓ, વકીલો, વેપારીઓ અને મહિલાઓ સહિત 271 માલેતુજારો પકડાયાં હતાં. જેમાં 129 લોકોનો દારૂ પીધેલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. 8 વર્ષ બાદ કોર્ટના ચુકાદામાં તમામનો નિર્દોષ છુટકારો થયો હતો. અલબત્ત, પોલીસ કાયદાકીય સલાહ લીધા બાદ અપીલમાં જવા અંગે નિર્ણય કરશે.
અખંડ ફાર્મમાં 22 ડિસેમ્બર, 2016ના રોજ ટ્રાન્સફોર્મ કંપનીના માલિક જીતેન્દ્ર શાહની પૌત્રીના લગ્ન પ્રસંગ



નિમિત્તે પાર્ટી યોજાઈ હતી. જેમાં વડોદરા સહિત રાજ્યના માલેતુજારો દારૂની મોજ માણી રહ્યા હોવાની બાતમી જિલ્લા પોલીસને મળી હતી. જિલ્લા પોલીસે મહેફિલ પર દરોડો પાડી ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વકીલો, ડોક્ટર સહિત કુલ 271 મોટાં માથાઓને ઝડપી પાડ્યાં હતાં. જેમાં વડોદરાની જાણીતી અને પેજ થ્રી મહિલાઓનો પણ સમાવેશ થયો હતો.
પોલીસે આ કેસમાં ઝડપાયેલા પુરુષો અને મહિલાઓના બ્લડ ટેસ્ટ લઇ એફએસએલમાં મોકલ્યાં હતાં. જેમાં 97 મહિલા તેમજ 83 પુરુષો મળી કુલ 180 વ્યક્તિના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. પરિણામે તેમને એ સમયે જ કેસમાંથી બાકાત કરાયાં હતાં, જ્યારે 79 પુરુષ, 50 સ્ત્રી મળી કુલ 129 વ્યક્તિનો રિપોર્ટ દારૂ પીધેલા હોવાનો પોઝિટિવ આવ્યો હતો. તેઓની સામે જિલ્લા એલસીબી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ હતી અને તેમની સામે ચાર્જશીટ કરવામાં આવી હતી. રાજ્ય સૌથી મોટા કેસમાં પોલીસે યોગ્ય કાર્યવાહી નહીં કરી હોવાથી અને લોહીમાં દારૂની તપાસ કરનાર એસએસજી હોસ્પિટલના તત્કાલીન ડોક્ટરની ગંભીર બેદરકારીને કારણે યોગ્ય પુરાવાઓ રેકોર્ડ પર રજૂ નહીં થતાં કોર્ટે તમામ 129 આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

# મંદિર અને જવેલર્સની દુકાનોમાં ચોરીને અંજામ આપતી તસ્કર ટોળકીની ધરપકડ

(એજન્સી) ભાવનગર | તા.10

ભાવનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મંદિર અને જવેલર્સની દુકાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપતી તસ્કર ટોળકીને એલસીબીની ટીમે ભરતનગર ચોકડથી તરસમિયા તરફ જતાં રોડ પરથી એલસીબીએ ઉઠાવી લીધી હતી. ઝડપાયેલા શખ્સો પાસેથી રોકડ, ચાંદીના દાગીના, બાઈક મળી ૧.૫૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની ભરતનગર ચોકડીથી તરસમિયા રોડ પર આવેલ રામદેવપીર બાપાના મંદિર પાસે ચાર શખ્સ હોન્ડા સાઈન બાઈક નં.જીજે.૦૪.ડીકે.૯૯૭૫માં સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ લઈને શંકાસ્પદ હાલતમાં ઉભા હોવાની ચોક્કસ બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દોડી જઈ વિક્રમ મથુરભાઈ કંટારીયા (ઉ.વ.૪૬, રહે, હાલ ધરમશીભાઈ ધાપાના મકાનની બાજુમાં, શીતળા માતાના મંદિર પાસે, ઘોઘારોડ, મુળ સુરકા, તા.ઘોઘા), સુમરીયાસીંગ ઉર્ફે નાનકો કાપસીંગ સુરસીંગ બામનિયા (ઉ.વ.૨૧), કાપસીંગ સુરસીંગ બામનિયા (ઉ.વ.૫૫) અને મદન બીલામસીંગ બામનિયા (ઉ.વ.૧૯, રહે, બહેડિયા, તા.જોબટ, જિ.અલી રાજપુર, રાજ્ય મધ્યપ્રદેશ, હાલ દીલિપભાઈ કોન્ટ્રાક્ટરની સાઈટમાં, સુભાષનગર, પંચવટી ચોક) નામના શખ્સોને ઉઠાવી લઈ આગવીઢબે પૂછતાછ કરતા ચારેય શખ્સ પોલીસ સમક્ષ પોપટની જેમ બોલવા લાગ્યા હતા.

## ન્યુઝ ફ્લેશ

### ખંભાતના કાણીસા ચોકડી પાસે અકસ્માતમાં મહિલાનું મોત

આણંદ : આણંદ જિલ્લાના ખંભાત તાલુકાની કાણીસા ચોકડી નજીક ગત બુધવારના રોજ પુરપાટ ઝડપે જઈ રહેલી એક મહીન્દ્ર પીકઅપ ગાડીએ એક મોટરસાયકલને ટક્કર મારતા મોટરસાયકલ ઉપર સવાર એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગતરોજ સારવાર દરમ્યાન તેણીનું કરૂણ મોત નીપજતા ખંભાત ગ્રામ્ય પોલીસે પીકઅપ ગાડીના ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રહેતા કિશનભાઈ ચુનારા પત્ની પારૂલબેન તથા ચાર માસની દિકરી માનવીને લઈને દાદા સસરાની ખબર કાઢી વટાદરાથી સાંજના સુમારે મોટરસાયકલ ઉપર સવાર થઈ કોડવા મોટી માતાના દર્શન કરવા જવા નીકળ્યા હતા.

### સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર આરોપીને 20 વર્ષની સખત કેદ

ગાંધીનગર : ગાંધીનગર સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટ દ્વારા પોક્સોના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસની મળતી વિગતો પ્રમાણે મૂળ બનાસકાંઠાના ભાભર તાલુકાના તેરવાડા ગામના અને વિસનગર ખાતે સવાલા ગામમાં રહેતા યુવાન નિતેશજી બળવંતજી ઠાકોર દ્વારા ત્રણ વર્ષ અગાઉ માણસા તાલુકાના આજોલ ગામમાં રહેતી સગીરાને સગીરાને લલચાવી ફોસલાવીને તેનું અપહરણ કરી ગયો હતો ત્યારબાદ અલગ અલગ સ્થળોએ તેને લઈને તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. જે સંદર્ભે માણસા પોલીસ મથકમાં યુવાન સામે પોક્સો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### દેશમાં ચાંદીપુરાના કુલ 61 કેસ, જેમાં 59 ગુજરાતના

ગાંધીનગર : ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી સ્થિતિ હવે નિયંત્રણમાં આવી રહ્યું હોવાનું ચિત્ર ભલે રજૂ કરવામાં આવતું હોય, પરંતુ વાસ્તવિક સ્થિતિ હજુ ચિંતાજનક છે. ગુજરાતમાં ચાંદીપુરાના કુલ 59 કેસ નોંધાયા છે અને તેમાંથી 27 બાળકોના ચાંદીપુરાથી મૃત્યુ થયા હોવાનું સરકારે જ સ્વીકાર્યું છે. આ સ્થિતિએ ચાંદીપુરાથી મૃત્યુદર ચિંતાજનક 50 ટકા જેટલો છે. મળતી માહિતી અનુસાર, છઠ્ઠી ઑગસ્ટ સુધી ચાંદીપુરા વાયરસના સૌથી વધુ કેસ 1થી 5ના વર્ષ બાળકોમાં જોવા મળ્યા છે. 1થી 5 વર્ષના 33 બાળકો ચાંદીપુરાથી સંક્રમિત થયા હતા અને તેમાંથી 12 બાળકોના મૃત્યુ થયા છે. આ ઉપરાંત 6થી 10ની વર્ષના 9 બાળકોને ચાંદીપુરા ભરખી ગયો છે. સમગ્ર દેશમાં ચાંદીપુરાના કુલ 61 કેસ નોંધાયા છે. જેમાંથી 59 કેસ માત્ર ગુજરાતમાં જ્યારે બે કેસ રાજસ્થાનમાં નોંધાયા હોવાની સરકારે લોકસભામાં કબૂલાત કરેલી છે.

### ભાવનગર જિલ્લાની 1613 શાળાના 3.96 લાખ વિદ્યાર્થીઓ કાર્યક્રમનો હિસ્સો બનશે

# પાછલા 5 વર્ષમાં સિંહની વસતીમાં 28.87 ટકાનો નોંધપાત્ર વધારો થયો

(એજન્સી) ભાવનગર | તા.10



એશિયાટીક સિંહ વિશ્વના પ્રવાસીને આકર્ષે છે. સિંહના સંરક્ષણ અને સંવર્ધન એ સાસણ ગીરના પાયામાં છે જેની જાગૃતિ માટે ૧૦ ઓગસ્ટે સિંહ દિવસ ઉજવાય છે. એક તારણ મુજબ દર પાંચ વર્ષે થતી સિંહની વસ્તી ગણતરીમાં ૨૮.૮૭ ટકાનો વધારો થાય છે. સિંહ દિવસની ઉજવણીમાં જિલ્લાની ૧૬૧૩ શાળાના ૩.૯૬ લાખ વિદ્યાર્થી આ કાર્યક્રમમાં ભાગ લેશે.સમગ્ર વિશ્વમાં ગુજરાત એશિયાટિક સિંહ માટે સુખ્યાત છે. સાસણગીર સમગ્ર વિશ્વના પ્રવાસીઓને આકર્ષે છે તેની પાછળનું તેનું કારણ સિંહ છે. તેના સંરક્ષણ અને સંવર્ધન કર્યું છે તે તેના પાયામાં છે. સાસણ વાઈલ્ડ લાઈફ ડીવીઝનના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતના ૧૧ જિલ્લાઓમાં સિંહ દિવસની ઉજવણી થશે. શિક્ષણ વિભાગ અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે અને રાજ્ય સરકારના સંનિષ્ઠ પ્રયાસોથી આ ઉત્સવ જન જન સુધી પહોંચ્યો છે.

ભાવનગર જિલ્લાના સિંહ દિવસ સંયોજક તખુભાઈ સાંડસુરે એક વાતચીતમાં જણાવ્યું કે, ગુજરાતમાં ૨૦૧૬થી દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે આ નવમો સિંહ દિવસ છે. ઉતરોતર તેની ઉજવણીમાં વધુને વધુ શિક્ષણ સંસ્થાઓ, લોકો જોડાઈ રહ્યાં છે. સિંહના મોહરા પહેરીને નીકળતાં બાળકોને પણ એક અનન્ય જુસ્સો તેના ચહેરા ઉપર છવાઈ જાય છે. ૧૦ મી ઓગસ્ટના રોજ ભાવનગર જિલ્લાની કુલ ૧૬૧૩ શાળાઓના ૩,૯૬,૨૫૬ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનો હિસ્સો બનશે. ભાવનગર જિલ્લામાં સને ૨૦૨૦માં થયેલી ગણતરી મુજબ દરિયા કિનારે ૧૭ અને બીજા અન્ય ભાગમાં ૫૬ મળીને કુલ ૭૬ સિંહોનો વટવાટ છે. જો કે અમરેલી જિલ્લાના લીલીયાને અડીને આવેલાં ગારીયાધાર તાલુકામાં પણ આ સિંહો વધુ માત્રામાં વસવાટ કરી રહ્યાં છે. ગુજરાતમાં સિંહની વસ્તી સને ૧૯૯૦માં ૨૮૪ હતી જે ૨૦૨૦ની ગણતરીમાં વધીને ૬૭૪ થઈ છે. દર પાંચ વર્ષે થતી વસ્તી ગણતરીમાં ૨૮.૮૭ ટકાનો વધારો સિંહની વસ્તીમાં નોંધાયો છે. જે એક સંતોષજનક કહી શકાય તેવી ઘટના છે.

# શહેરના મીણબત્તી સર્કલ નજીક કાર અડફેટે યુવાનનું કરૂણ મોત

(એજન્સી) ભાવનગર | તા. 10

શહેરના મીણબત્તી સર્કલ નજીકથી પસાર થઈ રહેલા એક બાઈકચાલક યુવાનને કારની અડફેટે ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા તેનું ટૂંકી સારવારમાં જ મૃત્યુ થયું હતું. કરૂણ ઘટનાની મળતી વિગત અનુસાર શહેરના કાળુભા રોડ, ડો.લાલશંકરની ચાલી, માધવ જ્યોતની બાજુમાં રહેતા હાર્દિકભાઈ બળવંતભાઈ ડાભી (ઉ.વ.૩૮) આજે શુક્રવારે સવારના સમયે નિત્યક્રમ મુજબ તેમનું બાઈક નં.જીજે.૦૪.બીએન.૫૮૫૮નું લઈ જવેલર્સ સર્કલ, આર.કે. પોઈન્ટમાં આવેલ મંથક કેબલ નેટવર્ક નામની ઓફિસે જવા નીકળ્યા હતા. ત્યારે સવારે ૯-૩૦ કલાકે મીણબત્તી સર્કલથી જવેલર્સ સર્કલ વચ્ચે જોગર્સ પાકના પહેલા ગેટ પાસે પહોંચતા પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલ કાર નં. જીજે.૧૪.બીડી.૭૪૫૬ના ચાલકે બાઈક સાથે અકસ્માત સર્જતા હાર્દિકભાઈ ડાભીને પગના પંજા, ટચલી આંગણી, પેટ અને માથાના ભાગે ગંભીર ઈજા અને મોઢામાંથી લોહી નીકળી જવાથી ગંભીર હાલતમાં સર ટી.હોસ્પિટલના એસઆઈસીયુ વોર્ડમાં દાખલ કરાયા હતા.

### ચીફ ઓફિસરની જગ્યા બે વર્ષથી ખાલી

# રાજુલામાં વર્ષોથી અણઉકેલ પ્રશ્નોના કાયમી ઉકેલની શહેરીજનો રાહમાં

(એજન્સી) રાજુલા | તા. 10

ધણી ધોરી વિનાનું ગણાવાઈ રહેલુ રાજુલા શહેર લાંબા સમયથી અનેક પડતર પ્રશ્નોથી પીડાઈ રહ્યું છે. આજકાલથી નહીં ઘણા વર્ષોથી રાજુલા શહેરના વિકાસમાં કોઈ અધિકારી, પદાધિકારી, મોટા રાજકારણીએ કે ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ જરા પણ રસ લીધો નથી.જેના કારણે વર્ષોથી રાજુલા શહેરમાં વિકાસના નામે મસમોટુ શુન્ય છે. જે હકિકત જાગૃત નાગરીકોમાં ટીકાને પાત્ર બનેલ છે.

રાજુલા શહેરમાં આજની તારીખે સમ ખાવા પૂરતો એક પણ સારો બગીચો નથી, શહેરમાં નિયમિત પાણી મળતું નથી,અનેક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોય છે,જ્યા સ્ટ્રીટ લાઈટ ચાલુ હોય ત્યાં ૨૪ કલાક સતત ચાલુ રહે છે. શહેરના અનેક સોસાયટી વિસ્તારોમાં સિમેન્ટ કોંક્રીંટના રોડ થયા છે.

જેમાં એક પણ રોડ એવો નથી કે જેને સારો કરી શકાય. શહેર અને સોસાયટીઓમાં રસ્તા માટે પંચવર્ષીય યોજનામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ રસ્તા અને રોડ રીપેર માટે આવે છે. પણ તે ગ્રાન્ટમાંથી ૭૦ ટકા રકમ વપરાય અને ૩૦ ટકા કોન્ટ્રાક્ટર, અધિકારી, પદાધિકારીઓ અને વહિવટી ખર્ચમાં વપરાય જાય છે. આથી તમામ રોડ રસ્તાઓ સારા થઈ શકે પણ રાજુલામાં એવું જોવા મળતું નથી.જે ગ્રાન્ટ આવે છે તેમાંથી માત્ર ૩૦ ટકા વપરાય છે અને ૭૦ ટકા સ્વાહા થઈ જતી જોવા મળે છે તેમ લોકમુખે ચર્ચાઈ રહેલ છે.

દર વર્ષે કરોડો રૂપિયાની રસ્તા માટેની ગ્રાન્ટ આવે છે, વપરાય છે પણ ત્રણથી છ મહિનામાં તમામ રોડ રસ્તા તૂટીને ભુક્કો થઈ જાય છે આથી આ કેવું કામ થયું હશે તે ચર્ચાસ્પદ બનેલ છે. ભૂગર્ભ ગટર માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવી હતી અને વપરાઈ પણ ગઈ હતી તેમ છતાં કોઈ સોસાયટી કે ગામતળમાં ભૂગર્ભ ગટરના પ્રશ્ને લોકો ત્રાહિમામ ન પોકાર્યા હોય એવી એક ગલી કે સોસાયટી નથી.

રાજુલા શહેરની મધ્યમાં આવેલા એક મોટા તળાવના બ્યુટીફિકેશન માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ આવેલી છે જે બે વર્ષથી પડી છે. રસ્તા રીપેરીંગ માટે પણ કરોડો રૂપિયાની ગ્રાન્ટ પડી છે.પણ ચીફ ઓફિસરની જગ્યા છેલ્લા બે વર્ષથી ખાલી હોવાથી વહિવટદારને તો બિલકુલ રસ જ ન હોય તેવું લોકોમાં ચર્ચાઈ રહેલ છે.



# 32 કરોડ ટેક્સ વસુલવાનો બાકી 80 થી વધુ મિલકતોને સીલ કરાઇ

(એજન્સી) આણંદ | તા.10

આણંદ નગરપાલિકાની હદમાં ૬૬ હજાર મકાનો અને ૨૪ હજાર કોમર્શીયલ મિલકતો મળી ૯૦ હજાર જેટલી મિલકતો આવેલી છે. મોટાભાગના મિલકતધારકો દ્વારા સમયસર વેરો ભરપાઈ કરવામાં ન આવતા અત્યારે પાલિકામાં રૂ.૩૨.૧૯ કરોડનો વેરો વસુલવાનો બાકી છે. જેને લઈ પાલિકા દ્વારા પાંચ હજારથી વધુ મિલકતધારકોને નોટિસ ફટકારી છે. તેમજ ૮૦થી વધુ મિલકતોને સીલ મારવામાં આવ્યા છે. આણંદ નગરપાલિકાના વેરા વિભાગના અધિકારી પરેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩-૨૪ના રૂ.૧૪.૬૧ કરોડ ટેક્સની વસુલાત બાકી હતી, જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ના રૂ. ૨૪.૪૮ કરોડ ટેક્સની વસુલાત બાકી હતી. જે પૈકી એપ્રિલ ૨૦૨૪ પછી અત્યારસુધીમાં રૂ.૬.૯ કરોડની વસુલાત કરવામાં આવતા હાલમાં રૂ. ૩૨.૧૯ કરોડનો ટેક્સ વસુલવાનો બાકી છે. બાકી વેરાની વસુલાત માટે પાલિકાના વેરા વિભાગ દ્વારા જૂન, જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કુલ ૫,૦૦૦ મિલકતધારકોને નોટિસ ફટકારવામાં આવી છે.



# ઉમરેઠ શહેરમાં શુક્રવારે ઝાડા-ઉલટીનાં વધુ 23 કેસ નોંધાયા

(એજન્સી) આણંદ | તા.10

ઉમરેઠ શહેરમાં કાજીવાડ અને ખાટકીવાડ વિસ્તાર સહિત આજુબાજુના પાંચ કિલોમીટર વિસ્તારને મહિના સુધી કોલેરાગ્રસ્ત જાહેર કરી દેવાયા બાદ આરોગ્ય તંત્રએ ઉમરેઠમાં ધામા નાખ્યા છે. ત્યારે બીજી તરફ છ દિવસમાં ઉમરેઠ શહેરમાં ઝાડા- ઉલટીના રોગચાળાના કુલ ૩૫૫ કેસો સરકારી ચોપડે નોંધાઈ ચૂક્યા છે. ત્યારે શુક્રવારે ઝાડા- ઉલટીના વધુ ૨૩ દર્દીઓ મળ્યા છે. ત્યારે હવે જઈને આરોગ્ય વિભાગે પાલિકા તંત્રને પાણીની લાઈનમાં લીકેજ રિપેર કરવા સૂચના આપી છે. ઉમરેઠમાં છ દિવસથી રોગચાળો ફેલાયેલો છે. ઉમરેઠમાં કોલેરાગ્રસ્ત વિસ્તારો ખાટકીવાડ અને કાજીવાડ સહિતના વિસ્તારોમાં શુક્રવારે આરોગ્ય વિભાગની ૧૬ ટીમોને ઉતારાઈ હતી. બીજી તરફ છેક હવે જઈને આરોગ્ય વિભાગે પાણીની લાઈનનું રિપેરિંગ કરવા માટે ઉમરેઠ પાલિકાને સૂચના આપી છે. શુક્રવારે ઉમરેઠ શહેરમાં ઝાડા- ઉલટીના નવા ૨૩ કેસ મળવા હતા. જેમાંથી ૧૦ દર્દીને સ્થળ પર જ સારવાર અપાઈ હતી.



# વૃદ્ધ દંપતીની થેલીને બ્લેડ મારી 1 લાખની રોકડ ગઠિયો લઇ ગયો

(એજન્સી) કપડવંજ | તા.10

કપડવંજમાં રિક્ષામાં બેંકમાંથી એક લાખ રૂપિયા થેલીમાં લઈને આવતા વૃદ્ધ દંપતીની થેલીને બ્લેડથી ચીરો મારી તમામ રોકડ લઈ અજાણ્યો ગઠિયો પલાયન થઈ ગયો હતો. આ ઘટના અંગે બેંકના સીટીટીવી પોલીસે તપાસ્યા હતા જ્યારે શહેરમાં સીસીટીવી બંધ જણાયા હતા. સમગ્ર ઘટના અંગે વૃદ્ધ દંપતીના દીકરાએ ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. કપડવંજ ખાતે નવદીપ સોસાયટીમાં રહેતા વૃદ્ધ દંપતી માનાભાઈ માયાવંશી અને કંકુબેન માનાભાઈએ સવારે ૧૧ વાગ્યે રીક્ષામાં બેસી ઘરેથી ગ્રામિણ વિકાસ બેંકમાં જઈને ૫૦,૦૦૦ ઉપાડયા હતા. ત્યારબાદ ગાંધી બાવલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી બીજા ૫૦,૦૦૦ ઉપાડયા હતા. બાદમાં વૃદ્ધે પત્નીને રૂપિયા ભરેલી થેલી આપી એસબીઆઈ બેંકના એટીએમમાં પાસબુક ભરાવીને બેંકની નજીક રીક્ષામાં મેડિકલ સ્ટોર્સમાં દવા ખરીદતી વખતે પત્નીને અચાનક તેમની થેલીમાં વજન ઓછું થયાનું જણાયું હતું. ત્યારે થેલી જોતા તેના ઉપર બ્લેડ વડે ચીરો માર્યો હોવાનું માલુમ પડયું હતું.



# વલ્લભીપુરના સરકારી દવાખાનમાં દવાઓનો જથ્થો નથી, દર્દીઓ હેરાન

(એજન્સી) વલ્લભીપુર | તા.10

વલ્લભીપુર સરકારી દવાખાનાની વ્યવસ્થા હાલ કથળતી જતી હોવાથી દર્દીઓને ભારે હેરાનગતિ ભોગવવી પડતી હોવાની રજૂઆત કરવામાં આવી છે. વલ્લભીપુરના જાગૃત નાગરિક જાડેજા ગણપતસિંહ દ્વારા જિલ્લા કલેક્ટર વગેરેને કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું હતું કે, હાલ આ દવાખાનામાં ખાસ લાંબા સમયથી અમુક અમુક દવાઓનો જથ્થો નથી. જેના કારણે દર્દીઓને બહાર મેડિકલમાંથી દવાઓ લેવાની ફરજ પડી રહી છે. ગરીબ દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ હાલ અમુક કેસમાં દર્દીઓની સામાન્ય સ્થિતિ હોય તો પણ ભાવનગર અથવા અન્ય સ્થળે કેસ રીફર કરી દેતા હોય છે. આ દવાખાનામાં હાલની સ્થિતિમાં દર્દીઓને કોઈ જવાબદાર અધિકારી અથવા સ્ટાફગણ તરફથી યોગ્ય સંતોષકારક જવાબ પણ મળતો નથી. ત્યારે સરકારી દવાખાનાની સમસ્યા ઉકેલવા બાબતે લેખિત રજૂઆત કરેલ છે.

### પ્રતિબધિત પ્લાસ્ટીક પકડવા કર્મચારીઓને દોડતા કર્યા

# બે વર્ષમાં પ્રતિબધિત પ્લાસ્ટીક અને ગંદકીના પ્રશ્ને રૂ. 75.76 લાખનો દંડ વસુલ્યો

(એજન્સી) ભાવનગર | તા.10

સરકારી તંત્ર ધારે તો સારી કામગીરી થઈ શકે છે અને લોકો પાસે નિયમનુ પાલન કરાવી શકે છે પરંતુ સરકારી તંત્રમાં આવુ ભાગ્યે જ થતુ હોય છે. ભાવનગર મહાપાલિકામાં અત્યાર સુધી ઘણા કમિશનર આવ્યા છે પરંતુ કેટલાક કમિશનરે લોકહિતમાં સારી કામગીરી કરી છે તેથી તેની નોંધ લેવાતી હોય છે, આવુ જ ભાવનગર મહાપાલિકામાં જોવા મળ્યુ હતું. મહાપાલિકાના કમિશનર ઉપાધ્યાયએ બે વર્ષમાં ગેરકાયદે દબાણ હટાવવા, પ્રતિબંધીત પ્લાસ્ટીક પકડવા સહિતની કામગીરી માટે કર્મચારીઓને દોડતા કર્યા હતા, જેના પગલે ઘણા દબાણ દૂર થયા હતા અને કરોડો રૂપીયાની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. મહાપાલિકાએ લાખો રૂપીયાનો દંડ વસુલ્યો હતો. ભાવનગર મહાપાલિકાના કમિશનર ઉપાધ્યાયની સૂચના અનુસાર છેલ્લા બે વર્ષમાં એસ્ટેટ વિભાગ, ટાઉન પ્લાનિંગ વિભાગ, ટાઉન ડેવલોપમેન્ટ વિભાગ, સોલિડ વેસ્ટ વિભાગે કરેલ કામગીરીની માહિતી જાહેર કરવામાં આવી છે, જેમાં એસ્ટેટ વિભાગે રહેણાંકી અને બીન રહેણાંકી મળી કુલ ૨૪,૮૭૬ ગેરકાયદે દબાણ દૂર કરવામાં આવ્યા હતા અને રૂ. ૨૯.૪૦ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬,૫૮૧ ચો.મી જમીન ખુલ્લી કરવામાં આવી હતી, જેની અંદાજીત કીંમત રૂ. ૩૫૬૭૮૨૦૦૦ થાય છે. ટાઉન પ્લાનિંગ વિભાગે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૪૭૮૩ ચો.મી જમીન ખુલ્લી કરાવી હતી, જેની અંદાજીત રકમ રૂ. ૯૬૩૧૫૦૦૦ થાય છે. ટાઉન ડેવલોપમેન્ટ વિભાગે ૩૨૮૭૨ ચો.મી જમીન ખુલ્લી કરાવી હતી.

### કચ્છ બોર્ડર રેન્જ સાયબર ક્રાઇમ ભુજ વિભાગની ટીમનો વધુ એક સપાટો

# મહાદેવ એપથી ચાલતા ક્રિકેટ સટ્ટામાં ઓનલાઇન જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

(એજન્સી) ભુજ | તા.10

તાજેતરમાં બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ ભુજ વિભાગની ટીમએ મહાદેવ એપથી ચાલતા ક્રિકેટ સટ્ટાના મુખ્ય સુત્રધાર ભરત ચૌધરીને પકડીને ૫,૨૧૫ કરોડનો આથક વ્યવહારનો પર્દાફાશ કર્યો હતો. હવે દુબઈથી સંચાલિત ક્રિકેટ સટ્ટાકાંડમાં રાધનપુરથી વધુ એક શખ્સને ઝડપી પાડયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ પાટણના રાધનપુર ખાતે શારદા સોસાયટીમાં રહેતા સાગર દયાળભાઈ લાલવાણી નામના યુવકને પકડી પાડીને વધુ એક દુબઈથી ચાલતા સટ્ટાકાંડને ખુલ્લો પાડયો છે. આરોપી દુબઈથી ચાલતા ક્રિકેટ સટ્ટાના નેટવર્કમાં ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર કરવા રાધનપુર ખાતેથી અલગ અલગ ૨૧ વ્યક્તિઓના બેન્કના ખાતા ખોલાવી આપી તેનું ભાડુ આપીને તેમની પાસેથી બેન્ક એકાઉન્ટ કીટ તથા બેન્ક સાથે લીંક સીમ કાર્ડ દુબઇ ખાતેથી ચલાવવામાં આવતા ક્રિકેટ સટ્ટા બજારમાં રૂપિયાનો ગેરકાયદેસર વ્યવહાર કરવા માટે બીજાને ભાડે આપીને તેમજ તેના મોબાઈલ ફોનમાં વેસ્ટ ઈન્ડિઝમાં ચાલી રહેલી વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાની ક્રિકેટ મેચમાં શરૂઆતથી મેચનું જીવંત પ્રસારણ દરમ્યાન ટીમની હારજીત ૧એક્સબોક્ષ નામની એન્ડ્રોઈડ એલ્પિકેશન પર આઈડી અને પાસવર્ડ નાખી ઓનલાલન ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો હતો. પોલીસે આરોપીને રૂપિયા ૩૦ હજારના બે મોબાઈલ સાથે ઝડપી પાડયો હતો. આરોપીની પુછપરછમાં તેણે ૨૧ જેટલા બેન્ક એકાઉન્ટ ખોલાવીને તે તમામ ખાતન ઓનલાઈન ચલાવવા માટેની વિગતો દુબઈ ખાતે વોટ્સએપથી મોકલાવી હોવાનું અને બેન્ક ખાતાના લીંક સીમ કાર્ડ પોર્ટલથી મોકલી આપ્યાની કબુલાત આપી હતી.

આ સટ્ટો ચલાવવમાં આરોપી સાગરને અંદાજે પાંચથી છ લાખનો આથક ફાયદો થયો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ કામગીરીમાં સાયબ પોલીસ સ્ટેશન સરહદી રેન્જ ભુજના સીની ઈન્સ્પેકટર એલ.પી.બોડાણાના માર્ગદર્શનથી ઈન્સ્પેકટર વાય.કે.ગોહિલ તેમની ટીમ જોડાઇ હતી.


# આણંદ શહેરમાં 5 વિસ્તારમાં વેન્ડર ઝોન બનાવવામાં આવશે

(એજન્સી) આણંદ | તા.10


આણંદની ટૂંકી ગલી, જૂના બજાર, બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી લારી-પાથરણાંવાળાને દૂર કર્યા બાદ ૩,૦૦૦ જેટલા ફેરિયાઓને જગ્યા ફાળવવાનો પ્રશ્ન પેચીદો બન્યો છે. જેથી ગત ગુરુવારે વેન્ડર સમિતિ અને પાલિકા વચ્ચે બેઠક યોજવાની હતી પરંતુ ચીફ ઓફિસર ના હોવાથી બેઠક મોકુફ રખાઈ હતી. ત્યારે આગામી સમયમાં શહેરમાં પાંચ ઝોનમાં વિભાજન કરી ફેરિયાઓને જગ્યાની ફાળવણી કરવામાં આવશે તેમ ચીફ ઓફિસરે જણાવ્યું હતું.

આણંદ નગરપાલિકા વિસ્તારમાં ત્રણ હજાર જેટલા ફેરિયાવાળાઓ માટે વેન્ડર ઝોન બનાવવા માટે છેલ્લા પાંચ વર્ષથી વાતો થઈ રહી છે. સરકારની એજન્સી દ્વારા ભૂતકાળમાં થયેલા સર્વે મુજબ ૨૨ ઝોન કરવાનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો. પરંતુ અવકુડાની નિરસતાના કારણે કામગીરી થઈ ન હોવાના આક્ષેપ ઉઠયા છે. પાલિકામાં સાત વિસ્તારમાં ભાડાથી લારી- પાથરણાવાળાને જગ્યા આપવાનો અગાઉ પાલિકાની સામાન્ય સભામાં ઠરાવ કરવામાં આવ્યો હતો. જે ઠરાવ પણ પડતો મુકવામાં આવ્યો હતો.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમે આશાવાદના તબક્કા હેઠળ છો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.




**વૃષભ (બ,વ,ઉ)**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.




**મિથુન (ક,છ,ઘ)**
તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.




**કર્ક (ડ,હ)**
મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.




**સિંહ (મ,ટ)**
તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.




**કન્યા (પ,ઠ,ણ)**
જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે.




**તુલા (ર,ત)**
દિવસે સારો લાભ થવાની શક્યતા છે. તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે માતાપિતા ને કહ્યા વિના ઘરે તેમની પસંદગી ની કોઈપણ વાનગી લાવી શકો છો, તે ઘર માં સકારાત્મક વાતાવરણ બનાવશે.




**ધન (ભ,ધ,ફ)**
હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો.



**મકર (ખ,જ)**
તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે. કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.



**મીન (દ,ચ,ઝ,થ)**
ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.

# સોનામાં રૂ.900ની તેજી: ચાંદી સ્પ્રિંગની જેમ રૂ.1800 ઉછળી

(એજન્સી) મુંબઇ । તા.10



મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનામાં તેજી આગળ વધી હતી. જ્યારે ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી ઝડપી વધી આવ્યા હતા. વિશ્વ બજારના સમાચાર પ્રોત્સાહક હતા. વિશ્વ બજાર વધી આવતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઈંચકાતાં દેશના ઝવેરી બજારોમાં આજે ચમકારો જોવા મળ્યો હતો. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૪૦૬થી ૨૪૦૭ વાળા ઉંચામાં ૨૪૩૨ થઈ ૨૪૨૯થી ૨૪૩૦ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ઘટાડે ફંડોનું બાઈંગ વધ્યું હતું. ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૭૨૩૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૨૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૮૦૦ ઉછળી રૂ.૮૧૫૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશના ૨૬.૯૩થી ૨૬.૯૯ વાળા વધી ૨૭.૭૬ થઈ ૨૭.૫૦થી ૨૭.૫૧ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૮૯૨૮ વાળા વધી રૂ.૬૯૩૮૪ જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૯૨૦૫ વાળા રૂ.૬૯૬૬૩ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૮૮૮૦ વાળા ઉછલી રૂ.૮૦૨૬૩ બોલાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ૯૨૬ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૯૨૩ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ પણ આજે ઘટતા અટકી ૧.૬૭ ટકા ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ પણ વધ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૮.૪૫ વાળા ઉંચામાં ૭૯.૬૭ થઈ ૭૯.૪૧ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૭૫.૪૨ વાળા વધી ૭૬.૭૭ થઈ ૭૬.૪૯ ડોલર રહ્યા હતા. અમેરિકામાં બેરજોગારીના ગાવા ૧૭ હજાર ઘટી ૨ લાખ ૩૩ હજાર આવતાં ત્યાં જોબ માર્કેટ ફરી નજબુત બની રહ્યાના સંકેતો મળ્યા હતા અને તેના પગલે ત્યાં વ્યાજના દરમા ઘટાડો ઝડપી નહિ થાય એવી ગણતરી જાણકારો બતાવતા હતા. આની અસર વૈશ્વિક સોનાના ભાવ પર પોઝીટીવ દેખાઈ હતી.

## બેન્કના ખાતામાં હવે એક સાથે ચાર નોમિની નોંધાવી શકાશે, સરકારે બેન્કિંગ એક્ટ બિલ રજૂ કર્યું

(એજન્સી) મુંબઇ । તા. 10

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં બૅન્કિંગ કાયદો (સુધારા) બિલ, 2024 રજૂ કર્યો છે. આ બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે દરેક બૅન્ક ખાતાધારક એક ખાતા માટે એકથી વધુ અર્થાત્ ચાર 'નોમિની' રાખી શકશે. અત્યાર સુધી એક બૅન્ક ખાતામાં માત્ર એક જ નોમિનીનો ઉલ્લેખ કરવાનો નિયમ છે. જો આ બિલ સંસદમાંથી પસાર થઈ જશે તો હવે નોમિનીની સંખ્યા ચાર કરી શકાશે. જો કે, આ એક વૈકલ્પિક જોગવાઈ હશે. પ્રસ્તાવિત બિલમાં વધુ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે હેઠળ, કંપનીના ડિરેક્ટર્સના સબસ્ટેન્શિયલ ઈન્ટરેસ્ટને ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, જેમાં મર્યાદા રૂ. 5 લાખથી વધારી રૂ. 2 કરોડ કરવામાં આવી છે. જે લગભગ છ દાયકા પહેલાં નિર્ધારિત થઈ હતી. લોકસભામાં વિપક્ષના કેટલાક સભ્યોએ આ બિલનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના મનીષ તિવારીએ કહ્યું કે રાજ્યોને સહકારી મંડળીઓ અને સહકારી બૅન્કો સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો અધિકાર છે. તેમણે આ સંદર્ભે કાયદાકીય અધિકારો અંગે અસ્પષ્ટતા વિશે પણ વાત કરી હતી કે, કેન્દ્ર સહકારી મંડળીઓને નિયંત્રિત કરી શકે છે કે નહીં તે અંગે વિરોધાભાસ છે. આરએસપીના એનકે પ્રેમચંદ્રને કહ્યું કે સરકાર એક સાથે ચાર કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે અને જે ગૃહની પરંપરાઓ વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે બિલ માત્ર એકબીજા સાથે જોડાયેલા વિષયો સાથે સંબંધિત કાયદા માટે લાવવામાં આવે છે. તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોયે પણ એક ખરડા દ્વારા ચાર કાયદામાં સુધારો કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. વિપક્ષી સભ્યોના વાંધાઓને ફગાવી દેતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આ ગૃહ દ્વારા સહકારી બૅન્કો સંબંધિત કાયદામાં પહેલાથી જ સુધારો કરવામાં આવ્યો છે અને તેનાથી નાના ખાતાધારકોને રાહત મળી છે. અમે ચાર બિલ લાવી શક્યા હોત પરંતુ જ્યારે સમાન પ્રકારના કામકાજ સંબંધિત કાયદાઓ છે ત્યારે અમે સુધારા બિલ રજૂ કર્યા છે.

### NEWS BRIEF

### ટાયર બનાવતી કંપનીના શેર તૂટ્યા, કિંમત 4800 રૂપિયા ઘટી, હજી 30% ઘટવાનો ડર

મુંબઈ | શેરબજારમાં તોફાની તેજી વચ્ચે શુક્રવારે ટાયર મેન્યુફેક્ચરિંગ કંપનીના શેર ખરાબ રીતે તૂટ્યા હતા. ટ્રેડિંગ દરમિયાન, શેરમાં 3 ટકાથી વધુનો ઘટાડો થયો હતો અને કિંમત 4800 રૂપિયાની આસપાસ ઘટી હતી. તે જ સમયે, બ્રોકરેજ કોટક ઇન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝનો અંદાજ છે કે શેર 97,000 જેટલો નીચો જઈ શકે છે. આવી સ્થિતિમાં, શેર વેચવાની સલાહ આપવામાં આવે છે કારણ કે તેમાં લગભગ 30 ટકાનો ઘટાડો થઈ શકે છે. જો કે, કોટક ઇન્સ્ટિટ્યૂશનલે જણાવ્યું હતું કે માર્કેટ શેરમાં વધારો ટાયર બનાવતી કંપની માટે સારો સંકેત છે. MRF લિમિટેડ શેરનો અગાઉનો બંધ 140287 રૂપિયા હતો. શુક્રવારે તે ઘટીને 135500 રૂપિયાના સ્તરે આવી ગયો હતો. આ રીતે શેરમાં લગભગ 4800 રૂપિયાનો ઘટાડો થયો હતો. ફેબ્રુઆરી 2024માં આ શેર 1,51,283 રૂપિયાના સ્તરે હતો. આ શેરની 52 સપ્તાહની ઊંચી સપાટી છે. શેરનો 52 સપ્તાહનો નીચો ભાવ 1,04,750 રૂપિયા છે. આ કિંમત 14 ઓગસ્ટ 2023ના રોજ હતી. ચાલુ નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ક્વાર્ટરમાં MRFનો નફો વાર્ષિક ધોરણે 3 ટકા ઘટીને 571 કરોડ રૂપિયા થયો છે. ગયા નાણાકીય વર્ષ 2023-24ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) કંપનીનો નફો 589 કરોડ રૂપિયા હતો. આ સમયગાળા દરમિયાન કુલ આવક ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 6,515 કરોડ રૂપિયાની સરખામણીએ વધીને 7,280 કરોડ રૂપિયા થઈ હતી.

### 61 રૂપિયાના શેરવાળી કંપનીને થયો મોટો નફો, એક્સપર્ટે કહ્યું 85 સુધી જશે ભાવ

મુંબઈ | ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં બાંધકામ ક્ષેત્ર સાથે સંબંધિત કંપનીના નફામાં લગભગ પાંચ ટકાનો વધારો થયો છે. આ ક્વાર્ટરમાં નફો 140 કરોડ રૂપિયા હતો. મુખ્યત્વે આવકમાં વધારો થવાને કારણે કંપનીનો નફો વધ્યો છે. કંપનીએ કહ્યું કે ગયા નાણાકીય વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં નફો રૂ. 134 કરોડ હતો. જૂન ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક 13 ટકા વધીને રૂ. 1,972 કરોડ થઈ છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 1,745 કરોડ હતી. IRB ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) વીરેન્દ્ર ડી મ્હૈસ્કરે જણાવ્યું હતું કે, ટોલ વસૂલાતમાં સતત મજબૂત ગતિ સાથે, ખાસ કરીને નવી ઉમેરવામાં આવેલી અસ્કયામતો સાથે ચાલુ નાણાકીય વર્ષ (2024-25) માટે આ એક સારી શરૂઆત છે. જૂન ક્વાર્ટરમાં કંપનીનું ટોલ કલેક્શન રૂ. 1556 કરોડ હતું, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 1183 કરોડ હતું. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ 2024-25 માટે ઈક્વિટી શેર દીઠ 10 પૈસાનું વચગાળાનું ડિવિડન્ડ પણ જાહેર કર્યું છે. ડિવિડન્ડ ચુકવણી માટેની રેકોર્ડ તારીખ 20 ઓગસ્ટ, 2024 છે.

### 76 રૂપિયા પર ફ્લેટ લિસ્ટિંગ થયા, ત્યાર પછી 91 રૂપિયાના સ્તરે ટ્રેડ થયા

મુંબઇ | ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટીના શેર સ્ટોક એક્સચેન્જમાં ફ્લેટ લિસ્ટ થયા હતા. કંપનીના શેર ઈશ્યૂ પ્રાઈસ માત્ર નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર 76 પર લિસ્ટેડ હતા. તે જ સમયે, શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર 75.99 પર લિસ્ટ થયો હતો, જે ઈશ્યૂ કિંમત કરતાં 0.01% ઓછો હતો. જો કે, હવે શેર NSE પર 20%ના વધારા સાથે 91ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. આ IPO 2 ઓગસ્ટથી 6 ઓગસ્ટ દરમિયાન રોકાણકારો માટે ખુલ્લો હતો. આ IPO ત્રણ ટ્રેડિંગ દિવસોમાં કુલ 4.45 ગણો સબસ્ક્રાઈબ થયો હતો. તે રિટેલ કેટેગરીમાં 4.05 ગણો, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB)માં 5.53 ગણો અને નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (NII) કેટેગરીમાં 2.51 ગણો સબસ્ક્રાઈબ થયો હતો. Ola ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડનો આ IPO કુલ 6,145.56 કરોડ હતો. આ માટે, કંપનીએ 5,500 કરોડના 723,684,210 નવા શેર જારી કર્યા હતા. જ્યારે, કંપનીના હાલના રોકાણકારોએ ઓફર ફોર સેલ એટલે કે OFS દ્વારા 645.56 કરોડના મૂલ્યના 84,941,997 શેર વેચ્યા હતા. કંપનીએ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB) માટે ઈશ્યુના 75% અનામત રાખ્યા હતા. આ સિવાય, લગભગ 10% શેર રિટેલ રોકાણકારો માટે આરક્ષિત હતો અને બાકીનો 15% શેર બિન-સંસ્થાકીય રોકાણકારો (NII) માટે આરક્ષિત હતો.

## FMCGના વોલ્યુમ ગ્રોથમાં ભારે ઘટાડો

(એજન્સી) કોલકાતા| તા 10



એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન દેશમાં ગ્રાહક વપરાશ ધીમો પડતા ફાસ્ટ-મૂવિંગ કન્ઝયુમર ગુડ્સ (એફએમસીજી)નું વેચાણ મૂલ્યની દ્રષ્ટિએ માત્ર ૪ ટકા વધ્યું હતું. સામે પક્ષે વોલ્યુમની દ્રષ્ટિએ વેચાણમાં ૩.૮ ટકાનો વધારો થયો છે. કન્ઝયુમર રિસર્ચ કંપની નેલસનઆઈક્યુએ આ આંકડાઓ સાથે જણાવ્યું કે આ ક્વાર્ટરમાં કિંમતોમાં માત્ર ૦.૨ ટકાનો વધારો થયો છે, જે દર્શાવે છે કે બજાર સ્થિર છે. રિપોર્ટ અનુસાર એપ્રિલ-જૂન કવાર્ટરમાં ૩.૮ ટકાની વૃદ્ધિ જ જોવા મળી છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૭.૫ ટકા અને માર્ચ કવાર્ટરમાં ૬.૫ ટકા હતી. જથ્થાના સંદર્ભમાં ગ્રામીણ વિસ્તારો આ સમયગાળામાં વેચાણમાં આગળ હતા અને ત્યાં વેચાણમાં ૫.૨ ટકાનો વધારો થયો હતો, પરંતુ શહેરી વિસ્તારોમાં માત્ર ૨.૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

રિસર્ચ કંપનીએ જણાવ્યું હતું કે જૂનમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં બંને સેક્ટરમાં વપરાશ સુસ્ત રહ્યો હતો. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમા ગ્રામીણ વેચાણ વોલ્યુમની દ્રષ્ટિએ ૭.૬ ટકા અને શહેરી વિસ્તારોમાં ૫.૭ ટકા વધ્યું હતું. એફએમસીજી કન્ઝમ્પશન બાસ્કેટમાં ૬૦ ટકા હિસ્સો ધરાવતા ખાદ્ય પદાર્થોના વોલ્યુમ ગ્રોથમાં વાર્ષિક ૮.૫ ટકા અને કવાર્ટરલી ૪.૮ ટકાની વૃદ્ધિની સાપેક્ષે એપ્રિલ-જૂન, ૨૦૨૪માં માત્ર ૨.૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

વોલ્યુમની દ્રષ્ટિએ વેચાણમાં મંદીનું કારણ પેકેજ્ડ મીઠું, પેકેજ્ડ ઘઉંનો લોટ અને પામ તેલ જેવી ખાદ્ય ચીજો હતી. જૂનમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં દરમિયાન ખાદ્ય પદાર્થો સિવાય, અન્ય એફએમસીજી માલસામાન જથ્થામાં ૭.૬ ટકા વધુ વેચાયા હતા. માર્ચમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં ૧૧.૧ ટકાનો વધારો થયો હતો.

પર્સનલ કેર અને હોમ કેર કેટેગરીમાં કન્ઝયુમર ડિમાન્ડમાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં ઘટાડો થયો છે. શહેરી બજારમાં પર્સનલ કેરમાં એપ્રિલ-જૂન દરમિયાન ૫.૨ ટકાની વૃદ્ધિ જોવા મળી છે (જાન્યુઆરી-માર્ચની ૯.૭ ટકાની સરખામણીમાં). ગ્રામીણ વિસ્તારોમાં એપ્રિલ-જૂન દરમિયાન વૃદ્ધિ જાન્યુઆરી-માર્ચની ૧૦.૬ ટકાની સરખામણીમાં ૮.૩ ટકા હતી.

## બાકી ઈન્કમટેક્સના ટોપ પાંચ હજાર કેસો શોધવા CBDT ખાસ ઝુંબેશ ચલાવશે

(એજન્સી) મુંબઈ | તા 10

આવકવેરાની બાકી ચૂકવણીના પ્રમાણમાં નોંધપાત્ર રીતે વધારો થતાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી)એ હવે સપ્ટેમ્બરના અંત સુધી આવા ટોચના પાંચ હજાર કેસો શોધી કાઢવા ખાસ ટીમ બનાવવાનું નક્કી કર્યું છે. આ ખાસ ઝુંબેશ હેઠળ વ્યક્તિગત રીતે ઈન્કમટેક્સની બાકી ચૂકવણી, બાકી કોર્પોરેટ ટેક્સ જેવા કેસોને ધ્યાનમાં લેવામાં આવશે. જેમણે 60 ટકા આસપાસ ઈન્ટકમ્ટેક્સ ચૂકવવાનું બાકી હશે તેવા કેસોને ધ્યાન પર લેવામાં આવશે. ચાલુ નાણાંકીય વર્ષ માટે સીબીડીટી દ્વારા સેન્ટ્રલ એક્શન પ્લાન (સીએપી)ની જાહેરાત કરવામાં આવી છે. આ ખાસ અભિયાન આ એક્શન પ્લાનનો ભાગ હશે. સીએપીએ નોંધ્યું છે કે, બાકી ઈન્કમટેક્સ માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની અને કડક કાર્યવાહીનું વલણ દાખવવું અનિવાર્ય છે. પહેલી એપ્રિલ 2023માં બાકી આવકવેરાનો આંકડો રૂ.24 લાખ કરોડથી વધીને પહેલી એપ્રિલ 2024માં રૂ.43 લાખ કરોડ થઈ ગયો છે. જે બાકી ઈન્કમટેક્સમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. જેથી આ મામલે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી કરવાની જરૂર છે, એમ સીબીડીટીએ જણાવ્યું હતું. બાકી વેરો આવવાનો મુશ્કેલ હોય તેના આંકલન બાદ રૂ.43 લાખ કરોડનો આંકડો રજૂ કરવામાં આવ્યો છે. હાલ રૂ.16.69 લાખ કરોડની વસૂલાત માટે કાર્યવાહી કરવામાં આવી છે. ચાલુ વર્ષે આ રકમ રૂ.7.98 લાખ ટ્રિલિયનના મથાળે લાવવાનો સીબીડીટીનો લક્ષ્યાંક છે.

## દેશમાં 5 વર્ષમાં મ્યૂલ એકાઉન્ટ્સને કારણે ફાઇનાન્સિયલ ફ્રોડના કેસ 11 ગણા વધ્યા

(એજન્સી) અમદાવાદ | તા 10

દેશમાં મ્યૂલ એકાઉન્ટ મારફતે ફાઈનાન્સિયલ ફ્રોડના કેસ ઝડપી ગતિએ વધી રહ્યા છે. તેને કારણે 5 વર્ષમાં ફાઈનાન્સિયલ ફ્રોડના કેસ 11 ગણા વધ્યા છે. જણાવી દઈએ કે મ્યૂલ એકાઉન્ટ એવા હોય છે, જેમાં ઠગ કોઈ વ્યક્તિને કમિશન અથવા અન્ય લાલચ આપીને તેમના ખાતામાં ગેરકાયદે રકમ અથવા હવાલાથી પૈસા મંગાવે છે અને પછી આ પૈસાને બીજા ખાતામાં અથવા રોકડ સ્વરૂપે ઉપાડી લેવામાં આવે છે. સરકાર દ્વારા અપાયેલી જાણકારી અનુસાર સાઈબર ફ્રૉડના કેસની સંખ્યા નાણાવર્ષ 2019-20માં 2,677 હતા, જે 2023-24માં 11 ગણા વધીને 29,082 થયા છે. આ દરમિયાન ઑનલાઈન ફ્રોડની રકમમાં પણ વધારો થયો છે. ફાઈનાન્સિયલ ફ્રોડની રકમ રૂ.129 કરોડથી વધીને રૂ.1,457 કરોડ સુધી પહોંચી છે. ઑનલાઇન ફ્રૉડ કરનારાની વધતી ચાલાકી તેમજ ફાઇનાન્સિયલ સિસ્ટમની અંદર જોવા મળેલી નબળાઈને ઉજાગર કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. અનેકવાર ગુનેગારો દ્વારા ગેરકાયદે રીતે પ્રાપ્ત કરેલી રકમને અલગ અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવા માટે મની મ્યૂલની ભરતી કરાય છે. જમતાડા અને મહાબળેશ્વર સિવાય દેશના દક્ષિણ ભાગમાં પણ કેટલાક હૉટ સ્પોટની ઓળખ કરાઈ છે. એક અધિકારી અનુસાર ફાઈનાન્સિયલ ફ્રોડમાં પૈસાને સરળતાથી ટ્રાન્સફરની પાછળ મ્યૂલ એકાઉન્ટ્સ મુખ્ય કારણ હોય છે. દેશભરમાં સાયબર ગુનેગારો દ્વારા તેનો સરળતાથી ઉપયોગ કરવામાં આવે છે. RBIએ મ્યૂલ એકાઉન્ટ્સ અને ડિજિટલ ફ્રોડને રોકવા માટે ગૃહ મંત્રાલય હેઠળ ઇન્ડિયન સાયબર ક્રાઇમ કંટ્રોલ સેન્ટર (આઈ4સી) અને અનેક અન્ય એજન્સીઓ સાથે મળીને કામ કરી રહ્યું છે.

## એપ્રિલ-જુલાઈમાં e-NAM પ્લેટફોર્મ પર કૃષિ વેપાર રૂ. 13,523 કરોડને પાર

(એજન્સી) મુંબઇ । તા. 10




સરકારના ઈલેક્ટ્રોનિક નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (ઈ-નામ) પ્લેટફોર્મ પર વધુ રાજ્યો દ્વારા કૃષિ કોમોડિટીઝના વેપારની સુવિધા આપવા સાથે, સમગ્ર ભારતમાં ડિજિટલ જથ્થાબંધ પ્લેટફોર્મ પરનો વેપાર ૨૦૨૫ના નાણાંવર્ષના એપ્રિલ-જુલાઈ દરમિયાન રૂ. ૨૩,૫૨૩ કરોડને વટાવી ગયો, જે ૧૩ ટકા વધુ છે. ડિજિટલ પ્લેટફોર્મ પર કૃષિ-કોમોડિટીના આંતર-મંડી અને આંતર-રાજ્ય વેપારમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જે હાલમાં ૨૭ રાજ્યોમાં ૧૩૮૯ મંડીઓને એકીકૃત કરે છે. છેલ્લા પાંચ વર્ષમાં, કૃષિ મંત્રાલય દ્વારા સંચાલિત ડિજિટલ જથ્થાબંધ બજાર પરનો વેપાર ૨૦૧૯-૨૦માં રૂ. ૩૪,૯૪૦ કરોડથી ગત નાણાકીય વર્ષમાં ૧૨૪% વધ્યો છે. પ્લેટફોર્મે ૨૦૨૪ના નાણાંવર્ષમાં રૂ. ૭૮,૪૨૪ કરોડનું વેચાણ નોંધાવ્યું હતું. કૃષિ મંત્રાલયે રાજ્યોને વિનંતી કરી છે કે બહારના વેપારીઓને બેંક ગેરંટી વિના કોમોડિટીઝ ખરીદવા અને વેચવાની મંજૂરી આપવા, સીમલેસ રાજ્યવ્યાપી વેપાર ઍક્સેસ માટે એકીકૃત લાયસન્સની જોગવાઈ અને ફાર્મ ગેટથી પ્રાપ્તિ સહિતના ધોરણો હળવા કરવા જોઈએ. ફાર્મ ગેટ, આંતર-રાજ્ય અને આંતર-મંડી વેપારનું પ્રમાણ હજુ પણ ઈ-નામના કુલ ટર્નઓવરનો એક નાનો હિસ્સો છે, તે દર્શાવે છે કે ખેડૂતો દ્વારા સારી કિંમત શોધવા માટે ઉપયોગમાં લેવાતા ડિજિટલ પ્લેટફોર્મ પર ધીમે ધીમે શિફ્ટ થઈ રહ્યું છે. સરકારનું ધ્યાન ખેડૂતોને ઈલેક્ટ્રોનિક-ચુકવણી વધારવા અને ઈ-નામ પર આંતર-મંડી અને આંતર-રાજ્ય વેપારને વધારવા પર છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ચાર મહિનામાં, ઈ-એનએએમ પર આંતર-મંડી વેપારમાં વાર્ષિક ધોરણે રૂ. ૫૮૦ કરોડનો વધારો થયો છે.

## 'ભારતમાં જલ્દી જ કંઇક મોટું થવાનું છે..', હિંડનબર્ગ રિસર્ચના એલાનથી ફરી ટેન્શન વધ્યું

(એજન્સી) મુંબઈ | તા. 10

અદાણી ગ્રૂપ (Gautam Adani)ના સામ્રાજ્યને હચમચાવી મૂકનાર અમેરિકન શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગ રિસર્ચ તો તમને યાદ જ હશે. હવે તેણે વધુ એક એલાન કરીને ટેન્શન વધાર્યું છે. શનિવારે સવારે એક્સ પર પોસ્ટ કરતાં અમેરિકન કંપનીએ વધુ એક મોટો ખુલાસો કરવાના સંકેત આપ્યા. પોસ્ટમાં Hindenburg Research એ લખ્યું કે 'ભારતમાં જલ્દી જ કંઈક મોટું થવાનું છે'. જોકે હિંડનબર્ગ રિસર્ચની પોસ્ટમાં એ વાતના કોઈ સંકેત મળ્યાં નથી કે ભારતમાં શું મોટું થવાનું છે. પરંતુ એ વાતનો અંદાજ આવી જાય છે કે જ્યારે તેણે અદાણી ગ્રૂપ વિશે ધડાકા કર્યા હતા ત્યારે અદાણી ગ્રૂપની કંપનીઓના શેર્સમાં 80 ટકા સુધીનો કડાકો બોલાઈ ગયો હતો અને શેરબજારમાં હડકંપ મચી ગયું હતું. એટલા માટે ફરી એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે તે ફરી કોઈ ભારતીય કંપની વિશે કોઈ મોટો ખુલાસો કરી શકે છે. ઉલ્લેખનીય છે કે હિંડનબર્ગ રિસર્ચ ફર્મે ગૌતમ અદાણીની માલિકી હેઠળના અદાણી ગ્રૂપ અંગે એક રિપોર્ટ જાહેર કર્યો હતો. તેનાથી અફરાતફરી મચી ગઈ હતી કેમ કે હિંડનબર્ગે તેના રિપોર્ટમાં ગંભીર આરોપો મૂક્યા હતા. જેના લીધે અદાણી ગ્રૂપની મોટાભાગની કંપનીઓના શેર્સમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો. જેના લીધે અદાણી દુનિયાના બીજા સૌથી ધનિકથી લપસીને સીધા યાદીમાં 36મા ક્રમે પહોંચી ગયા હતા કેમ કે તેમની સંપત્તિમાં રેકોર્ડ ઘટાડો થયો હતો.

### લાર્જ કેપ, મિડ કેપ, સ્મોલ કેપ, સેક્ટોરલ-થિમેટિક ફંડોમાં પ્રવાહ ઘટયો

## જુલાઇમાં ઇક્વિટી ફંડોનો નેટ ઇનફ્લો 8.61 ટકા ઘટીને રૂ.37,113 કરોડ

(એજન્સી) મુંબઇ | તા 10




ઓપન એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડ આવતા રોકાણનો પ્રવાહ જુલાઇ મહિનામાં 8.61 ટકા ઘટીને રૂ. 37,113 કરોડ થયો છે, જેના માટે લાર્જ કેપ, મિડ કેપ ફંડ, સ્મોલ કેપ ફંડ ઉપરાંત જેમાં સૌથી વધારે રોકાણ આવે છે તે સેકટોરલ થિમેટિક ફંડમાં પણ આવતો પ્રવાહ ઘટયો તે બાબત જવાબદાર છે. અગાઉ જુન મહિનામાં આ પ્રવાહ માસિક ધોરણે 17 ટકા વધીને રૂ. 40,608 કરોડના વિક્રમી સ્તરે પહોંચ્યો હતો. દરમિયાન જુલાઇ મહિનામાં ઈક્વિટી ફંડોમાં સતત 41માં મહિનામાં રોકાણનો પ્રવાહ અવરિત એટલે કે પોઝિટીવ ઝોનમાં જોવા મળ્યો છે. જોકે એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયાએ જારી કરેલા આંકડા મુજબ જુલાઇ મહિનામાં ઈક્વિટી અને .ડેટ સ્કિમોમાં કુલ રૂ. 1.90 લાખ કરોડનો નેટ ઈનફ્લો જોવા મળ્યો હતો, જેની તુલનાએ જુન મહિનામાં રૂ. 43,637 કરોડનો નેટ આઉટફ્લો જોવા મળ્યો હતો. આટલા ઈનફ્લો સાથે જુલાઇ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોની એસેટ અન્ડર મેનેજમેન્ટનો આંકડો રૂ. 65 લાખ કરોડના વિક્રમી સ્તરે પહોંચ્યો છે, જે પાછલા મહિનામાં રૂ. 61.15 લાખ કરોડ હતો. જુલાઈ મહિનામાં ડેટ ફંડોમાં રૂ. 40,000 કરોડનો નેટ ઈનફ્લો જોવા મળ્યો છે, જેની તુલનાએ જુન મહિનામાં રૂ. 1.07 લાખ કરોડનો નેટ આઉટફ્લો જોવા મળ્યો હતો. જુલાઇ મહિનામાં કુલ એમએફ ફોલિયો એટલે કે ખાતાની સંખ્યા 19.84 કરોડ પર પહોંચી છે. માત્ર રિટેલ ઇન્વેસ્ટર્સના ફોલિયોની સંખ્યા પણ 15.89 કરોડ થઇ છે જે જુનમાં 15.32 કરોડ હતી. જુલાઇ મહિનામાં ઈક્વિટી ફંડોમાં આવતા નેટ રોકાણનો પ્રવાહ ભલે ઘટયો હોય પરંતુ એસઆઈપીમાં આવતા નેટ ઈનફ્લોનો આંકડો આ મહિનામાં માસિક ધોરણે 10 ટકા વધીને રૂ. 23,332 કરોડના વિક્રમી સ્તરે પહોંચ્યો છે, જે પાછલા મહિનામાં રૂ. 21,162 કરોડ હતો. આવી જ રીતે એસઆઈપી અંતર્ગતની એસેટ અન્ડર મેનેજમેન્ટ પણ રૂ. 13.09 લાખ કરોડના વિક્રમી સ્તરે પહોંચી છે, જેનો આંકડો જુલાઈમાં રૂ. 12.43 લાખ કરોડ હતો.

## ક્રિપ્ટોમાં તેજી : બિટકોઇન 62000 ડોલરને પાર

(એજન્સી) મુંબઇ | તા 10

વૈશ્વિક શેરબજારોમાં ફરી તેજીનું માનસ પ્રસ્થાપિત થતા તેનું પ્રતિબિંબ ક્રિપ્ટોકરન્સીસ માર્કેટમાં પણ જોવા મળ્યું હતું અને સપ્તાહના પ્રારંભમાં બોલાઈ ગયેલા કડાકામાં નોંધપાત્ર રીકવરી જોવા મળી હતી. છેલ્લા ચોવીસ કલાકમાં મુખ્ય ક્રિપ્ટો બિટકોઈને ૬૨૦૦૦ ડોલરની સપાટી દર્શાવી હતી. મોડી સાંજે બિટકોઈન ૬૧૦૬૦ ડોલર જ્યારે એથરમ ૨૬૬૧ ડોલર કવોટ કરાતો હતો. ક્રિપ્ટો માર્ટેકમાં રિકવરીને જોતા તેજીવાળા હવે વર્ષના અંતે બિટકોઈન એક લાખ ડોલર પહોંચી જવાની વાતો કરવા લાગ્યા છે. અમેરિકામાં બેરોજગારીના આંકડા અપેક્ષા કરતા નીચા આવતા અને જાપાને વ્યાજ દરમાં હાલમાં ફરી વધારો નહીં કરાયે તેવી કરેલી સ્પષ્ટતા બાદ વૈશ્વિક શેરબજારો સાથે ક્રિપ્ટો માર્કેટસમાં પણ સપ્તાહ અંતે ઉછાળો જોવા મળ્યો હતો. અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી પ્રમુખપદની ચૂંટણીમાં જો ડોનાલ્ડ ટ્રમ્પ જીતી જશે તો બિટકોઈન એક લાખ ડોલરની સપાટી દર્શાવી શકે છે, તેવો બજારના ખેલાડીઓ મત ધરાવી રહ્યા છે. ટ્રમ્પ ક્રિપ્ટોકરન્સીસની તરફેણમાં છે. ક્રિપ્ટોકરન્સીસની એકંદર માર્કેટ કેપ પણ વધી ૨.૧૫ ટ્રિલિયન ડોલર જોવા મળી હતી.

## 14 PLI સ્કીમને ફાળવાયેલા ભંડોળની એકલા મોબાઈલ ઉત્પાદન ક્ષેત્રમાંથી જ ભરપાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 10



દેશમાં મોબાઈલ ફોનના ઉત્પાદન અને તેની નિકાસ વધારવા આ ક્ષેત્ર માટે લાગુ કરાયેલી પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમે કેન્દ્ર સરકારની તિજોરીમાં નોંધપાત્ર આવક કરી આપી હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે.એકલું મોબાઈલ ફોન ઉત્પાદન ક્ષેત્ર જ સરકારની ૧૪ પીએલઆઈ સ્કીમ પેટેનું ભંડોળ પૂરું પાડવાની સ્થિતિમાં હોવાનું જોવા મળી રહ્યું છે. નાણાં વર્ષ ૨૦૨૦-૨૧થી નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની વચ્ચે મોબાઈલ ફોનનું ઉત્પાદન કરતી કંપનીઓ પાસેથી ગુડસ એન્ડ સર્વિસીસ ટેકસ (જીએસટી)ના સ્વરૂપમાં રૂપિયા ૧.૮૨ ટ્રિલિયનની રકમ વસૂલવામાં આવી છે જે નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ના અંતે સમાપ્ત થતા છ વર્ષ માટે મોબાઈલ ફોન ઉત્પાદકો માટે પીએલઆઈ હેઠળ ફાળવાયેલા રૂપિયા ૩૪૧૪૯ કરોડની સરખામણીએ પાંચ ગણા કરતા પણ વધુ છે. મોબાઈલ ફોન પર હાલમાં ૧૮ ટકા જીએસટીવસૂલવામાં આવે છે. નાણાં વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૬ના ગાળામાં મોબાઈલ ફોન ઉત્પાદકો પાસેથી જીએસટીના સ્વરૂપમાં ૩.૦૯ ટ્રિલિયન જેટલી રકમ પ્રાપ્ત થવાનો અંદાજ છે. જે આ સમયગાળા માટે પીએલઆઈ સ્કીમ હેઠળ ફાળવાયેલી રકમના નવથી દસ ગણા જેટલી હશે એમ ઈન્ડિયન સેલ્યુલર એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું. પીએલઆઈ સ્કીમ હેઠળ મોબાઈલ ઉત્પાદકોને ફાળવાયેલી રકમ ઊભી કરી લેવા ૧૨ ટકાનો જીએસટી પણ વધુ હોવાનું મોબાઈલ ઉત્પાદકોએ અગાઉ સરકારને જણાવ્યું હતું. જો કે સરકારે મોબાઈલ ફોન પર જીએસટી વધારી ૧૮ ટકા કરી નાખ્યો હતો. ૨૦૨૦માં જ્યારે મોબાઈલ ફોન ઉત્પાદકો માટે પીએલઆઈ સ્કીમ જાહેર કરાઈ હતી ત્યારે જ સરકારે જીએસટી ૧૨ ટકાથી વધારી ૧૮ ટકા કર્યો હતો. ૧૪ પીએલઆઈ સ્કીમ માટે સરકારે કુલ રૂપિયા ૧.૯૭ ટ્રિલિયનની રકમ ફાળવી છે, પરંતુ નાણાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ના ગાળામાં મોબાઈલ ફોન ઉત્પાદકો પાસેથી વસૂલાયેલા જીએસટીનો આંક સદર ૧૪ સ્કીમને ફાળવાયેલી રકમનો ૯૨ ટકા જેટલો રહ્યો હતો. આમ એકલા મોબાઈલ ફોન ઉત્પાદકોએ જ સરકારની ૧૪ પીએલઆઈ સ્કીમનું ફન્ડિંગ પૂરું પાડી દીધું છે, એમ કહીશુ તો ખોટું નહીં ગણાય એમ સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, શ્રાવણ સુદ-07**

# અસ્થિર પડોશીઓથી ઘેરાતું ભારત

બાંગ્લાદેશમાં થયેલ તખ્તાપલટના મુદ્દે ભારતીય સંસદના બંને સદનોમાં વિદેશ મંત્રી જયશંકરે પોતાના વક્તવ્યમાં કહ્યું કે પાંચ ઓગસ્ટે વડાપ્રધાન શેખ હસીનાએ સુરક્ષા પ્રતિષ્ઠાનો સાથે બેઠક બાદ સ્પષ્ટ રૂપે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો અને 'થોડા સમય માટે' તેમણે ભારત આવવાની મંજૂરી માગી. પૂર્વ વડાપ્રધાન શેખ હસીના હવે ભારતમાં છે અેj માનવામાં આવે છે કે કોઈ ત્રીજા દેશમાં શરણ મળ્યા સુધી અહીં રહેશે. જો આ હાલતને ભારતીય દૃષ્ટિકોણથી જોવામાં આવે તો આ એક અસાધારણ સ્થિતિ છે, જ્યાં ભારતને કેટલાક આકરા નિર્ણયો લેવા પડશે, જેમાં પડોશી પ્રથમ નીતિ અંતર્ગત મદદ પણ કરવી પડશે. બાંગ્લાદેશમાં ફસાયેલા હજારો ભારતીયોની સુરક્ષા સાથે એ વાત સુનિશ્ચિત કરવાની છે કે કોઈ અનધિકૃત રૂપે સીમા પાર કરીને ભારતમાં પ્રવેશ ન કરી શકે. આ સમગ્ર ઘટનાક્રમથી દેશ માટે એક અભૂતપૂર્વ સુરક્ષા સ્થિતિ પેદા થઈગઈ છે. ભારત સમક્ષ ૧૯૭૧વાળી સ્થિતિ ફરી એક વાર આવી ગઈ છે. બાંગ્લાદેશમાં રહેતા તમામ અલ્પસંખ્યક સમૂહો ખાસ કરીને મોટી સંખ્યામાં હિંદુ ભારતમાં શરણાર્થી તરીકે આવવાની અરજ કરી શકે છે. એનાથી બાંગ્લાદેશની સીમા સાથે જોડાયેલા બંગાળ અને ત્રિપુરા જેવા રાજ્યોમાં ચિંતાજનક હાલત પેદા થઈ શકે છે. જો બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં કટ્ટરપંથીઓનો દબદબો વધે છે, જેની ભરપૂર આશંકા છે તો ભારતના પડકારો ઓર વધી જવાના છે, કારણ કે તેમાંથી કેટલાક જૂથોને પાકિસ્તાનનું સમર્થન મળતું રહ્યું છે. તેને કારણે એ સતત ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા રહ્યા છે. પાકિસ્તાન આજ સુધી ભારતને પોતાના વિભાજન એટલે કે બાંગ્લાદેશના નિર્માણનું કારણ માનતું રહ્યું છે અને તે કોશિશ કરશે કે બાંગ્લાદેશના ઈસ્લામિક કટ્ટરપંથી જૂથો સાથે મળીને ભારત વિરુદ્ધ આતંકી અને અસામાજિક તત્ત્વોને સક્રિય કરવામાં આવે. બાંગ્લાદેશમાં અરાજકતા વચ્ચે દક્ષિણ એશિયામાં અસ્થિરતા વધી ગઈ છે, જે ભારતના હિતમાં બિલકુલ નથી. ભારતની સુરક્ષા માટે ચોતરફી પડકારો વધી રહ્યા છે. ગત દિવસોમાં જ નેપાળમાં ચીન સમર્થક સરકાર બની છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી કરી રહ્યા છે. ઓલીને 'ઈન્ડિયા આઉટ' અભિયાનનું નેતૃત્વ કરવા માટે ઓળખવામાં આવે છે અેj હાલનાં વર્ષોમાં તેમણે પોતાની રાજકીય સાખ મજબૂત કરવા માટે ભારત સાથે સીમા વિવાદનો મુદ્દો શાંત નથી થવા દીધો. જોકે ઓલીની 'રાષ્ટ્રવાદી છબિ' ભારત વિરોધથી બની છે, તેથી ભારત માટે જરૂરી છે કે તે સ્થિતિ પર નજર રાખે. જો નેપાળી જનતા જૂની પાર્ટીઓ અને જૂના નેતાઓની કાર્યશૈલીથી કંટાળશે તો ૨૦૦૬ જેવું જન આંદોલન ઊભું થવું કોઈ મોટી વાત નહીં ગણાય. તેની સીધી અસર ખુલ્લી સીમાને કારણે ભારત પર થશે. નેપાળની પાસે જ ભૂટાન છે, જે સંપૂર્ણ રીતે ભારતની સુરક્ષા ચિંતાઓને લઈને ચિંતાગ્રસ્ત છે અને એક મિત્રતાપૂર્ણ સહયોગી રહ્યું છે. જોકે હાલના વર્ષોમાં ચીને ત્યાં પણ ઘૂસ મારવામાં કસર નથી છોડી. તેમ છતાં ભારતની દૃષ્ટિએ ભૂટાનમાં સ્થિતિ નિયંત્રણમાં છે.

**એમેઝોન સાથે તાશા ક્રાફ્ટ વીવિંગની સફળતા**

# એમેઝોન સાથે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ પર ભારતના સમૃદ્ધ હેન્ડલૂમ ક્ષેત્રની ઉજવણી કરો

(એજન્સી) અમદાવાદ | તા. 10

આ વર્ષે, એમેઝોને ભારતના ટેક્સ્ટાઈલ ઉદ્યોગને જાળવી રાખનારા કુશળ કારીગરોનું સન્માન કરીને રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી કરી. એમેઝોન ભારતના સાંસ્કૃતિક વારસાને સુંદર રીતે પ્રતિબિંબિત કરતા તાશા ક્રાફ્ટ જેવા વ્યવસાયોની અતૂટ પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરે છે. શોખમાંથી વ્યવસાય શરુ કરનારા આ સ્થાપકો, એટલે કે ખુશ્બુ ટંડેલ, અંજલિ વાડીવાલા, એન્ટિકા ટંડેલ અને અંજલિ ટંડેલને મળો, જેમની યાત્રા જોશ અને નિશ્ચયની પ્રેરણાદાયી વાર્તા છે. તેમની આ સર્જનાત્મક યાત્રા કોવિડ લોકડાઉન દરમિયાન શરુ થઇ, જ્યારે તેણીએ તેમના પોતાના ઉપયોગ માટે જ્વેલરી બનાવવાનું શરૂ કર્યું. તેમના મિત્રો અને પરિવારના સકારાત્મક પ્રતિસાદથી પ્રેરિત, તમામ સ્થાપકોએ ભારતીય કારીગરીની સુંદરતાને આગળ લાવવાના લક્ષ્ય સાથે તેમના શોખને એક સમૃદ્ધ વ્યવસાયમાં પરિવર્તિત કરવાની યાત્રા શરૂ કરી. તાશા ક્રાફ્ટ હેન્ડમેડ કોટન ટ્રેડ બેંગલ્સ ઓફર કરે છે, જે સુંદર ડિટેલિંગ અને આકર્ષક ડિઝાઈન સાથે બનાવવામાં આવે છે, જે સામાન્ય સિલ્ક થ્રેડ બેંગલ્સની સરખામણીમાં ખુબ જ સુંદર લાગે છે. તેમની સફળતાનું મુખ્ય કારણ છે એકતા, વિશ્વાસ અને સમર્પણના તેમના પારિવારિક મૂલ્યો. કારીગરો આ મૂલ્યોને અપનાવે છે અને સુનિશ્ચિત કરે છે કે તાશા ક્રાફ્ટ દ્વારા બનાવવામાં આવેલ દરેક પીઆઈએસ શ્રેષ્ઠતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે. આ બ્રાન્ડ હેન્ડમેડ, પારંપરિક ઉત્પાદનો બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે સ્થાનિક કલાકારોને સશક્ત કરવા અને પરંપરાગત ભારતીય જ્વેલરીને ફેશનના મુખ્ય ઘાતક તરીકે પ્રમોટ કરવા માટે તેમના લક્ષ્ય સાથે સંપૂર્ણ રીતે સંરેખિત થાય છે. એમેઝોન સાથે તાશા ક્રાફ્ટની યાત્રા, તેમના સ્થાપકોની ઓનલાઈન ફૂટપ્રિન્ટ વિસ્તારવાની ઈચ્છા સાથે શરૂ થઈ હતી. અન્ય સફળ વિક્રેતાઓથી પ્રેરિત, તાશા ક્રાફ્ટના તમામ સ્થાપકોને લાગ્યું કે એમેઝોન, સામૂહિક રીતે ઉત્પાદિત, પોસાય તેવી કિંમતના ઉત્પાદનો દ્વારા પ્રભુત્વ ધરાવતા બજારમાં સ્પર્ધા કરવા માટે એક આદર્શ બજાર છે. એમેઝોનની વ્યાપક પહોંચ અને વેચાણકર્તાઓ માટે વિવિધ ટુલ્સે તાશા ક્રાફ્ટની વૃદ્ધિના મુખ્ય પરિબળો રહ્યા છે. માત્ર થોડી-ઘણી ડિઝાઈનથી શરૂ કરીને, તાશા ક્રાફ્ટે લિસ્ટિંગનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા અને ઈન્વેન્ટરીનું અસરકારક રીતે સંચાલન કરવા માટે એમેઝોનનો સમજદારીપૂર્વક ઉપયોગ કર્યો. ફુલફિલમેન્ટ બાય એમેઝોન (FBA) નો ઉપયોગ કરીને, તાશા ક્રાફ્ટે લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરીને દેશભરમાં વિશ્વસનીય ડિલિવરી સુનિશ્ચિત કરી. એમેઝોન એડવર્ટાઈઝીંગ, એમેઝોન સેલર સેન્ટ્રલ અને એમેઝોન બ્રાન્ડ રજીસ્ટ્રી સહિતના ઈ-કોમર્સ ટૂલ્સના એમેઝોનના સ્યુટએ તાશા ક્રાફ્ટને બ્રાન્ડની હાજરી મજબૂત કરવા અને ગ્રાહકોનો વિશ્વાસ મેળવવા મદદ કરી. એમેઝોનના કૅસ્ટમર રીવ્યુ અને ટ્રસ્ટ બેજ, બ્રાન્ડની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવે છે. એમેઝોનનો કારીગર પ્રોગ્રામ, જે તાશા ક્રાફ્ટને તેમની પ્રારંભિક યાત્રામાં પડકારોનો સામનો કરવા માટે ટ્રેનિંગ અને સમર્થન પ્રદાન કરે છે, તે તાશા ક્રાફ્ટ માટે ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થયો છે. અનન્ય, ઉચ્ચ-ગુણવત્તાવાળી વસ્તુઓની શોધ કરતા વિવિધ ગ્રાહકોને પ્રામાણિક, હાથથી બનાવેલા ઉત્પાદનો વેચવા માટે આ પહેલ પ્રભાવશાળી રહી છે.

## રાજપીપળા શહેરની નાનકડી ગલીઓમાં પણ રખડતી ગાયોનો ત્રાસ



ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા નગરપાલિકા ના ખાડે ગયેલા વહીવટ થી વેરો ભરતી પ્રજા હવે ત્રાસી ગઈ છે જેમાં ખાસ કરીને નાનકડી ગલીઓમાં રખડતા જાનવરો થી લોકો વધુ હેરાન થઈ રહ્યા છે રાજપીપળા શહેર ના ૫૦૦ જેવા રખડતા જાનવરો છે જે મુખ્ય માર્ગો ની સાથે સાથે હવે નાની નાની ગલીઓ માં પણ અડ્ડો જમાવી બેસે છે, ત્યાંથી ટુ વ્હીલર વાહન પણ કાઢવું મુશ્કેલ બન્યું છે અને ખાસ કરીને દરબાર રોડ પર આવેલી નાની વાલીઓ માં દરરોજ ૨૦ થી ૨૫ ગાયો સવાર થી આવી ચઢે છે જેના મળ, મૂત્ર ના કારણે ગંદકી થતા રોગચાળો ફેલાઈ તેવી દહેશત સ્થાનિકો ને સતાવી રહી છે, ખાસ કરીને પારેખ ખડકી માં આવેલા ગાયત્રી મંદિરે જતા વૃધ્ધો અને ટુ વ્હીલ વાહન ચાલકો માટે એકજ જગ્યા પર અડ્ડો જમાવી બેસેલી ગાયો થી લોકો હેરાન થઈ ગયા છે અને આ બાબત ઘણા લાંબા સમયથી જોવા મળે છે, પાલિકા માં જાણ કરવા છતાં કોઈજ પગલાં લેવાતાં નથી. આ મુદ્દે પાલિકાના મુખ્ય અધિકારી રાહુલ ઢોડિયાં એ જણાવ્યું કે ત્રણેક દિવસથી પાલિકા એ ઢોર પકડવા રાત્રી અભિયાન શરૂ કર્યું છે, દરબાર રોડ પર સવાર થી સાંજ સુધી રહેતા ઢોર પકડવા અલગ વ્યવસ્થા કરીશું.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગાઈડને હેરાન કરતા હોવાના આક્ષેપ : આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના એક્તા નગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફરજ બજાવતા ગાઈડ તથા ગાઈડ સુપરવાઈઝર વચ્ચે ટેલીફોનિક વાતચીત દરમિયાન સીઈઓ ને બીભત્સ ભાષા બોલવાની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી. જેને લઈને ત્યાં ફરજ બજાવતા ગાઈડને તેમના સુપરવાઈઝર દ્વારા આ ઓડિયો ક્લિપ ડીલીટ કરવાની ધમકી મળી હતી માટે આ ગાઈડ સ્ટેચ્યુ ઓફ યુનિટી ના સીઈઓ પાસે આ ઓડિયો ક્લિપ લઈ જઈ સંભળાવી હતી જ્યાં ગાઈડ સુપરવાઈઝરે બીભત્સ ભાષા બોલવાની ભૂલ કબૂલી હતી. ડેપ્યુટી કલેકટર મારફતે ફરિયાદી ગાઈડ ને નોટિસ પાઠવવામાં આવી છે તથા નોકરી માથી કાઢી મુકવા માટે જણાવવામાં આવતા આ મામલા માં ઉલટા ચોર કોટવાલ કો દાટે જેવી પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.

## વિજ્ઞાન ભવન નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય હાથશાળ દિવસ મનાવવામાં આવ્યો



(એજન્સી) નવી દિલ્હી | તા. 10

દેશના સામાજિક-આર્થિક વિકાસ માટે હેન્ડલૂમ ઉદ્યોગના મહત્વ વિશે જાગૃતિ લાવવા ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે વર્ષ 2015માં 7મી ઓગસ્ટના દિવસને રાષ્ટ્રીય હાથશાળ દિવસ તરીકે જાહેર કર્યો હતો. તે પરંપરાને ચાલુ રાખીને 7મી ઓગસ્ટ 2024ના રોજ રાષ્ટ્રીય હાથશાળ દિવસ મનાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ વિજ્ઞાન ભવન નવી દિલ્હી ખાતે યોજાયો હતો. અને વ્રર્ચ્યુઅલ રીતે હાથ ધરવામાં આવ્યો હતો. વિવર્સ સર્વિસ અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણીનું આયોજન ગામ રીદ્રોલ તા. માણસા જિ. ગાંધીનગર, ખાતે આને ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઈન અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું. ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઈન ખાતેના કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી ગિરીશકુમાર સિંઘલ, મદદનીશ નિયામક, હેન્ડ્રીક્રાફ્ટ સર્વિસ સેન્ટર અમદાવાદ હતા. અતિથિ વિશેષ તરીકે ડો. દીપિકા પુરોહિત ડાયરેક્ટર, ખ્યાતી ફાઉન્ડેશનના તેમજ શ્રી મલયશીસ પાલ, મદદનીશ નિયામક, વિવર્સ સર્વિસ સેન્ટર અમદાવાદનું સ્વાગત કર્યું હતું.

## કેવડીયા પાસે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા યુવાનોના પરિવારને મંત્રી, સાંસદ અને ધારાસભ્ય મળ્યા: સહાયની વાત કરી

ભરત શાહ : રાજપીપળા



સાંસદ મનસુખભાઈ વસાવા આદિજાતી વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર અને ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ કેવડીયા અને ગભાણા ગામ ખાતે મૃતકો ના ઘરે પહોંચ્યા અને કેવડીયા નજીક દુર્ઘટનામાં મૃત્યુ પામેલા આદિવાસી યુવાનો સ્વ.જયેશભાઈ શનાભાઇ તડવી તથા સ્વ.સંજય ભાઈ ગજેન્દ્રભાઈ તડવીના પરિવારને મળી, મૌન ધારણ કરીને સાંત્વના આપી. આ મુદ્દે સાંસદ મનસુખ વસાવા એ જણાવ્યું કે ગુજરાતની સંવેદનશીલ સરકારે તાત્કાલિક ધોરણે આ પીડિત પરિવારને ૪,૫૦,૦૦૦/- જેવી માતબર રકમની સહાય મંજૂર કરી છે. આદિજાતી વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર ના હસ્તે આ પરિવારોને ચેક આપવામાં આવ્યો. આ સિવાય પણ ચાર્જશીટ દાખલ થાય એ સમયે મૃતકોનાં પરિવારને બીજી ૪,૫૦,૦૦૦ ની રકમ પણ આપવામાં આવશે. એજન્સી તરફથી પણ મૃતકોનાં પરિવારને ૨૦-૨૦ લાખ રૂપિયાની સહાય પ્રદાન કરવામાં આવશે. આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ જિલ્લા પંચાયત પ્રમુખ ભિમસિંગભાઈ તડવી, ગરુડેશ્વર તાલુકા પંચાયત પ્રમુખ શ્રવણભાઈ તડવી, જિલ્લા પંચાયત સભ્ય દિનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આવા કપરા સમયે પરિવારની પડખે ઊભા રહેવાની જગ્યાએ કેટલાંક લોકો પોતાના રાજકીય રોટલા શેકી રહ્યાં છે, તે બાબત ખુબ જ ગંભીર અને દુઃખદ છે. ચૈતર વસાવા અને એમની પાર્ટીના લોકો પરિવારને શ્રધ્ધાંજલિ આપવાને બદલે ૧૩ તારીખે જે કાર્યક્રમ કરી રહ્યા છે તે ખૂબ જ નિંદનીય છે. આ સમય આપણે સૌએ સાથે મળીને પરિવારની પડખે ઊભા રેહવાનું છે નાં કે પોતાના રાજકીય રોટલા શેકવાનો તેમ મનસુખ વસાવા એ જણાવ્યું હતું.

## ચાણસ્મા ખાતે ગાયકવાડી સમયના 3 મકાનો પૈકી 2 મકાનો નામશેષ કરાયા યાદગીરી રૂપે 1 ઉભુ છે



નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ખાતે ગાયકવાડી સમયમાં ૧ સૈકા પહેલા ૩ મકાનો બનાવાવામાં આવ્યા હતા. જંમાં ૧ મકાનમાં શાળા શરૂ કરાઇ હતી ૨ મકાન માં મામલતદાર કચેરી શરૂ કરાઇ હતી ૩ મકાન માં કોર્ટ શરૂ કરાઇ હતી પરંતુ ૫ વર્ષ પહેલાં ગાયકવાડી સમયમાં બનાવવામાં આવેલા મકાન ને જર્જરીત બતાવી પાડી દેવામાં આવ્યું હતું તેના સ્થાને કોર્ટનું બિલ્ડીંગ બનાવાયું છે. તે પછી ગાયકવાડી સમય ના ૨ મકાનો ગાયકવાડી સમયની યાદ અપાતા ઉભા હતા જે પૈકી તાલુકા પં ની બાજૂમાં ગાયકવાડી સમય નું પ્રા શાળા નું મકાન જર્જરીત થઈ જતાં એક સૈકા જૂની વિરાસત નામશેષ કરાઈ રહી છે જ્યારે ગાયકવાડી સમય નું એક અન્ય મકાન કે જેમાં કોર્ટ ના મકાન તરીકે ઉપયોગ થતો હતો જે એક માત્ર ગાયકવાડી સમય ની વિરાસત રૂપે ઉભું છે જેની જાળવણી રાખવામાં આવે તેવો નગરજનો નો સુર ઉઠવા પામ્યો છે. સૈકા જૂનું ગાયકવાડી સમય નું પ્રા. શાળાનું મકાન જર્જરીત થતા નામશેષ થશે.

## રાજપીપળા નપાના કર્મચારીને સીએમને રજૂઆત બાદ પણ EPFના નાણાં નહિ મળતા MLAને કરી રજૂઆત

ભરત શાહ : રાજપીપળા



રાજપીપળા નગરપાલિકા એ બે વર્ષ થી ઈપીએફ ના નાણાં નહિ ચૂકવ્યા હોવાની વ્યથાભરી રજુઆત બે મહિના પહેલા રાજપીપળા ના એક યુવાને મુખ્યમંત્રી ને પત્ર દ્વારા કરી હોવા છતાં પાલિકા ના જવાબદારો ના પેટનું પાણી નહિ હાલતા આખરે આજરોજ યુવાને ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ ને રજૂઆત કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા ના યુવાન ભરત શાહ નગરપાલિકા માં ફરજ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના ની કામગીરી સંભાળતા હતા ત્યારે તેમણે ગત એપ્રિલ મહિનામાં મુખ્યમંત્રી ને લેખિત રજૂઆત કરી હતી જેમાં જણાવ્યું હતું કે હું રાજપીપળા નગરપાલિકા માં રોજમદાર તરીકે નોકરી કરતો હતો અને સડાચાર વર્ષ સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના ની કામગીરી માં પાલિકા પ્રતિનિધિ તરીકે એજન્સી ના એન્જિનિયર સાથે રહી નિષ્ઠાપૂર્વક કામ કર્યું ,ત્યારબાદ અચાનક સ્ટાફ ઓછો કરતા મને બીજા ખાતાના કર્મચારીઓ સાથે છૂટો કરવામાં આવ્યો એ વાતને બે વર્ષ કરતા વધુ સમય વિતી ગયો, જે તે સમયે મે મારા પાલિકા ના પગાર માંથી કપાયેલા ઈપીએફ ના નાણાં મેળવવા બે વાર લેખિત રજૂઆત કરી અને ત્યારબાદ અત્યારસુધી માં વારંવાર મૌખિક રજૂઆતો કરી છતાં પાલિકા માં આ વિભાગ સંભાળતા કર્મચારી, મુખ્ય અધિકારી, પ્રમુખ, કારોબારી ચેરમેન સહિતનાઓ ને રજૂઆત કરી છતાં દર વખતે અલગ અલગ જવાબો આપી વાત ટાળવા માં આવી, અને આજદિન સુધી આ યુવાન ને તેના હક ના નિકળતા નાણાં મળ્યા નથીજોકે સીએમ ને રજૂઆત કર્યા ને ચાર મહિના જેવો સમય વિતી જવા છતાં હજુ રૂપિયા નહિ મળતા અને પાલિકા તરફથી ફક્ત ખોટા વાયદા મળતા કંટાળેલા અને જરૂરિયાતમંદ યુવાને આખરે ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ ને રજૂઆત કરી છે.

## ઝાલોદમાં આંગણવાડીના ભૂલકાંઓએ તિરંગા યાત્રા યોજી હર ઘર તિરંગા અભિયાનમાં જોડાયા

દિપક રાવલ : દાહોદ



સમગ્ર રાજ્ય આજે હર ઘર તિરંગાના રંગે રંગાઈને આવનાર ૧૫ મી ઓગસ્ટની તૈયારી કરી રહ્યું છે ત્યારે આપણું દાહોદ પણ તેમાં પાછું પડ્યું નથી. અને તેમાંય વાત જો નાનકડાં ભૂલકાઓની આવે ત્યારે એમ થાય કે જો આ નાનકડાં ભૂલકાઓ કે જેઓ હજી શાળાના પગથિયાં માંડ ચડતા થયા છે તેઓ હર ઘર તિરંગા અભિયાનમાં પોતાની ભાગીદારી આપતાં હોય તો પછી આપણે કેમ નહીં..! દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની અલગ અલગ આંગણવાડીના નાના-નાના ભૂલકાંઓએ રાષ્ટ્રધ્વજને હાથમાં લઈ ગામમાં તિરંગા યાત્રા યોજી ગામલોકોને પણ આ અભિયાનમાં સ્વયંભૂ સહભાગી બનવા અપીલ કરી હતી.

## ચાણસ્મા-રાધનપુર રેલવે લાઇનની કામગીરી શરૂ કરાવવા પાટણ સાંસદ ભરતસિહ ડાભીએ કેન્દ્રિય રેલમંત્રીને રજૂઆત

નિતીન ઠાકર : ચાણસ્મા

પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહજી ડાભી એ પોતાના વિસ્તારની પ્રજાની વર્ષો જૂની માંગણી ને ધ્યાને લઈને અગાઉ કેન્દ્રીય રેલવે મંત્રીને ચાણસ્મા- હારીજ - રાધનપુર નવીન રેલવે લાઇન માટેની રજૂઆત કરવામાં આવી હતી. જે રજૂઆતને ધ્યાને લઈ રેલવે વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અને સદર રૂટ ઉપર



આવતા કંબોઈ,હારીજ,સરવાલ, સમી, બાસ્પા, અને બાબરી રેલવે સ્ટેશનનું સર્વે કરી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ત્યારે ઉપરોક્ત નવિન રેલવે લાઇનનું કામ તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તે બાબતની પાટણ સાંસદ ભરતસિંહજી ડાભી એ ગતરોજ લેખિત રજૂઆત કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવજીને કરવામાં આવી.

## નર્મદા જિલ્લામાં બે દિવસમાં 2 સગીર દીકરી અને 1 સગીર દીકરાના અપહરણથી વાલીઓમાં ભય ફેલાયો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં બે દિવસ માં ત્રણ સગીરાઓ ના અપહરણ ની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે મળતી માહિતી અનુસાર નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકા બાદ બીજા જ દિવસે નાંદોદ તાલુકાના એક ગામ માંથી સગીર વયની દીકરી નું અપહરણ થયા ની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. જેમાં ધર્મેન્દ્રભાઈ નાનુભાઈ વસાવા રહે. તા.નાંદોદ જી. નર્મદા નાઓ એ લગ્ન કરવાની લાલચ આપી સગીર દીકરી ને પટાવી ફોસલાવી તા.૦૭/૦૮/૨૦૨૪ ના રોજ વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. જ્યારે સાગબારા તાલુકા માંથી એક સગીર વયના દીકરા નું અપહરણ કરવામાં આવ્યું જેમાં પાનખલા ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતો દીકરો જેનું ભણવામાં મન ન લાગતા તા.૨૮/૦૭/૨૦૨૪ ના રોજ વહેલી સવારના છ વાગ્યાના અરસામા સાગબારા હોસ્ટેલમા જાઉ છુ તેમ કહી ઘરેથી નીકળી કયાક જતો રહેલ હોય અથવા કોઈ અજાણ્યા ઈસમે સગીર દિકરાને કાયદેસરના વાલીપણા માંથી ભગાડી લઇ ગયો હોય.

## અટકી ગયેલા મારા જીવનને ફરીથી વેગ મળ્યો : લાભાર્થી રમેશભાઈ દલસીંગભાઈ સંગાડીયા

દિપક રાવલ : દાહોદ



...જો આ સર્જરી મેં પ્રાઈવેટ હોસ્પિટલમાં કરાવી હોત તો મારા શિયાળાની કડકડતી ઠંડી, ઉનાળાના ધોમધખતા તાપ અને ચોમાસામાં ચાલુ વરસાદે ખેતી કરીને એકઠી કરેલી સમગ્ર જીવનની બચત ખર્ચાઈ જાત....' બોલતાં બોલતાં જ રમેશભાઈ સંગાડીયા ભાવુક થઈ ગયા. તેમની નજર સામેથી તેમના જીવનનો દાયકાઓનો સંઘર્ષ અને આ દરમિયાન આવેલી હોસ્પિટલની ઉપાધિ પસાર થઈ ગઈ. પણ ફરી તેમના ચહેરા પર ચમક આવી અને તેમણે વાત આગળ ધપાવી. '... પણ ભલું થજો સરકારનું કે એક પણ રૂપિયો ખર્ચ્યા વગર લાખોનું ઓપરેશન સાવ મફતમાં થઈ ગયું.' એમ જણાવતા રમેશભાઈ આનંદિત થઈ ઊઠ્યા. રમેશભાઈ દાહોદ તાલુકાના ગમલા ગામે કોટવાલ ફળિયામાં તેમના પરિવાર સાથે રહે છે. વ્યવસાયે ખેડૂત એવા રમેશભાઈ જીવનના છ દાયકા પૂરા કરી ૬૩ વર્ષની ઉંમરે પહોંચ્યા અને તેમને છાતીમાં દુખાવો શરૂ થયો. તેમણે તબીબની સલાહ લીધી અને તબીબે નિદાન કરી જણાવ્યું કે ઓપરેશન કરાવવું પડશે. તપાસ કરતાં ખબર પડી કે આ ખર્ચાળ ઓપરેશનમાં તો તેમના સમગ્ર જીવનની બચત વપરાઈ જાય તેમ છે. એવામાં એમને ગામના જ આરોગ્યકેન્દ્રમાંથી આયુષ્યમાન કાર્ડ વિશે જાણકારી મળી. તેમની જરૂરિયાતને સમજી આરોગ્ય કેન્દ્રના સ્ટાફે તેમને વહેલી તકે કાર્ડ મળે એ માટે ત્વરિત કામગીરી કરી. રમેશભાઈનું કાર્ડ બન્યું અને તેમનું છાતીમાં દુખાવાનું ઓપરેશન તદ્દન નિઃશુલ્ક થઈ ગયું અને ફરીથી તેમનું જીવન વેગવંતુ બન્યું છે. છાતીમાં દુખાવાનું ઓપરેશન થઈ જતાં જીવનભરની બચત સચવાઈ જતાં બમણો ફાયદો થયો: શ્રી રમેશભાઈ એમ કહેતા તેઓ સરકારશ્રીનો આભાર માનતા ચુકતા નથી. લાભાર્થી શ્રી રમેશભાઈ સંગાડીયા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સરકારની અત્યંત ઉપયોગી યોજના છે. આ યોજના થકી હું પગ પર ઊભો થઈ શક્યો છું. અને મને કામ કરવામાં સહેજ પણ તકલીફ પડતી નથી. છાતીમાં દુખાવાને તકલીફને કારણે અટકી ગયેલું જીવન ફરી વેગવંતુ બન્યું છે. ઓપરેશન થઈ જતા જીવનભરની બચત સચવાઈ જતા બમણો ફાયદો થયો છે. જેના માટે હું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનું છું. જેથી પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના ખરા અર્થમાં જન-જનના આરોગ્યની બાંહેધરી તરીકે પુરવાર થઈ છે. આયુષ્યમાન કાર્ડ ધરાવનાર કોઈ પણ ગરીબ નાગરિકને મોટી બીમારીઓ અને મોટા ઓપરેશન તેમજ હોસ્પિટલમાં કરવામાં આવતી પ્રક્રિયાનો વિનામૂલ્યે લાભ મળે છે.

## કિરણ અને આમિરે સુપ્રીમ કોર્ટમાં 'મિસિંગ લેડીઝ'ના સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી!



(એજન્સી) મુંબઇ | તા. 10

દિગ્દર્શક કિરણ રાવે સુપ્રીમ કોર્ટમાં 'મિસિંગ લેડીઝ'ના સ્ક્રીનિંગ પર ખુશી વ્યક્ત કરી! ખાસ પળોના ફોટા શેર કરો Jio સ્ટુડિયો અને આમિર ખાન પ્રોડક્શનની કિરણ રાવ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'Missing Ladies' દર્શકોની સૌથી ફેવરિટ ફિલ્મોમાંની એક છે. તેની હૃદયસ્પર્શી વાર્તા અને કોમેડીએ માત્ર લોકોનું મનોરંજન જ નથી કર્યું પણ તેમના પર ઊંડી અસર પણ છોડી છે. થિયેટરો અને OTT પ્લેટફોર્મ પર બંનેના દિલ જીત્યા પછી, ફિલ્મે ભારતની સર્વોચ્ચ અદાલતમાં સ્ક્રીનીંગ કરીને વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. નિર્માતા આમિર ખાન અને દિગ્દર્શક કિરણ રાવ અન્ય મહત્વપૂર્ણ મહેમાનો સાથે સ્ક્રીનિંગમાં હાજર રહ્યા હતા તે ફિલ્મ માટે એક ખાસ ક્ષણ હતી. સુપ્રિમ કોર્ટ એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગના ઓડિટોરિયમમાં ગુમ થયેલી મહિલાઓનું સ્ક્રીનિંગ યોજાયું હતું. આ જેન્ડર સેન્સિટાઈઝેશન પ્રોગ્રામનો એક ભાગ હતો. આવી સ્થિતિમાં કિરણ રાવે સ્ક્રિનિંગની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. મહાનુભાવોને ફિલ્મ બતાવવાના સન્માન બદલ તેમનો હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરતાં તેમણે લખ્યું - "ગઈકાલે અમને અમારી ફિલ્મ લપટ લેડીઝનું પ્રદર્શન કરવાનું અદ્ભુત સન્માન મળ્યું, જેમ કે આ ચિત્રો દર્શાવે છે, હું અમારા અદ્ભુત CJI DY ચંદ્રચુડ, તેમના અદ્ભુત સહયોગી સુશ્રી કલ્પના દાસ અને CJI ની સમગ્ર ટીમનો આભાર માનું છું. મારા હૃદયના તળિયેથી તમારો આભાર આ એક અનુભવ છે જેને હું હંમેશા યાદ રાખીશ અને હું મારા સમગ્ર કલાકાર અને ક્રૂ વતી આ સન્માન માટે ખૂબ જ આભારી છું.



# રોજ સવારે ચાલવું શા માટે જરૂરી ?

## આ ફાયદા વિશે જાણશો તો તમે પણ શરુ કરી દેશો મોર્નિંગ વોક

**રોજ સવારે તાજી હવામાં વોક કરવાથી ફક્ત શરીરને ફાયદો થાય છે તેવું નથી. સવારની વોક માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. આજ સુધી તમને અનેક લોકોએ એવી સલાહ આપી હશે કે રોજ સવારે ચાલવું જોઈએ. પરંતુ સવારે ચાલવું શરીર માટે શા માટે જરૂરી છે તે કોઈએ જણાવ્યું નહીં હોય. આજે તમને જણાવીએ રોજ સવારે ચાલવાની સલાહ શા માટે આપવામાં આવે છે અને તેની પાછળનું કારણ શું છે.**

### રોજ સવારે ચાલવાથી થતા ફાયદા

1 રોજ સવારે વોક કરવાથી મેટાબોલિઝમ બુસ્ટ થાય છે. સવારના સમયે ચાલવાથી કેલેરી સૌથી ઝડપથી બર્ન થાય છે અને વજન ઘટાડવામાં મદદ મળે છે.

2 સવારે વોક કરવાથી શરીરને ઊર્જા મળે છે, મોરનીંગ પણ સારી રહે છે અને આખો દિવસ પણ સારો રહે છે, અને આખો દિવસ શરીર તરોતાજા રહે છે.

3 સવારે વોક કરવાથી શરીરમાં હોર્મોન્સનું સંતુલન જળવાઈ રહે છે જેના કારણે તમે ખુશી અનુભવ કરો છો.

4 સવારે વોક કરવાથી મૂડ સુધરે છે અને માનસિક ચિંતા દૂર થાય છે.

5 સવારે વોક કરવાથી દિનચર્યા રેગ્યુલર થાય છે. સાથે જ રાત્રે ઊંઘ પણ સારી આવે છે.

6 સવારે વોક કરવાથી ડિપ્રેશન અને ચિંતા જેવી માનસિક બીમારીઓથી લડવામાં મદદ મળે છે.

7 સવારના સમયે વોક કરવાથી હૃદય સ્વસ્થ રહે છે અને હૃદય રોગ થવાનું જોખમ ઘટે છે.

8 સવારના સમયની વોક શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે.

**ચાલવા માટેનો બેસ્ટ સમય કયો ? |** સવારે જાગીને નાસ્તો કરો તે પહેલા વોક પર જવાથી સૌથી વધુ ફાયદો થાય છે. શરૂઆતમાં નિયમિત 30 મિનિટ સુધી વોક કરવી જોઈએ ત્યાર પછી તમે સમય ધીરે ધીરે વધારી શકો છો. વોક કરવા માટે પાર્ક કે ખુલ્લા મેદાનને પસંદ કરો.

# સ્તનપાનથી બાળકની રોગપ્રતિકારક શક્તિ કેવી રીતે વધે છે?

**નિષ્ણાતોના મતે માતાનું પ્રથમ દૂધ શિશુ માટે પ્રથમ રસીકરણ સમાન છે. જેનાથી બાળકમાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. બાળક હેલ્ધી રહે છે. બાળકને માતાનું દૂધ અનેક બીમારીઓથી બચાવે છે. માતાનું દૂધ એ નવજાત શિશુ માટે અમૃત સમાન છે. નવજાત શિશુનું સ્વાસ્થ્ય અને શારીરિક વિકાસ તમે તેને જે આહાર આપી રહ્યા છો તેના પર આધાર રાખે છે. બાળરોગ ચિકિત્સકો હંમેશા ભલામણ કરે છે કે બાળકને જન્મથી જ માતાનું દૂધ પીવડાવવું જોઈએ કારણ કે તે તેના માટે શ્રેષ્ઠ આહાર છે, અને તેની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પણ તે જરૂરી છે. ડો. તૃપ્તિ રાહેજા, લીડ કન્સલ્ટન્ટ (ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી), સી.કે. બિરલા હોસ્પિટલ, દિલ્હીએ જણાવ્યું કે કેવી રીતે સ્તનપાન બાળકની રોગપ્રતિકારક શક્તિને વધારે છે, જે તેને અનેક રોગોથી બચાવી શકે છે.**



**એન્ટિબોડીઝની હાજરી |** સ્તન દૂધમાં એન્ટિબોડીઝનું ઉચ્ચ સ્તર હોય છે, ખાસ કરીને IgA, જે બાળકના ગળા, ફેફસાં અને આંતરડામાં રહેલા મ્યુકસ મેમ્બ્રેન પર હુમલો કરે છે.

**WBC હાજરી |** માતાના દૂધમાં જીવંત શ્વેત રક્તકણો હોય છે જે રોગપ્રતિકારક શક્તિને વધારાનો ટેકો આપે છે. આનો અર્થ એ છે કે જો તમે સ્તનપાન કરાવો છો, તો તમારા બાળકોને રોગોનું જોખમ ઓછું થશે.

**પ્રોટીન અને ઉત્સેચકોની માત્રા |** માતાના દૂધમાં ઘણા પ્રકારના પ્રોટીન અને ઉત્સેચકો હોય છે જેમ કે લેક્ટોફેરિન, લાઈસોઝાઈમ અને ઓલિગોસેકરાઈડ્સ જે બેક્ટેરિયાના વિકાસને અટકાવે છે.

**પ્રોબાયોટિક ગુણધર્મો |** માતાના દૂધમાં પ્રોબાયોટિક ગુણ હોય છે. તેથી, તેઓ ફાયદાકારક બેક્ટેરિયાના વિકાસને પ્રોત્સાહન આપે છે, જે એકંદર રોગપ્રતિકારક શક્તિને સુધારવામાં મદદ કરે છે.

**બળતરા અટકાવો |** સ્તન દૂધમાં સાયટોકાઈન્સ જેવા બળતરા વિરોધી પરિબળો હોય છે જે બળતરા અને એલર્જીક પ્રતિક્રિયાઓ ઘટાડે છે.

# ડાયાબિટીસથી છૂટકારો, ફટાફટ ઉતરશે વજન જાણો ફણગાવેલાં મગ ખાવાના ફાયદા

કોરોના કાળ બાદ લોકો પહેલાંની સરખામણીએ વધારે હેલ્થ કોન્સિયશ બની ગયા છે. આ એક સારી બાબત છે. કારણકે, બદલાતી જીવનશૈલી અને ફાસ્ટ લાઈફને કારણે ખાણી-પીણીમાં પણ ઘણી સમસ્યાઓ થાય છે. જેની સીધી અસર હેલ્થ પર પડે છે. આજના વ્યસ્ત જીવનમાં તમારી જાતને ફિટ રાખવી એ એક મોટો પડકાર છે. વ્યક્તિ દિવસ-રાત મહેનત કરીને પૈસા કમાય છે, પરંતુ આ પ્રક્રિયામાં તેનું સ્વાસ્થ્ય પણ દાવ પર લાગે છે. આજે અમે તમને ફિટ રહેવા માટે એક અનોખી રેસિપી જણાવવા જઈ રહ્યા છીએ. જો તમારી પાસે જિમ જવાનો કે કસરત કરવાનો સમય નથી, તો ચિંતા કરશો નહીં. તમે સવારે ઉઠો અને ફણગાવેલા મગનું સેવન શરૂ કરો. તે એક પૌષ્ટિક અને આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થ છે. તેનું સેવન કરવાથી ન માત્ર તમારું શરીર ફિટ થશે પરંતુ ઘણી બીમારીઓથી પણ રાહત મળશે. ફણગાવેલા મગમાં પોટેશિયમની ખૂબ જ માત્રા હોય છે, જે હૃદયને ફિટ રાખવામાં ઘણી મદદ કરે છે. દરરોજ સવારે તેનું સેવન કરવાથી શરીરમાં રક્ત પરિભ્રમણ તો સુધરે છે પરંતુ હૃદયના સ્નાયુઓને મજબૂત કરીને તેને પંપ કરવામાં પણ સરળતા રહે છે. ફણગાવેલા મગમાં કેલરીની માત્રા ખૂબ જ ઓછી હોય છે, જેના કારણે તે ખાવાથી જલ્દી પચી જાય છે. અંકુરિત મગ ખાવાથી પેટની ચરબી સ્થિર રહે છે અને ઉંચાઈ પ્રમાણે વજન સંતુલિત રહે છે. આ જ કારણ છે કે કુસ્તીબાજોથી લઈને સામાન્ય લોકો સુધી દરેક તેને ખાય છે. મજબુત શરીર બનાવવા માંગતા યુવાનો માટે ફણગાવેલો મગ રામબાણ સમાન છે. વાસ્તવમાં, ફણગાવેલા મગમાં પ્રોટીનનું પ્રમાણ વધુ હોય છે. તે સ્નાયુઓના નિર્માણ અને સમારકામમાં મદદ કરે છે. તેનું સેવન કરવાથી શરીર મજબૂત અને શક્તિશાળી બને છે.



વાળ ખરવાની કે સફેદ થવાની સમસ્યાથી પીડાતા લોકો ફણગાવેલા મગનું સેવન કરીને તેમની સમસ્યા દૂર કરી શકે છે. તેમાં વિટામીન અને મિનરલ્સ ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે માથાના વાળના મૂળને મ બૂત બનાવે છે. તે વાળને ઝડપથી ગ્રે થતા અટકાવે છે. ફણગાવેલા મગનું સેવન હાઈ બ્લડ શુગર અથવા ડાયાબિટીસથી પીડિત લોકો માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેમાં પ્રોટીન અને ફાઈબર સારી માત્રામાં હોય છે, જે ઈન્સ્યુલિનનું ઉત્પાદન વધારવામાં મદદ કરે છે. આનાથી ડાયાબિટીસ આપોઆપ કંટ્રોલ થઈ જાય છે. જે લોકો પેટની તકલીફથી પરેશાન હોય તેમણે તરત જ ફણગાવેલા મગનું સેવન શરૂ કરી દેવું જોઈએ. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના મતે તેમાં ફાઈબર સારી માત્રામાં હોય છે, જે શરીરની પાચન તંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આનાથી કબજિયાત અને ઝાડાથી પણ રાહત મળે છે.

# લગ્ન, પ્રેમ વગેરે જેવી નકામી ચીજોમાંથી એનો સંપૂર્ણ વિશ્વાસ ઉઠી ગયો



## વિસર્જન કોનું?


- રુપાલી દવે

'વિસર્જન'અને 'વિદાઈ' વચ્ચે નો સબંધ ક્યારેય નથી સમજાયો. બન્ને શબ્દો મને ગમગીનીનાં અંધારા માં ધકેલી દે છે.શું છે આ વિસર્જન? યાદ કરવા જેવી સુખદ ઘટના વિસરાઈ છે ને ક્યારેય યાદ કરવા માંગતા ના હોઈએ એ માનસપટ પર છવાયેલું રહે છે.કેટલુંય મન ને સમજાવું છું કે એનું વિસર્જન થઈ ગયું છે એ વિચારો ના દાહ સંસ્કાર કરી નાખવો જોઈએ. પરંતુ સ્મૃતિઓ ને ઘટનાઓ સાથે ખેલવું વધારે પસંદ હોઈ છે...

આંખો ની આસપાસ અંધારું છવાઈ હતું ને વર્ષોની ઊંઘમાં મારો સંપૂર્ણ સંસાર ભૂલાઈ ગયો,કદાચ મારું અસ્તિત્વ શું કરું યાદ કરવા મથું છું પણ નથી યાદ આવતું,કેમ? કોમામાં છું. બસ બંધ આંખો માં પરિવાર સાથે સુખી સંસાર જીવી રહ્યા છું, છતાંય એ રાત્રિ ની ઘટના ભૂલી ગયો નથી કે ભુલાતી નથી..પત્ની સ્મૃતિ એ આવીને કહ્યું કે હું અને બન્ને બાળકો સંતાઈ ગયા છીએજલદી શોધ અમને..આમ તો છુપાછુપી ની રમત મને ખૂબ ગમે છે પણ ઘટના યાદ આવતા છુપાયેલ સ્મૃતિ અને બન્ને બાળકો ને ભેટતા કહું છું કે ખબરદાર છુપ્યા છો તો દાટ પડશે.. બસ એમજ બંધ આંખોમાં ઘણી રાત્રિઓ વિતાવ્યા બાદ અચાનક આંખ ખોલી ત્યારે સમજાયું કે મારી સ્મૃતિ અને બાળકો ગૂમ થઈ ગયા છે..ક્યાં? ક્યારે? થયું કે સ્વપ્નમાં...નાં હકીકત માં.. ક્યારેય ના જોવો ગમતો એ ચહેરો મને ટીકી ટીકીને જોઈ રહીયો હતો... થયું કે પાછો કોમા માં સરી જાવ.. ખબર નહિ કેમ જ્યારે પણ એ મારી સામે આવે છે ત્યારે મને મારા બાળપણ અને સ્કૂલના દિવસો યાદ આવી જાય છે..એ દિવસો મને ક્યારેય નથી ગમ્યા..એ દિવસો માં એ મારી સાથે હતી ત્યારે એનું કામ એકજ મારી મમ્મી ને ચોરી લેવાનું..મમ્મી ને મારા કરતાં વધારે એનામાં ટેલેન્ટ વધારે દેખાતું હતું કેમ કે એ જાણીતા ઉદ્યોગપતિ જીવરાજ મહેતા ની એકની એક દીકરી છે.. પરંતુ કૉલેજ કાળ ની મારી પ્રેમિકા મારી સ્મૃતિ મને ખૂબ પ્રેમ કરતી હતી એ મને આવી હાલતમાં તો ક્યારેય છોડીને જાય નહિ છતાંય મને આવી હાલત માં છોડી ને ક્યાં ગઈ હશે? પૂછ્યું એ નખચડી શકુંતલા ને કે બધા મને છોડીને ક્યાં ભાગી ગયા છે? સ્મૃતિ અને બાળકો ક્યાં છે? તે એને ક્યાં છુપાવ્યા છે? સમજાતું નથી તું મારો પીછો ક્યારે છોડીશ હું તને ક્યારય પ્રેમ નથી કરવાનો જલદી મારી સ્મૃતિ લાવી આપ..જા ..દૂર..જા..મને તને જોઈને ચીડ ચડે છે...તું મને બિલકુલ ક્યારે ગમી જ નથી. તું કેમ આટલી બધી વિચિત્ર છો?

શશાંકે એ એની આંખ બંધ કરીને પત્ની સ્મૃતિ ના વિચારો માં ખોવાઈ ગયો.મનોમન બોલ્યો કે ખબર છે શકુંતલા તું બદલો લઈ રહી છો તારા બદલો તારી સાથે લગ્ન કર્યા નહિ એટલે. તું આજ પણ મારી બાળપણ ની એકમાત્ર બેસ્ટ ફ્રેન્ડ છો ને હમેશા રહેવાની...શકુંતલા, તું ખરેખર ખૂબ સુંદર છો તારી સુંદરતા આગળ કોઈ ટકી શકે નહિ.પરંતુ સ્મૃતિ નો સહજ અને કેરિંગ નેચર એ મારા જેવા અનાથ નું દિલ જીતી લીધું હતું. કૉલેજ ના પહેલા જ વર્ષમાં થયેલ સ્મૃતિ ની એન્ટ્રી થતાંજ એની મોટી ભૂરી આંખોમાં એવો તણાયો ગયો હતો ને કે એ પછી ક્યારેય નીકળી શક્યો નહિ.સાચું કહું તો સ્મૃતિની ભૂરી આંખોનો મને નશો ચડી ગયો છે ને કે એને ભૂલવી અશક્ય છે. કાશ તે મને એ એક્સિડન્ટ માંથી બચાવ્યો ના હોત તો હું પણ મારી સ્મૃતિ સાથે હોત.. ડોક્ટર મહેરા હોસ્પિટલ ના સ્પેશિયલ રૂમમાં દાખલ થતાં બોલ્યો કેમ છો?મજામાં મી.શશાંક..તમને ખબર છે કે તમે વર્ષ બાદ કોમા માંથી બહાર નીકળ્યા છો,તમારા શરીરમાં લોટસ ઓફઈજરી હતી.એ તો સાજી થઈ ગઈ છે પરંતુ વધારે સમય બેડ પર સુતા રહેવાને કારણે પગની સ્નાયુઓ બંધાઈ ગઈ છે. દવાઓ અને ફિજીયો થેરપી થી ધીમે ધીમે બધું સરખું થઈ જશે.. આજ હોસ્પિટલ માંથી ડીસચાર્જ મેળવી ને ઘરે વર્ષ બાદ જઈ રહ્યા છો..દરરોજ તમારે ઘરે આવીને ફિજીઓ ટ્રીટમેન્ટ માટે ડોક્ટર સુજલ સવારના 7વાગ્યે આપવા આવશે. પ્લીઝ કો ઓપરેટ હર..ડોક્ટર મહેરા એ શંકુતલા તરફ જોઈને કહ્યું કે મી.શશાંક ,આપના એક્સિડન્ટ બાદ આપનેમિસ શકુંતલા એ હોસ્પિટલમાં aedmit કરાવ્યા હતા.આપ અમારી ટ્રીટમેન્ટ એને એની સેવાના કારણે જ વર્ષ માં જ કોમા માંથી સ્વસ્થ નીકળી ગયા છો...શશાંકે સ્માઈલ કરતા ડોક્ટર ને 'thank yu' કહ્યું.. ડૉક્ટરે એ શકુંતલા સામુ જોઈને કહ્યું કે આપ આજે જ મી.શશાંક ને ઘરે લઈ જઈ શકો છો.

શકુન્તલા એ ડોક્ટર ને ઓકે કહીને શશાંક ની સામુ જોયા વગર શકુંતલા સ્પેશિયલ રૂમ ની બહાર નીકળી કેશ કાઉન્ટર તરફ બાકીનું પેમેન્ટ વગેરે discharge ની વિધિ પૂર્ણ કરવા માટે નીકળી ગઈ.વોર્ડ બોય એ શશાંક ના શરીર પર સ્પજ વગેરે કરીને ઘરેથી આવેલ નવા ટી શર્ટ અને ટ્રેક પહેરાવીને એને વ્હીલ ચેર પર બેસાડ્યો. હોસ્પિટલ બહાર ઊભેલી એસ.યુ.વી કાર ની પાછળ ની સીટ પર શશાંક ને બેસાડીને એક મેઈલ નર્સ પાછલી સીટ પર શશાંક સાથે અને બીજો આગળ ની ડ્રાઈવર સીટ બાજુમાં બેસી ગયો. શકુંતલા એ ગાડીને સામન્ય સ્પીડ માં હંકારી ને સીધી અમદાવાદના આંબાવાડી વિસ્તાર નાં 'શ્રી કૃષ્ણ આશ્રય બંગલા' નાં કમ્પાઉન્ડની અંદર પાર્ક કરી. શશાંકએ વર્ષ બાદ પોતાનું ઘર જોતાજ ભાવુક બની ને રડવા લાગ્યો....એ એક્સિડન્ટ ની ઘટનામાં સ્મૃતિ અને બાળકો સાથે શું થયું હતું એ ભૂલાઈ



ગયું હતું એટલે ઘર આવતા જ શકુંતલા ને thank you so much કહી ને બોલ્યો કે તે મારી આટલા દિવસોથી ખૂબ કાળજીપૂર્વક સેવા કરી છે.તને વધારે પરેશાન નથી કરવા માંગતો સ્મૃતિ અને બાળકો ને બોલાવી લે એટલે એ લોકો મારી સેવા કરશે.. ક્યાં છે સ્મૃતિ ,રેહાન અને રૂપક? હોસ્પિટલ માં જોયા નહિ એટલે થયું કે બધા બંગલે મને વેલકમ કરવા માટે રાહ જોતા હશે..શકું,કેમ કોઈ ઘરની અંદર દેખાતું નથી? ..શંભુ કાકા હરખાતા હરખાતા બંગલા ના મુખ્ય દ્વાર માંથી આરતીની થાળી લઈને આવ્યા ત્યારે શશાંક એ પૂછ્યું કે કાકા, સ્મૃતિ ક્યાં છે? એને કહો કે એ આરતી ઉતારે.. શંભુ કાકા બોલ્યાં કે એ ઘરમાં નથી...તમારી તબિયત સારી નથી ને એટલે ફટાફટ આરતી કર્યા બાદ સીધા બેડરૂમ માં સુવડાવી દઈશ..શશાંકે ઘણી આનાકાની કરી પરંતુ શંભુ કાકા અને શકુંતલા એ એનું કશુંય સાંભળ્યું નહી...

શશાંકે બેડ પર સુતા સુતા ગુસ્સે થઈને શકુંતલા ને કહ્યું કે તારે તો પરિવાર જેવું ક્યાં કઈ છે એટલે તને ગૃહસ્થ જીવન વિશે જાણકારી શું હોઈ ? તારું મન મગજ ચિત્ર વિચિત્ર કાવતરા ઓથી ભરપુર છે.જ્યારથી ભાન માં આવ્યો છું ત્યારથી જોઈ રહીયો છું જૂના વેર નો બદલો લેવા માટે તે મને મારા પરિવારથી અલગ કરી દિધો લાગે છે. તને મારા અને સ્મૃતિના લગ્ન જીવનની આટલી બધી ઈર્ષા આવતી હશે એની ખબર જ નહતી..શકું તું તો આવી ક્યારેય આવી નહતી,કેમ આવી થઈ ગઈ છો? કોમાની સ્થિતિ માંથી નીકળ્યો છું ત્યારથી તે મારી સાથે એક શબ્દ ની આપલે કરી નથી.કેમ કાઈ બોલતી નથી?કેમ મને આટલું બધું અકળાવે છે? બોલ મારા બાળકો અને પત્ની ને તે ક્યાં છુપાવ્યા છે. શકુંતલા એ બન્ને મેઈલ નર્સ જીવન અને રમન ને કહ્યું કે સાહેબ નો દવાઓનો સમય થઈ ગયો છે આપી દયો. શકું એ બેગ માંથી મોંઘી સિગારેટ નું પેકેટ ખોલીને ઊંડા વિચારો માં ખોવાઈ ને બેત્રણ સિગારેટ ફૂકી મારી...ઘર માંથી શશાંક નો રડવા સાથેની ચીસાચીસ નો અવાજ સાંભળતા જ એ દોડીને એના રૂમમાં પ્રવેશી. શકુંતલા તરફ નજર કરીને શશાંક એ રડતા રડતા કહ્યું કે બોલ,મારી સ્મૃતિ અને બાળકો ક્યાં છે? કેમ કોઈ મારી સામે નથી આવતા? તે બધાને ક્યાં રવાના કરી દીધા ,ઉર્ષાળું સ્ત્રી? જલદી બોલ નહિતર પોલીસ કેસ કરું છું,એવી સજા અપાવીશ ને કે ક્યારેય જેલ માંથી નીકળી શકીશ નહી.મને ખબર છે કે તને મારા પર વર્ષો પહેલાંનું ખુનન્સ છે, સ્મૃતિ સાથે લગ્ન કરી નાખ્યાં એનો બદલો લઈ રહી છો. શશાંક ના અર્ધ પાગલ જેવા બકવાસ સાંભળીને પણ શકુંતલા કશુંય બોલ્યાં વગર ચૂપચાપ રૂમની બહાર નીકળી ને બન્ને મેઈલ નર્સને બહાર બોલાવી બધું સમજવી દીધું.આમપણ એ બન્ને બધી હકીકતથી વાકેફ હતા વર્ષથી શશાંકની બધી સાર સંભાળ રાખતા હતા. શકું એ નોકર શંભુ કાકા ને બોલાવી ને સમજાવ્યું કે શશાંક ગુસ્સામાં આવીને ગમે તે બોલે કે કહે તમારા મોં માંથી સ્મૃતિ,રેહાન અને રૂપકનું કાર accident માં એ દિવસે સ્થળ પરજ મૃત્યુ થયું હતું એ હકીકત નીકળવી જોઈએ નહિ. કોઈપણ સંજોગોમાં એની જાણ શશાંક થશે તો એની તબિયત બગડી જશે ને કોમા માં સરી પડશે. શકુંતલા એની બ્લેક એસ. યુ.વી કાર ડ્રાઈવ કરીને પ્રહલાદ નગર સ્થિત કોર્પોરેટ બિલ્ડિંગ ના 10માં ફ્લોર પર આવેલી એની ખુદની મેનેજમેન્ટ કંપની ની ઓફીસ જવા નીકળી ગઈ. શકું એ પોતાના જીવનનું બધુજ ફોક્સ બિઝનેસમાં લગાવી દીધું હતું.લગ્ન,પ્રેમ વગેરે જેવી નકામી ચીજો માંથી એનો સંપૂર્ણ વિશ્વાસ ઉઠી ગયો હતો.શકું ના પપ્પાની ઉમર થતાં એના બિઝનેસ ની જવાબદારીઓ પણ એના પર આવી ગઈ હતી.શકુંતલાના દિવસો પાર્ટીઓ,બિઝનેસ મિટિંગ અને એનો એક માત્ર ફ્રેન્ડ યુવાન સાથે પસાર થતા હતા. યુવાન એનાથી દસ વર્ષ નાનો હતો પરંતુ એ શકું ને ખૂબ પ્રેમ કરતો હતો ને એ શકુંતલા ની સાથે લીવ ઈન માં વર્ષોથી શકું સાથે લગ્ન વગર એના બંગલા જીવરાજ ભવન માં રહેતો હતો. શકુંની ગાડી જીવરાજ ભવન માં દાખલ થતાં જ પાર્કિગમાં સફેદ કલર ની હેચબેક કાર પાર્કિંગમાં જોતાજ એના ચેહરા પર ચમક આવતા કાર પાર્ક કરીને બંગલામાં દાખલ થતાં બોલી ઉઠી 'યુવી' તું ક્યારે આવ્યો,ઓહ!!! darling, આજ ખૂબ થાકી ગઈ છું....યુવી એ શકું ના હોઠ પર ચુંબન કરીને કહ્યું કે જા પહેલા હોટ શાવર લઈને ફ્રેશ થઈને આવ.ત્યાં સુધીમાં હું તારી પસંદગીનો તારા માટે નાસ્તો બનાવીને તૈયાર રાખું છું...યુવાને કહ્યું કે શકું,બ્લુ ગાવુન પહેરજે,બ્લુ કલર તારા પર ખૂબ ક્યુટ થાય છે..શકું સહેજ પાછળ ફરીને આંખ મિચકર્તા કહ્યું, 'really'


# આમિર 70 વર્ષ સુધી કામ કરશે

## એક્ટરે કહ્યું- તેના પછી જીવન કોણે જોયું છે, હું દર વર્ષે અભિનય નહીં કરી શકું, પરંતુ 4-5 ફિલ્મો પ્રોડ્યુસ કરીશ...

(એજન્સી) મુંબઇ । તા. 10

હાલમાં જ સુપ્રીમ કોર્ટમાં ફિલ્મ 'લાપતા લેડીઝ'ની સ્પેશિયલ સ્ક્રીનિંગ દરમિયાન આમિર ખાને કહ્યું હતું કે તે 70 વર્ષની ઉંમર સુધી કામ કરશે. અહીં તેણે એમ પણ કહ્યું હતું કે તે દર વર્ષે ફિલ્મોમાં અભિનય નથી કરી શકતો, પરંતુ વર્ષમાં 4-5 ફિલ્મો ચોક્કસ બનાવશે.

આમિરે યુવા પ્રતિભાને આગળ વધારવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.



9 ઓગસ્ટના રોજ, આમિર ખાન દિગ્દર્શક અને સહ-નિર્માતા કિરણ રાવ સાથે સુપ્રીમ કોર્ટમાં ફિલ્મ 'લાપતા લેડીઝ'ની સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. અહીં તેણે પોતાના ભવિષ્યના આયોજન વિશે વાત કરી. આમિરે કહ્યું કે કોવિડ રોગચાળા દરમિયાન તેની પાસે તેની કારકિર્દી વિશે વિચારવાનો પૂરતો સમય હતો.

તે સમયને યાદ કરતાં અભિનેતાએ કહ્યું કે તેની કારકિર્દી ટૂંક સમયમાં છેલ્લા તબક્કામાં પહોંચવાની છે. કોવિડની આસપાસ આમિર 56 વર્ષનો હતો, જ્યારે તેણે પોતાની જાતને કહ્યું - મારી પાસે હજુ 15 વર્ષ છે. હું 70 વર્ષ સુધી સક્રિય રીતે કામ કરીશ, જેણે તેના પછીનું જીવન જોયું છે. આમિરે વધુમાં કહ્યું કે તે સામાન્ય રીતે ત્રણ વર્ષમાં એક ફિલ્મ લાવે છે. તેણે એ વાત પર પણ ભાર મૂક્યો છે કે તેને હિન્દી ફિલ્મ ઉદ્યોગ અને સમાજ તરફથી ઘણો પ્રેમ અને પ્રશંસા મળી છે. આવી સ્થિતિમાં તે વધુ ફિલ્મો બનાવીને સમાજને પાછું આપવા માંગે છે.

આમિરે કહ્યું કે તે દર વર્ષે ફિલ્મોમાં અભિનય કરી શકતો નથી. પણ ફિલ્મો બનાવી શકે છે. તેઓ નવા ઉભરતા કલાકારો માટે એક પ્લેટફોર્મ બનાવવા માંગે છે. તેઓ એક વર્ષમાં 4-5 ફિલ્મો બનાવવા માંગે છે, જેથી દર્શકો 'લાપતા લેડીઝ' જેવા શાનદાર કન્ટેન્ટ જોઈ શકે. ફિલ્મ 'લાપતા લેડીઝ'માં નિતાંશી ગોયલ, પ્રતિભા રાંટા અને સ્પર્શ શ્રીવાસ્તવ લીડ રોલમાં હતા. આ ફિલ્મમાં રવિ કિશન પણ મહત્ત્વના રોલમાં હતા. આ ફિલ્મ 1 માર્ચના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

# 'મેલ સ્ટાર્સે બાળકો નથી સાચવવા પડતા':મીનાક્ષી શેષાદ્રીએ મેલ સ્ટાર્સના બોલિવૂડમાં લાંબા સમય સુધી રહેવાનું કારણ જણાવ્યું



(એજન્સી) મુંબઇ । તા. 10

મીનાક્ષી શેષાદ્રી 90ના દાયકાની ટોચની એક્ટ્રેસમાંની એક હતી. તેણે અમિતાભ બચ્ચન, રાજેશ ખન્ના, જીતેન્દ્ર, અનિલ કપૂર અને શત્રુઘ્ન સિંહા જેવા મોટા સ્ટાર્સ સાથે કામ કર્યું. 1995માં લગ્ન કર્યા બાદ તે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડીને અમેરિકા શિફ્ટ થઈ ગઈ હતી. હવે મીનાક્ષી ફરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કમબેક કરવાનો પ્રયાસ કરી રહી છે. હાલમાં જ તેણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે મેલ સુપરસ્ટાર્સ આટલા લાંબા સમય સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રહેવાનું કારણ શું છે?

'લહેરેન રેટ્રો'ને આપેલા એક ઈન્ટરવ્યુમાં મીનાક્ષીએ કહ્યું, પુરૂષ કલાકારો આટલા લાંબા સમય સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રહેવાના ઘણા કારણો છે. ધર્મેન્દ્ર, જીતેન્દ્ર અને અમિતાભ બચ્ચન વગેરે દિગ્ગજ કલાકારો હજુ પણ ઈન્ડસ્ટ્રીમાં છે. એક પરિબળ એ છે કે તેમની પાસે ઘરનું કોઈ કામ નથી. તે પોતાની કારકિર્દી પર સંપૂર્ણ ધ્યાન આપી શકે છે. બીજું પરિબળ એ છે કે તેઓએ બાળકોને જન્મ આપવો નથી અને બાળકોનો ઉછેર કરવો નથી. આ બધું સ્ત્રીની જવાબદારી બની જાય છે. આ જ કારણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હીરો હજુ પણ લાંબા સમય સુધી ટકી રહ્યા છે. લોકો હજુ પણ તેને પસંદ કરે છે.'દામિની', 'હીરો' અને 'ઘાતક' જેવી ફિલ્મોથી બોલિવૂડમાં પોતાની ઓળખ બનાવનાર અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રી છેલ્લે 1996માં આવેલી ફિલ્મ 'ઘાતક'માં જોવા મળી હતી. ત્યારપછી ન તો તેની કોઈ ફિલ્મ આવી કે ન તો તે બોલિવૂડની કોઈ પાર્ટી કે ફંક્શનમાં જોવા મળી.

1995માં જ મીનાક્ષીએ અમેરિકા સ્થિત એનઆરઆઈ હરીશ મૈસૂર સાથે લગ્ન કર્યા અને ભારત છોડી દીધું. તે બે બાળકોની માતા છે. કહેવાય છે કે તે સમયે ફિલ્મમેકર રાજકુમાર સંતોષી પોતાની મોટાભાગની ફિલ્મોમાં મીનાક્ષીને હીરોઈન તરીકે કાસ્ટ કરતા હતા. તેનું રહસ્ય ત્યારે ખુલ્યું જ્યારે એક દિવસ સંતોષીએ મીનાક્ષી પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો.


જોકે મીનાક્ષીએ સંતોષીનો પ્રસ્તાવ ફગાવી દીધો હતો, પરંતુ તેણે બોલિવૂડને પણ અલવિદા કહી દીધું હતું.

# નાગ ચૈતન્ય-શોભિતાની સગાઈની અનસીન તસવીરો

## પરિવાર સાથે જોવામાં મળ્યું કપલ; એક્ટ્રેસે ફોટા શેર કર્યા, મલાઈકા સહિત ઘણા સેલેબ્સે અભિનંદન પાઠવ્યા









સાઉથ એક્ટર નાગ ચૈતન્યએ અભિનેત્રી શોભિતા ધુલીપાલા સાથે 8મી ઓગસ્ટે સગાઈ કરી હતી. હાલમાં જ સગાઈની કેટલીક અનસીન તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં કપલ પરિવાર સાથે પોઝ આપતું જોવા મળે છે. શોભિતાએ સગાઈની કેટલીક તસવીરો પણ શેર કરી છે. આ તસવીરોમાં તે નાગ ચૈતન્ય સાથે જોવા મળી રહી છે. આ તસવીરો સામે આવતા જ નાગ ચૈતન્ય અને શોભિતાને સોશિયલ મીડિયા પર ઘણા ટ્રોલનો સામનો કરવો પડ્યો હતો.

બંનેએ નાગ ચૈતન્યના પિતા નાગાર્જુનના ઘરે એક પ્રાઈવેટ સેરેમનીમાં સગાઈ કરી હતી. નાગાર્જુનનું ઘર હૈદરાબાદના પોશ વિસ્તાર જ્યુબિલી હિલ્સમાં આવેલું છે. નાગાર્જુને સૌ પ્રથમ તેમની સગાઈના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા અને તેમને આશીર્વાદ આપ્યા હતા. આ પોસ્ટ પર ઘણા સેલેબ્સે શોભિતા અને નાગ ચૈતન્યને પણ અભિનંદન પાઠવ્યા છે.

શોભિતાની પોસ્ટ પર ફેન્સ ગુસ્સે થયા, કહ્યું- આ લોકો ટૂંક સમયમાં અલગ થવાના સમાચાર આપશે આ પોસ્ટ પર યુઝર્સ શોભિતાને જોરદાર ટ્રોલ કરી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ કરી અને લખ્યું- વહેલા-મોડા આ લોકો અલગ થવાના સમાચાર પણ જાહેર કરશે.

# 'લક્ષ્ય' ફ્લોપ થયા બાદ ફરહાન ડિપ્રેશનમાં સરી પડ્યો હતો...

## મેં વિચાર્યું નહોતું કે આવી સ્થિતિ થશે, આમાંથી બહાર નીકળવામાં દોઢ વર્ષ લાગ્યા '

(એજન્સી) મુંબઇ । તા. 10

અભિનેતા-દિગ્દર્શક ફરહાન અખ્તરે તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે ફિલ્મ 'લક્ષ્ય' ફ્લોપ થયા બાદ તે ડિપ્રેશનમાં ગયો હતો. તેમાંથી બહાર નીકળવામાં તેને લગભગ 1.5 વર્ષનો સમય લાગ્યો.

ફરહાને તે પણ કહ્યું કે બાળપણથી જ તેને શીખવવામાં આવ્યું હતું કે મહેનતનું ફળ મળે છે, અને તેણે વિચાર્યું કે આ ફિલ્મ ચાલશે. જો કે આવું બન્યું ન હતું. લક્ષ્ય ફિલ્મનું નિર્દેશન ફરહાન અખ્તરે કર્યું હતું. આ ફિલ્મમાં હૃતિક રોશન અને પ્રીતિ ઝિન્ટા લીડ રોલમાં હતા.

રાજ શમાનીને આપેલા ઈન્ટરવ્યુમાં ફરહાને તેની પહેલી ફ્લોપ ફિલ્મનો અનુભવ શેર કર્યો હતો. તેણે કહ્યું કે તેની પહેલી ફિલ્મ 'દિલ ચાહતા હૈ'ની સફળતા બાદ તેણે આગામી પ્રોજેક્ટ પર કામ કરવાનું વિચાર્યું હતું. તેણે કહ્યું કે તેણે પહેલી ફિલ્મ દરમિયાન વધુ મહેનત કરી ન હતી. પરંતુ 'લક્ષ્ય' ફિલ્મના નિર્માણ દરમિયાન તેણે ઘણી મહેનત કરી હતી, છતાં તે ફ્લોપ રહી હતી. તેણે કહ્યું, 'આપણે નાનપણથી સાંભળતા આવ્યા છીએ કે જો તમે દિલથી મહેનત કરશો તો તમને ઈનામ ચોક્કસ મળશે. જો કે આ ફિલ્મ એટલી સારી ન ચાલી, જેટલી મેં સખત મહેનત કરી હતી. કમનસીબે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી ન હતી. ફરહાને વધુમાં જણાવ્યું કે, ફિલ્મની નિષ્ફળતાને કારણે તે ડિપ્રેશનમાં ગયો હતો. તેણે કહ્યું- જ્યારે આ



ફિલ્મ રીલિઝ થઈ અને સારી કમાણી ન કરી, ત્યારે હું દુઃખી થઈ ગયો. વિચારવા લાગ્યો કે આ કેવી રીતે બની શકે. ખૂબ મહેનત કરી હતી.પરંતુ નિષ્ફળ જતા હું ડિપ્રેશનમાં ગયો હતો અને તેમાંથી બહાર નીકળવામાં મને 1.5 વર્ષ લાગ્યાં હતાં. વાતચીત દરમિયાન ફરહાને આગામી ફિલ્મ 'ડોન 3' વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું કે તે આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. આ ફિલ્મમાં રણવીર સિંહ અને કિઆરા અડવાણી લીડ રોલમાં છે. આ પહેલા તેણે પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે ફિલ્મ 'ડોન 3'નું શૂટિંગ આવતા વર્ષે શરૂ થશે.



# પાન મસાલાનો પ્રચાર કરતા પર ભડક્યો જ્હોન

## તમે મોતને વેચી રહ્યા છો, હું લોકોને નકલી ઇમેજ બતાવવામાં વિશ્વાસ નથી રાખતો

(એજન્સી) મુંબઇ । તા. 10

જ્હોન અબ્રાહમે એવા સાથી કલાકારો પર નિશાન સાધ્યું છે જેઓ એક તરફ ફિટનેસની વાત કરે છે અને બીજી તરફ પાન મસાલાની જાહેરાત કરે છે. જ્હોને કહ્યું કે તે પાન મસાલા બ્રાન્ડને ક્યારેય સમર્થન નહીં આપે. તે તેના ચાહકો માટે રોલ મોડલ બનવા માંગે છે. તેઓ જનતાની સામે નકલી ઈમેજ બનાવવામાં માનતા નથી.

રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટમાં જ્હોને કહ્યું કે એવા કલાકારોમાં ધીરજ નથી, જેઓ એક તરફ સ્વાસ્થ્ય અને ફિટનેસને પ્રોત્સાહન આપે છે અને બીજી તરફ પાન મસાલાને પ્રોત્સાહન આપે છે. જ્હોને કહ્યું કે તે ક્યારેય મૃત્યુને વેચવા માંગતો નથી. તેણે કહ્યું કે તે તેના ચાહકો માટે રોલ મોડલ બનવા માંગે છે.

જ્હોને આગળ કહ્યું- જો હું મારું જીવન ઈમાનદારીથી જીવું છું, જે સંદેશ આપું છું તેનો અમલ કરું તો હું એક આદર્શ હીરો છું. પરંતુ જો હું લોકોને મારી જાતનું નકલી વર્ઝન બતાવું અને તેમની પીઠ પાછળ કોઈ અલગ વ્યક્તિ જેવું વર્તન કરું, તો તેઓ તેને ઓળખશે.

જ્હોનનું પણ આ કહેવું છે - લોકો ફિટનેસ વિશે વાત કરે છે અને તે જ લોકો પાન મસાલાની જાહેરાત કરે છે. હું મારા બધા અભિનેતા મિત્રોને પ્રેમ કરું છું. હું તેમાંથી કોઈનો પણ અનાદર કરતો નથી. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે હું મારા વિશે વાત કરી રહ્યો છું. હું મૃત્યુને ક્યારેય વેચીશ નહીં કારણ કે તે મારો સિદ્ધાંત છે. શું તમે જાણો છો કે પાન મસાલા ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર 45,000 કરોડ રૂપિયા છે? મતલબ કે સરકાર પણ તેને સમર્થન આપી રહી છે અને તેથી તે ગેરકાયદેસર નથી. જ્હોને કહ્યું કે તે તેની પસંદગી છે કે તે આવી કંપનીઓને સમર્થન આપવા માંગતો નથી.

થોડા સમય પહેલા, અભિનેતા અજય દેવગન અને અક્ષય કુમાર પાન મસાલા અને ગુટખા બ્રાન્ડને પ્રમોટ કરવા બદલ ટ્રોલ કરવામાં આવ્યા હતા. આ પછી અક્ષયે જાહેરાત કરી હતી કે તે આવા પ્રમોશનમાં ભાગ નહીં લે. તેણે ચાહકોની માફી પણ માંગી. તેણે આગળ કહ્યું- હું મારા તમામ ચાહકો અને શુભેચ્છકોની માફી માંગવા માંગુ છું. છેલ્લા કેટલાક દિવસોમાં તમારા પ્રતિભાવથી મને આઘાત લાગ્યો છે. હું તમાકુનું સમર્થન કરતો નથી. વિમલ ઈલાઈચી સાથેના મારા જોડાણ પર તમે જે રીતે તમારી લાગણીઓ વ્યક્ત કરી તે રીતે હું આદર કરું છું.

# તાપસીને દુબઈમાં પ્રપોઝ કરવા માંગતો હતો મેથિયાસ

(એજન્સી) મુંબઇ । તા. 10

અભિનેત્રી તાપસી પન્નુએ ખુલાસો કર્યો છે કે તેના મિત્રોને ચિંતા હતી કે મેથિયાસ બો તેને તેની પ્રથમ ડેટ દરમિયાન દુબઈના કોઈ શેખને વેચી દેશે.

તાપસીએ રૌનક રાજાણીને આપેલા એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે જ્યારે તેણે મેથિયાસને દુબઈમાં મળવાની યોજનાનો ઉલ્લેખ કર્યો ત્યારે તેના મિત્રો ખૂબ જ ચિંતિત થઈ ગયા હતા. મિત્રોએ કોઈ અલગ કલ્ચરના વ્યક્તિને મળવાની યોજના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મિત્રોએ મજાકમાં એમ પણ કહ્યું હતું કે મેથિયાસ અભિનેત્રીને દુબઈના કોઈ શેખને વેચી શકે છે. આ ઘટનાને યાદ કરતાં તાપસીએ કહ્યું, 'મારા મિત્રો કહેતા હતા - તું તારું ધ્યાન રાખજે તે તને વેચી ન દે. તાપસીએ વધુમાં જણાવ્યું કે તેના મિત્રો એટલા ચિંતિત હતા કે તેઓએ દુબઈમાં રહેતી અન્ય મિત્રની બહેનનો સંપર્ક કર્યો. જો કે, મેથિયાસ એક સારો વ્યક્તિ સાબિત થયો અને તાપસી સાથે તેનો સંબંધ 10-11 વર્ષ સુધી ચાલ્યો. તાપસીએ જણાવ્યું કે તે 10-11 વર્ષ પહેલા મેથિયાસને મળી હતી. તેમની મુલાકાતના એક વર્ષ પછી, મેથિયાસે તેને પ્રપોઝ કર્યું. તાપસીએ જણાવ્યું કે તેમની સગાઈ 9 વર્ષ સુધી ચાલી અને બંનેએ સાથે રહેવાનો નિર્ણય બદલ્યો ન હતો. તેના બદલે, જીવનભર સાથે રહેવા માટે આગળ વધ્યા.

તાપસી પન્નુએ આ વર્ષે 23 જૂનના રોજ ડેનમાર્કના બેડમિન્ટન ખેલાડી મેથિયાસ બો સાથે લગ્ન કર્યા હતા. તે એક પ્રાઈવેટ મેરેજ હતા. તાજેતરમાં તાપસીએ કહ્યું હતું કે તેણે પ્રાઈવેટ મેરેજ કર્યા છે કારણ કે તે ઈચ્છતી ન હતી કે બહારના લોકો લગ્નને જજ કરે. તાપસીએ જણાવ્યું હતું કે તેના લગ્નમાં માત્ર 100-125 લોકો જ હતા, જેમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સામેલ હતા. તેણે કહ્યું કે લગ્નમાં નો-ફોન પોલિસી નહોતી, તેણે બધાને માત્ર લગ્નના ફોટા બહાર શેર ન કરવા વિનંતી કરી હતી.

# 'કસૌટી ઝિંદગી કી'ના સ્ક્રિપ્ટ રાઈટર મહેશ પાંડેની ધરપકડ

## નિર્માતાએ રૂ. 2.65 કરોડની છેતરપિંડીનો આરોપ લગાવ્યો

(એજન્સી) મુંબઇ । તા. 10

એકતા કપૂરના શો 'કસૌટી ઝિંદગી કી'ના સ્ક્રિપ્ટ રાઈટર મહેશ પાંડેની શુક્રવારે મુંબઈ પોલીસે નિર્માતા જતિન સેઠી સાથે રૂ. 2.65 કરોડની છેતરપિંડી કરવાના આરોપમાં અટકાયત કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહેશ પાંડેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.

આ અંગે અંબોલી પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું- જતિન સેઠીની ફરિયાદના આધારે મહેશ પાંડેની ધરપકડ કરવામાં આવી છે. જતિન સેઠીનો આરોપ છે કે તેણે મહેશ પાંડેને 2.65 કરોડ રૂપિયાની લોન આપી હતી. પરંતુ મહેશ પાંડેએ પૈસા ચૂકવ્યા ન હતા. મહેશ પાંડેની ધરપકડ અંગે વાત કરતા વકીલ રિઝવાન સિદ્દીકીએ કહ્યું- મહેશ પાંડેની પત્ની મધુ મહેશ પાંડે અને પરિવારના અન્ય સભ્યો વિરુદ્ધ આઈપીસીની કલમ 406 અને 420 હેઠળ કેસ નોંધવામાં



આવ્યો છે. મહેશ પાંડેએ ટીવી માટે ઘણા શો લખ્યા છે. તેણે પોતાના કરિયરની શરૂઆત 'કહાની ઘર ઘર કી'થી કરી હતી. આ પછી તેણે 'કસૌટી ઝિંદગી કી', 'કસમ સે' જેવા ઘણા શો લખ્યા. મહેશ પાંડેએ ઘણી ભોજપુરી ફિલ્મોનું નિર્માણ અને નિર્દેશન પણ કર્યું છે. જેમાંથી એક ફિલ્મ 'ગબ્બર સિંહ' હતી. આ ફિલ્મને એકતા કપૂરે પ્રોડ્યુસ કરી હતી. આ ફિલ્મ 'શોલે'ની ભોજપુરી રિમેક હતી.

# વિનેશ ફોગાટને મળશે સિલ્વર મેડલ?

## આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખનું મોટું નિવેદન




(એજન્સી) પેરિસ તા 10

પેરિસ ઓલિમ્પિકમાં વિનેશ ફોગાટને અયોગ્ય ઠેરવવામાં આવી આ અંગે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખનું નિવેદન અમે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટનો નિર્ણય સ્વીકારીશું ભારતીય મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવાનો મુદ્દે CASમાં અપીલ કરી છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખ થોમસ બાખને પણ આ અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેને વિનેશ ફોગાટ વિશે પૂછવામાં આવ્યું હતું અને આ સવાલ પણ પૂછવામાં આવ્યો હતો કે શું એક જ વેઈટ કેટેગરીમાં 2 સિલ્વર મેડલ આપી શકાય? આના જવાબમાં બેચે કહ્યું કે જો તમે સામાન્ય રીતે એક કેટેગરીમાં 2 સિલ્વર મેડલ મેળવવાની વાત કરતા હોવ તો મારો જવાબ ના છે. થોમસ બેચે વધુમાં જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ ફેડરેશનના કેટલાક નિયમો છે જેનું પાલન કરવું આવશ્યક છે. ઈન્ટરનેશનલ ફેડરેશન અને યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ આ નિર્ણય લઈ રહ્યા હતા. થોમસ બાખે કહ્યું કે આ મામલો હવે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (CAS) સમક્ષ છે. આખરે અમે CASનો નિર્ણય સ્વીકારીશું. પરંતુ, આ જવાબદારી આંતરરાષ્ટ્રીય ફેડરેશનની છે. ફેડરેશન તેના પોતાના નિયમો લાગુ કરે છે અને તેનો અર્થ સમજાવે છે. વિનેશ ફોગાટના કેસમાં ફેડરેશનના નિયમો લાગુ કરવામાં આવશે. વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિકમાં મહિલાઓની 50 કિગ્રા વજન વર્ગની ફાઈનલ મેચ પહેલા ગેરલાયક ઠર્યા બાદ કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (CAS)માં અપીલ કરી હતી, જ્યાં તેની અપીલ સ્વીકારવામાં આવી હતી. આ પછી ભારતીય કુસ્તીબાજની ઓલિમ્પિક સિલ્વર મેડલ જીતવાની આશા હજુ પણ અકબંધ છે. વિનેશને કારણ કે તેનું વજન માત્ર 100 ગ્રામ જેટલું વધારે હતું, એક તકનીકી કે જેના કારણે તેને માત્ર સુવર્ણ ચંદ્રક જીતવાની તક ગુમાવી ન હતી.

## ઈન્ડિયાની જીત બાદ પીઆર શ્રીજેશે આ રીતે કર્યું સેલિબ્રેટ




ભારતીય ગોલકીપર પીઆર શ્રીજેશ બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ ઓલિમ્પિકમાંથી ભવ્ય વિદાય લીધી છે આ તેની કરિયરની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ હતી પીઆર શ્રીજેશે પહેલા જ નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી ભારતીય ટીમે એવો ચમત્કાર કરી બતાવ્યો જેની કરોડો દેશવાસીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ભારતીય ટીમે પેરિસ ઓલિમ્પિકમાં ચોથો મેડલ જીત્યો છે. ભારતીય હોકી ટીમ બ્રોન્ઝ મેડલ જીત્યો છે. જેમાં ટીમે 2-1થી શાનદાર જીત નોંધાવી હતી. આ જીત બાદ ભારતીય ટીમ આનંદથી ઉછળી પડી હતી. ભારતીય ગોલકીપર પીઆર શ્રીજેશની આંતરરાષ્ટ્રીય કરિયરની પણ આ છેલ્લી મેચ હતી. ટીમ ઈન્ડિયાએ તેને ભવ્ય વિદાય આપી. ગોલ પોલ પર ચઢીને કર્યું સેલિબ્રેશન આ જીત બાદ શ્રીજેશ પણ ઉત્સાહિત જોવા મળ્યો હતો. તે ગોલ પોલ પર ચઢી ગયો. તે ગોલપોસ્ટ, જેની સામે તે ભારતની દિવાલની જેમ ઉભો હતો. ભારતની જીત બાદ ટીમ ઈન્ડિયાના કોચ ક્રેગ ફુલટને પણ આ જીતની સાદગી સાથે ઉજવણી કરવાની વાત કરી હતી. આ પછી ભારતીય ટીમ શ્રીજેશની સામે દોડવા લાગી. એ જ રીતે જ્યારે ભારતે મેચ જીતી ત્યારે શ્રીજેશ મેદાન પર જ પ્રણામ કર્યા હતા. તેણે નીચે સૂઈને તેના હેલ્મેટ અને ગોલપોસ્ટને સલામી આપી. તેની આંખોમાં ખુશીના આંસુ હતા. આ મેચમાં હરમનપ્રીત સિંહની શાનદાર રમત જોવા મળી હતી, જેણે 2 પેનલ્ટી કોર્નરને ગોલમાં બદલીને ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તમને જણાવી દઈએ કે 52 વર્ષમાં પહેલીવાર ભારતીય હોકી ટીમે સતત બે ઓલિમ્પિકમાં મેડલ જીત્યા છે. આ પહેલા ભારતે ટોક્યો ઓલિમ્પિકમાં પણ હોકીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ વખતે ભારતીય ટીમ પોતાના મેડલનો રંગ બદલવા માટે આવી હતી પરંતુ સેમિફાઈનલમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી ટીમે બ્રોન્ઝ મેડલ માટે સ્પેનિશ ટીમને હરાવી.ભારતીય ટીમ 2-1થી આગળ હતી. પરંતુ મેચ પુરી થવાના 44 સેકન્ડ પહેલા સ્પેનને પેનલ્ટી કોર્નર મળ્યો હતો. આનાથી ફેન્સમાં એક અલગ જ રોમાંચ જોવા મળ્યો. પરંતુ ભારતીય ગોલકીપર પીઆર શ્રીજેશે આ પેનલ્ટી કોર્નરને ગોલમાં પરિવર્તિત થવા દીધો ન હતો. પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી જ્યારે તરત જ સ્પેનને ફરીથી પેનલ્ટી કોર્નર આપવામાં આવ્યો હતો. પરંતુ ભારતીય ટીમે હિંમત ન હારી અને સ્પેનને ગોલ કરવાની તક આપી ન હતી. વિજય નોંધાવ્યા બાદ પીઆર શ્રીજેશ ગોલ પોસ્ટની ટોપ પર ચઢી ગયો હતો.

## સિલ્વર મેડલ કેમ છિનવ્યો સમજાતું નથી...: સચિન તેંડુલકર



મુંબઈ તા 10

વિનેશ ફોગાટની પેરિસ ઓલિમ્પિકમાં મહિલા 50 કિલોગ્રામ રેસલિંગ ઈવેન્ટની ફાઈનલ પહેલા 100 ગ્રામ વધારે વજન હોવાથી રેસલિંગ માટે અયોગ્ય ઠેરવવામાં આવતા તેને લઈને મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે ટીકા કરી છે, ત્યારે સચિન તેંડુલકરે વિનેશ ફોગાટ મુદ્દે આપી 'અમ્પાયર્સ કૉલ'ની સલાહ આપી છે. જો કે, વિનેશ આ મુદ્દે સ્પોર્ટ્સ આર્બિટ્રેશનનો આસરો લીધો હતો. આ દરમિયાન તેંડુલકરે કહ્યું હતું કે, 'રમતમાં નિયમો પર સમય-સમય પર ધ્યાન આપવું જોઈએ.' તેંડુલકરે રેસલર ફોગાટને લઈને શું કહ્યું? તેંડુલકરે સોશિયલ મીડિયા માધ્યમ X પર પોસ્ટ શેર કરીને કહ્યું હતું કે, 'દરેક રમતના કેટલાક નિયમો હોય છે અને તે નિયમોને સંદર્ભમાં જોવાની જરૂર છે, ક્યારેક આ નિયમો બીજી વખત પણ ધ્યાન આપવું જોઈએ. વિનેશ ફોગાટે નિષ્પક્ષતાથી ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. વજનને લઈને તેને ફાઈનલ પહેલા અયોગ્ય ઠેરવવામા આવી હતી અને આવી સ્થિતિમાં તેની પાસેથી સિલ્વર મેડલ છીનવી લેવાનું તર્ક રમતની સમજની બહાર છે.' તેંડુલકરે કહ્યું કે, 'જો કોઈ ખેલાડી અનૈતિક વસ્તુઓનો ઉપયોગ કરે છે તો તેને ગેરલાયક ઠેરવવો યોગ્ય છે, પરંતુ વિનેશના કિસ્સામાં આવું થયું ન હતું, જો કોઈ ખેલાડી સારુ પ્રદર્શન કરવા માટે દવાનો ઉપયોગ કરે તો તેને નૈતિક ઉલ્લંઘન માટે ગેરલાયક ઠેરવવો એ બધાને સમજમાં આવે. આ સ્થિતિમાં તેને કોઈ મેડલથી સન્માનિત ન કરી છેલ્લા સ્થાન પર રાખવો યોગ્ય રહેશે.'તેમણે કહ્યું કે, 'ફોગાટે તેના હરીફોને હાર આપીને ટોપ ટુમાં સ્થાન મેળવ્યું હતું. તે ચોક્કસપણે સિલ્વર મેડલની હકદાર છે. અમે બધા સ્પોર્ટ્સ આર્બિટ્રેશનના નિર્ણયની રાહ જોઈ રહ્યા છીએ. આશા અને પ્રાર્થના કરીએ કે વિનેશને એ ઓળખ મળે જેની તે હકદાર છે.'

## ફોગાટને રાજ્યસભામાં મોકલવાની માંગ

વિનેશ ફોગાટનું પહેલીવાર ઓલિમ્પિકસમાં કુશ્તીની ફાઈનલમાં પહોંચવાનું સપનું માત્ર '100 ગ્રામ'થી ચકનાચૂર થઈ ગયું હતું. વિનેશ ઓલિમ્પિકસમાં કુશ્તીની ફાઈનલમાં પહોંચનારી પહેલી ભારતીય રેસલર હતી. વિનેશ પહેલીવાર 50 કિગ્રા કેટેગરીમાં રમી રહી હતી. તેણે આખી રાત સખત મહેનત કરીને પણ વજન ઘટાડ્યું, પરંતુ તે આખરે 100 ગ્રામ વજનથી ચૂકી ગઈ હતી. વધુ વજનના કારણે અયોગ્ય જાહેર થયેલી વિનેશે પોતાના ડિસક્વોલિફિકેશન સામે અપીલ કરી છે. તેણે માંગ કરી છે કે તેને સંયુક્ત રીતે સિલ્વર મેડલ આપવામાં આવે. આ અંગેનો નિર્ણય શુક્રવારે આવવાનો અપેક્ષિત છે. પરંતુ આ બધા વચ્ચે રાજકારણે જોર પકડ્યું છે. હવે વિનેશ ફોગટને રાજ્યસભામાં મોકલવાની માંગ ઉઠી છે. જેની માંગ હરિયાણાના પૂર્વ સીએમ ભૂપિન્દર હુડ્ડા અને ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીએ કરી છે. હરિયાણાના પૂર્વ સીએમ ભૂપિન્દર હુડ્ડાએ કહ્યું હતું કે, 'જો રાજ્યમાં કોંગ્રેસ પાસે બહુમતી હોત તો હું વિનેશ ફોગટને રાજ્યસભામાં મોકલી ચૂક્યો હોત. હરિયાણામાં હાલમાં રાજ્યસભાની એક બેઠક ખાલી છે, જો મારી પાસે બહુમતી હોત તો હું તેને રાજ્યસભામાં મોકલી દેત.' આ સાથે જ ટીએમસીના વિનેશ ફોગાટને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવે અથવા તો તેને રાજ્યસભામાં મોકલવી જોઈએ.

## સંજુ સેમસને મેજર લીગમાં નહીં રમવાનો કર્યો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી તા 10

સંજુ સેમસને KCL T20 ટૂર્નામેન્ટના લોગોનું અનાવરણ કર્યું આ ટૂર્નામેન્ટ 2 સપ્ટેમ્બરથી 19 સપ્ટેમ્બરે સુધી રમાશે તમામ મેચ તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ સ્ટેડિયમમાં રમાશે ભારતીય ક્રિકેટ ટીમના વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસનના ફેન્સની સંખ્યા ઓછી નથી. તે હંમેશા ચાહકોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. શુક્રવારે, એક ઈવેન્ટ દરમિયાન, તેણે કેરળ ક્રિકેટ લીગ T20 ટૂર્નામેન્ટના લોગોનું અનાવરણ કર્યું, ટૂર્નામેન્ટ 2 સપ્ટેમ્બરથી 19 સપ્ટેમ્બરે સુધી રમાશે. આ તમામ મેચ તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ સ્ટેડિયમમાં રમાશે. લીગમાં 6 ટીમો ભાગ લેશે કેરળ ક્રિકેટ એસોસિએશનના સૂત્રએ જણાવ્યું હતું કે ફેન્સ દરરોજ બે રોમાંચક મેચોનો આનંદ લઈ શકે છે, જેમાં દિવસ અને રાત્રિની મેચનો સમાવેશ થાય છે. લીગની સત્તાવાર શરૂઆત પીઢ અભિનેતા અને KCL બ્રાન્ડ એમ્બેસેડર મોહનલાલ દ્વારા 31 ઓગસ્ટના રોજ બપોરે હયાત રિજન્સી ખાતે કરવામાં આવશે. આ ખેલાડીઓ લેશે ભાગ આ ટુર્નામેન્ટમાં છ ટીમો ભાગ લેશે. જેમના નામ છે ત્રિવેન્દ્રમ રોયલ્સ, એરીઝ કોલ્લમ સેઈલર્સ, એલેપ્પી રિપલ્સ, કોચી બ્લુ ટાઈગર્સ, થ્રિસુર ટાઈટન્સ અને કાલિકટ ગોબસ્ટર્સ. આ ટી20 લીગમાં કેરળના કેટલાક ટોચના ખેલાડીઓ પણ રમતા જોવા મળશે. ટુર્નામેન્ટ માટે હરાજીનું આયોજન ટૂંક સમયમાં કરવામાં આવશે. લીગ માટે કુલ 6 આઈકોન ખેલાડીઓના નામની પણ જાહેરાત કરવામાં આવી છે. જેમાં અબ્દુલ બાસિત, સચિન બેબી, મોહમ્મદ અઝહરુદ્દીન, બંસિલ થમ્પી, વિષ્ણુ વિનોદ અને રોહન કુનુમલના નામ સામેલ છે. સંજુ સેમસન કેરળ ક્રિકેટ લીગમાં નહીં રમે સંજુ સેમસન કેરળ ક્રિકેટ લીગની પ્રથમ સિઝનમાં નહીં રમે. સેમસન તાજેતરમાં શ્રીલંકા પ્રવાસ પર ભારતીય ટીમનો ભાગ હતો. ભવિષ્યમાં પણ તેને વધુ તકો મળશે તેવી પૂરી આશા છે. રિષભ પંત અને કેએલ રાહુલનું વર્તમાન ફોર્મ ચિંતાનો વિષય છે. જો કે સેમસને શ્રીલંકા સામેની T20 સિરીઝમાં પોતાના પ્રદર્શનથી પણ નિરાશ કર્યો હતો. સેમસન તેને મળી રહેલી તકોનો ફાયદો ઉઠાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે અને તેના કારણે તે ફેન્સ દ્વારા ટ્રોલ થઈ રહ્યો છે. ભારતીય ટીમ હવે બાંગ્લાદેશ સામે આગામી T20 શ્રેણી રમશે. 3 મેચની આ શ્રેણીની પ્રથમ મેચ 6 ઓક્ટોબરે રમાશે જ્યારે છેલ્લી મેચ 9 ઓક્ટોબરે રમાશે.




## જુ. ખેલાડીની આગેવાનીમાં રમશે T20 ટીમનો કૅપ્ટન સૂર્યકુમાર




(એજન્સી) મુંબઈ તા 10

ભારતનો શ્રીલંકા પ્રવાસ પૂરો થઈ ગયો છે. એકતરફ જ્યાં ટી-20માં ભારતે યજમાનનો વ્હાઈટ વોશ કરી દીધો હતો ત્યાં વનડે શ્રેણીમાં ટીમ ઈન્ડિયાને શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. 27 વર્ષ પછી ભારત શ્રીલંકામાં વન-ડે શ્રેણીમાં હાર્યું હતું. આ વન-ડે શ્રેણી દરમિયાન કૅપ્ટન રોહિત શર્માએ ભારતીય ક્રિકેટર્સને ઘરેલું ક્રિકેટ રમવા પર ભાર આપ્યો હતો. હવે ઘણા ક્રિકેટરે આ તરફ પગલાં લેવાના શરુ કરી દીધા છે. ભારતના T20 કૅપ્ટન સૂર્યકુમાર યાદવે આ વર્ષે આગામી બુચી બાબુ મલ્ટી-ડે ટુર્નામેન્ટમાં મુંબઈ માટે મેચ રમવાની પુષ્ટિ કરી છે. સૂર્યકુમાર 27થી 30 ઑગસ્ટ સુધી કોઈમ્બતુરમાં તામિલનાડુ ક્રિકેટ ઍસોસિએશન XI વિરુદ્ધ મુંબઈ CA XI માટે બીજી મેચ રમશે. મુંબઈ ક્રિકેટ ઍસોસિએશનના એક અધિકારીએ બુધવારે કહ્યું હતું કે, "સૂર્યકુમાર મુંબઈ માટે બીજી મેચ રમશે. તે ભારત માટે ત્રણેય ફોર્મેટ રમવા માંગે છે અને જ્યારે પણ તે ફ્રી હોય ત્યારે મુંબઈ માટે ઉપલબ્ધ રહે છે. રણજી ટ્રોફી ઉપરાંત તે બુચી બાબુ, KSCA(ગોલ્ડ કપ)માં રમશે. જેનાથી ટીમના ઘણા યુવાનોને પ્રેરણા મળશે. ટેસ્ટ ક્રિકેટના સ્પેશિયાલિસ્ટ સરફરાઝ ખાનને મુંબઈ ટીમનો કૅપ્ટન બનાવવામાં આવ્યો છે. માટે સૂર્યકુમાર યાદવ તેની કૅપ્ટન્સીમાં રમતો જોવા મળે તેવી શક્યતા છે. સૂર્યા ક્રિકેટના તમામ ફોર્મેટમાં રમવા માંગે છે અને ભારતીય ખેલાડીઓ હવે ખાસ્સા સમય સુધી બ્રેક પર રહેશે કારણ કે તેમને સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સામે આગામી બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે.

## શ્રીલંકા પ્રવાસ બાદ હવે ભારતીય ક્રિકેટ ટીમનું શું છે ખાસ પ્લાનિંગ

(એજન્સી) નવી દિલ્હી તા 10




ભારતીય ક્રિકેટ ટીમ શ્રીલંકામાં વનડે શ્રેણી રોહિત શર્માની કપ્તાનીમાં હારી ગઈ હતી. અગાઉ આ જ પ્રવાસમાં ટી20 શ્રેણીમાં ભારતે સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં યજમાન ટીમને 3-0થી હરાવી હતી. ટીમ ઈન્ડિયાએ ODIમાં ઘણા પ્રયોગો કર્યા હતા જે એકંદરે નિષ્ફળ રહ્યા હતા. યજમાન ટીમના સ્પિન આક્રમણ સામે ભારતીય બેટ્સમેનો ઘૂંટણિયા ટેકવી દેતા જોવા મળ્યા હતા. T20 વર્લ્ડ કપની ટ્રોફી જીત્યા બાદ ભારતીય ટીમની આ પ્રથમ શ્રેણી હતી. જેમાં T20 શ્રેણી તો સુર્યકુમાર યાદવની કેપ્ટન્સીમાં ભારત જીતી ગયું હતું પરંતુ ત્યાર પછી વન-ડે શ્રેણીમાં હાર્યું હતું. શ્રીલંકા બાદ હવે ભારતીય ટીમ બાંગ્લાદેશ સામે ટકરાશે. સારી બાબત એ છે કે ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશની યજમાની કરશે. બંને ટીમો વચ્ચે ટેસ્ટ અને T20 મેચોની શ્રેણી રમાશે. ટેસ્ટ શ્રેણી ક્યારે શરૂ થશે? ભારત અને બાંગ્લાદેશ (IND vs SL) વચ્ચે 2 ટેસ્ટ અને 3 મેચની T20 શ્રેણી રમાશે. ભારતીય ટીમ આ વર્ષે હવે ODI મેચ રમશે નહીં. બાંગ્લાદેશ સામેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ 19 સપ્ટેમ્બરથી ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે, જ્યારે બીજી અને છેલ્લી ટેસ્ટ મેચ 27 સપ્ટેમ્બરથી કાનપુરના ગ્રીન પાર્કમાં રમાશે.

## ભારત-ઓસ્ટ્રેલિયા ફરી એકબીજા સામે ટકરાશે

ભારત અને ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમ ફરી એકવાર એકબીજા સામે મેદાન પર ટકરાશે. ભારતીય ટીમ આગામી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે પહેલા ઓસ્ટ્રેલિયાના પ્રવાશે જશે. જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ ટેસ્ટ મેચો રમાવાની છે. ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની હોમ ટેસ્ટ સીરિઝ બાદ ટીમ ઓસ્ટ્રેલિયા પહોંચશે. જેની પહેલી ટેસ્ટ મેચ 22 નવેમ્બરથી પર્થ, ઓસ્ટ્રેલિયામાં રમવામાં આવશે. આ પહેલા બંને ટીમો વચ્ચે 2 પિંક બોલ ડે-નાઈટ પ્રેક્ટીસ મેચ રમાશે.ભારતીય ટીમ 30 નવેમ્બરથી કેનબેરાના મનુકા ઓવલ ખાતે પ્રાઈમ મિનીસ્ટર ઈલેવન સામે બે દિવસીય પિંક બોલ ડે-નાઈટ પ્રેક્ટિસ મેચ રમશે. ભારતીય ટીમને એડિલેડમાં ડે-નાઈટ ટેસ્ટ મેચની તૈયારીમાં મદદ કરવા માટે આ પ્રેક્ટિસ મેચ ઉમેરવામાં આવી છે. છેલ્લા 20 વર્ષમાં બંને ટીમો વચ્ચે આ પહેલી મેચ રમાશે. 20 વર્ષ પહેલા ભારત પ્રાઈમ મિનિસ્ટર ઈલેવન સામે મેચ રમયું હતું. ત્યારે પ્રાઈમ મિનિસ્ટર ઈલેવનની કેપ્ટનશીપ સ્ટીવ વો કરતો હતો, જ્યારે ભારતીય ટીમની કમાન રાહુલ દ્રવિડના હાથમાં હતી. તે સમયે, ઓસ્ટ્રેલિયા ટીમના વર્તમાન નેશનલ કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડને પણ પ્રાઈમ મિનિસ્ટર ઈલેવન ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા.

## ઓસ્ટ્રેલિયાની ટીમમાં ભારતીય ખેલાડીની એન્ટ્રી! ભારતની સામે રમશે

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 10

ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ ભારતના પ્રવાસે આવશે ટીમમાં ભારતીય મૂળના વિશ્વ રામકુમારનો સમાવેશ ત્રણ મેચની વનડે સિરીઝ અને બે ટેસ્ટ મેચ રમાશે ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ ટૂંક સમયમાં ભારતના પ્રવાસે આવી રહી છે. હવે આ પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમમાં ભારતીય મૂળના વિશ્વ રામકુમારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે હવે માત્ર ભારતીય ટીમ સામે જ રમતા જોવા મળશે. જેમની ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમમાં પસંદગી કરવામાં આવી છે. તે વિશ્વા રામકુમાર હવે રામકુમાર હરજસ અને હરકીરત બાજવાના વારસાને આગળ વધારતા જોવા મળશે. આ બંનેએ ફેબ્રુઆરી 2024માં ICC મેન્સ અંડર-19 ટીમનું પ્રતિનિધિત્વ કર્યું



**ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સિરીઝ:** હવે અંડર-19 ઓસ્ટ્રેલિયાની 16 ખેલાડીઓની ટીમ ભારતના પ્રવાસ માટે તૈયાર છે. આ પ્રવાસ સપ્ટેમ્બરમાં શરૂ થવા જઈ રહ્યો છે. જે અંગે ઓસ્ટ્રેલિયા ક્રિકેટ દ્વારા એક પ્રેસ રિલીઝ જારી કરવામાં આવી છે. અખબારી યાદી અનુસાર, આ પ્રવાસમાં બંને ટીમો વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝ અને બે ટેસ્ટ મેચ રમાશે. ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ આ પ્રવાસ સાથે નવા વર્લ્ડ કપ ચક્રની શરૂઆત કરવાની છે. અંડર-19 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાની ટીમે ભારતીય ટીમને 79 રનથી હરાવ્યું હતું. જે બાદ ઓસ્ટ્રેલિયન ટીમ આ જ આત્મવિશ્વાસ સાથે આ સિરીઝમાં પ્રવેશવા જઈ રહી છે.

### ભારત પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ

થોમસ બ્રાઉન, સાઈમન બજ, જૈક કોર્ટન, રિલે કિંગલેસ, એલેક્સ લી-યંગ, સ્ટીવન હોગન, લિંકન હોબ્સ, હેરી હોકસ્ટ્રા, ક્રિશ્ચિયન હોવ, એડન ઓ'કોનર, ઓલી પેટરસન, ઓલી પીક, વિશ્વ રામકુમાર, લાચલન, હેડન શિલર, એડિસન શેરિફ.ત્રણ મેચની વનડે સિરીઝ અને બે ટેસ્ટ મેચ રમાશે ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ ટૂંક સમયમાં ભારતના પ્રવાસે આવી રહી છે. હવે આ પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમમાં ભારતીય મૂળના વિશ્વ રામકુમારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે હવે માત્ર ભારતીય ટીમ સામે જ રમતા જોવા મળશે. જેમની ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમમાં પસંદગી કરવામાં આવી છે.

## રાહુલ દ્રવિડની IPLમાં થશે વાપસી! આ ટીમના બની શકે છે

નવી દિલ્હી તા 10

રાહુલ દ્રવિડ IPLમાં કોચ તરીકે વાપસી કરી શકે છે દ્રવિડ IPLમાં રાજસ્થાન રોયલ્સના હેડ કોચ બની શકેદ્રવિડે ભારતને T20 વર્લ્ડકપનો ખિતાબ અપાવ્યો હતોરાહુલ દ્રવિડ IPLમાં કોચ તરીકે વાપસી કરી શકે છે. તેમનો T20 વર્લ્ડકપ બાદ ટીમ ઈન્ડિયાના હેડ કોચ તરીકેનો કાર્યકાળ સમાપ્ત થયો છે પરંતુ હવે તે આગામી સિઝનથી IPLમાં જોવા મળી શકે છે. એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે રાહુલ દ્રવિડ IPLમાં રાજસ્થાન રોયલ્સના હેડ કોચ બની શકે છે. ગૌતમ ગંભીર નવા હેડ કોચ રાહુલ દ્રવિડે તેના કોચિંગ હેઠળ ભારતને T20 વર્લ્ડકપનો ખિતાબ અપાવ્યો હતો. આ પહેલા ભારતને ODI વર્લ્ડકપ 2023ની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો અને ત્યારબાદ રાહુલ દ્રવિડ ટીમ ઈન્ડિયાનું કોચિંગ છોડવા જઈ રહ્યો હતો. જો કે, રોહિત શર્માના આગ્રહ પર, તેણે T20 વર્લ્ડકપ સુધી રહેવાનો નિર્ણય કર્યો અને આ પછી ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો હતો. T20 વર્લ્ડકપનો ખિતાબ જીત્યા બાદ રાહુલ દ્રવિડે પોતાનો કોન્ટ્રાક્ટ લંબાવ્યો ન હતો. તેમના સ્થાને ગૌતમ ગંભીરને ભારતના નવા હેડ કોચ બનાવવામાં આવ્યા છે. રાહુલ દ્રવિડ પોતાની જૂની ટીમમાં પરત ફરશે એક અહેવાલ અનુસાર રાહુલ દ્રવિડ IPLમાં કોચિંગની જવાબદારી સંભાળી શકે છે. તે રાજસ્થાન રોયલ્સ ટીમનો આગામી હેડ કોચ બની શકે છે.

## મેગા ઓક્શનમાં આટલા ખેલાડીઓ કરી શકાશે રિટેન

દરેક ફ્રેન્ચાઈઝી વધુમાં વધુ 6 ખેલાડીઓને જાળવી શકશે IPLની 18મી સિઝન પહેલા મેગા ઓક્શનનું આયોજન કરવામાં આવશે. આ વખતે તમામ ફ્રેન્ચાઈઝી આગામી સિઝન પહેલા નવા લુકમાં જોવા મળશે. BCCIએ હરાજી પહેલા કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાના છે. આ કારણોસર બોર્ડે 31 જુલાઈએ મુંબઈમાં તમામ ફ્રેન્ચાઈઝી માલિકોની સલાહ લેવા માટે બેઠક પણ યોજી હતી. જો કે બેઠક બાદ કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ચાહકોના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે આગામી સિઝન પહેલા ફ્રેન્ચાઈઝી કેટલા ખેલાડીઓને જાળવી રાખવાની મંજૂરી આપશે અને RTM માટે વિકલ્પ હશે કે નહીં.

## સંક્ષિપ્ત સમાચાર

### યુક્રેનના રોબોટ ડોગ્સ રશિયા સામે લડશે યુદ્ધ, જાણો આ ડોગ્સની વિશેષતા...

રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે અને હજુ પણ તેના અંતના કોઈ સંકેત નથી. આ દરમિયાન એવા અહેવાલો સામે આવ્યા છે કે, યુક્રેન હવે રશિયા વિરુદ્ધ તેમની આક્રમકતા વધુ તીવ્ર કરવા જઈ રહ્યું છે. યુક્રેન ટૂંક સમયમાં રોબોટ ડોગ્સને લડાઈમાં ફ્રન્ટ લાઈન પર મોકલી શકે છે. આ નિર્ણય ઘટી રહેલા માનવબળ વચ્ચે તેની સૈન્ય ક્ષમતાઓને મજબૂત કરવા માટે આ નિર્ણય લેવામાં આવી રહ્યો છે. આ રોબોટિક ડોગને 'BAD One' તરીકે ઓળખવામાં આવે છે અને આ ડોગને હાઈ રિસ્કવાળા મિશન માટે જ ડિઝાઈન કરવામાં આવ્યા છે. ઓ રોબોટ ડોગ્સની ક્ષમતાઓનું એક ડોમોન્સ્ટ્રેશન હાલમાં જ કરવામાં આવ્યું હતું. યુક્રેનના એક અજ્ઞાત સ્થળે યોજાયેલા આ પ્રદર્શનમાં આ રોબોટ ડોગ્સે પોતાની ક્ષમતાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ ડોગ્સને દૂરથી આદેશો આપી શકાય છે. આ આદેશોનો જવાબ આપતા, રોબોટ ડોગ ઉભો થયો, દોડ્યો, કૂદ્યો અને એવા કાર્યો પણ કર્યા જે રશિયા સામેના યુદ્ધમાં ખૂબ મૂલ્યવાન સાબિત થઈ શકે છે. આ રોબોટ ડોગ્સ બનાવનાર વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, આ મશીનો યુદ્ધના મેદાનમાં ઘણા ખતરનાક મિશનને પાર પાડી શકે છે, જેના કારણે મનુષ્યો પરના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

### અલ્ટામિરામાં બ્યુટીકોન્ટેસ્ટમાં પુત્રી ચોથા નંબરે આવતા પિતાએ જજ પર ગોળીઓ ચલાવી

પુત્રી બ્યુટી કોન્ટેસ્ટમાં ચોથા નંબરે આવતા પિતાએ ગોળીઓ ચલાવી સમગ્ર ઘટનામાં એક વ્યકિતનું સારવાર દરમિયાન થયુ મોત માતા-પિતા તેનું બાળક હંમેશા આગળ વધે તેવું ઈચ્છતા હોય છે,પરંતુ તેમના બાળકની અધોગતિ થાય તે કોઈ પણ માતા-પિતાને ના ગમે,બ્રાઝિલના અલ્ટામિરામાં એક એવી ઘટના બની કે જે તમે જાણીને ચૌંકી જશો,જી હા એક સામન્યવાતમાં એવી તો ગોળીઓ છૂટી કે લોકો પોતાની જગ્યા છોડીને ભાગવા લાગ્યા,વાંચો સ્પેશિયલ સ્ટોરી. પિતાને દુખ સહન ના થતા ચલાવી ગોળીઓ બ્યુટી કોન્ટેસ્ટમાં ચોથા નંબરે આવેલી છોકરીના પિતાએ જજ પર ફાયરિંગ કર્યું હતું, બ્રાઝિલના અલ્ટામિરામાં બ્યુટી કોન્ટેસ્ટ યોજાઈ હતી અને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. પરંતુ આ હરીફાઈમાં ચોથા ક્રમે આવેલી છોકરીના પિતાને સ્પર્ધાનું પરિણામ પસંદ ન આવ્યું. તેમણે ન્યાયાધીશો અને તેમની પસંદગીના માપદંડો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને પછી ફાયરિંગ શરૂ કર્યુ હતુ. સામાન્ય રીતે, લોકો તેમના બાળકો વિશે ખૂબ જ સકારાત્મક હોય છે અને ઈચ્છે છે કે તેમના બાળકો દરેક ક્ષેત્રમાં અન્ય કંઈપણ, લોકો તેમના બાળકોની સુખાકારી ઈચ્છે છે. પરંતુ એક વ્યક્તિએ આમાં ગાંડપણની હદ વટાવી દીધી. મામલો બ્રાઝિલના અલ્ટામિરાનો છે, જ્યાં એક સૌંદર્ય સ્પર્ધા યોજાઈ હતી અને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

### કોણ છે 16 સલાહકાર, જે મોહમ્મદ યુનુસની સરકાર ચલાવવામાં કરશે મદદ!

સાલેહુદ્દીન અહેમદ બાંગ્લાદેશ બેંકના ભૂતપૂર્વ ગવર્નર છે અને હાલમાં BRAC બિઝનેસ સ્કૂલમાં પ્રોફેસર છે. અહેમદ 1 મે, 2005 થી 30 એપ્રિલ, 2009 સુધી કેન્દ્રીય બેંકના ગવર્નર હતા. તેમણે પલ્લી કર્મ-સહાયક ફાઉન્ડેશન અને બાંગ્લાદેશ ગ્રામીણ વિકાસ એકેડમી, કમિલાના મેનેજિંગ ડિરેક્ટર અને વડા પ્રધાન કાર્યાલય હેઠળના NGO બાબતોના બ્યુરોના ડિરેક્ટર જનરલ તરીકે પણ સેવા આપી હતી. એફ હસન આરિફ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ છે જે 1970 થી બાંગ્લાદેશમાં કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યા છે. ઓક્ટોબર 2001 થી એપ્રિલ 2005 સુધી, તેમણે BNP અને જમાતની આગેવાની હેઠળની ચાર-પક્ષીય ગઠબંધન સરકાર હેઠળ એટર્ની જનરલ તરીકે સેવા આપી હતી. જાન્યુઆરી 2008 થી જાન્યુઆરી 2009 સુધી સરકારના કાયદાકીય સલાહકાર તરીકે કામ કર્યું. હસન આરિફે 1967માં પશ્ચિમ બંગાળ, ભારતના કલકત્તા હાઈકોર્ટમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. 1970માં ઢાકા ગયા અને હાઈકોર્ટમાં વકીલ તરીકે કામ કરવાનું શરૂ કર્યું.

### ઈરાન સેના દ્વારા રાતભર હુમલા, હિઝબુલ્લાના સંખ્યાબંધ ઠેકાણા ધ્વસ્ત

હાનિયા અને ફઉદની હત્યા બાદ મધ્ય-પૂર્વમાં પ્રવર્તી રહેલી ભારે તંગદિલી ઈરાન ગમે ત્યારે યુદ્ધનો મોરચો ખોલી શકે છે મધ્ય-પૂર્વમાં સતત ઘેરાઈ રહેલા સંકટ વચ્ચે ઈઝરાયેલી દળોએ દક્ષિણ લેબેનોનમાં બુધવારે રાતભર હુમલા કરીને હિઝબુલ્લાના ઘણા ઠેકાણા ધ્વસ્ત કરી દીધા છે. ઈઝરાયેલને નિશાન બનાવી હુમલાની ઈરાન અને લેબેનોનની ધમકીઓ વચ્ચે આ હુમલા થયા છે. હમાસનો વડો ઈસ્માઈલ હાનિયા ગત 31 જુલાઈએ ઈરાનમાં ઈઝરાયેલી હુમલામાં માર્યા ગયા બાદથી મધ્ય-પૂર્વમાં તંગદિલી ચરમસીમા પર છે. ઈરાને હાનિયાના મોતનો બદલો લેવાનું એલાન કરી ઈઝરાયેલને પાઠ ભણાવવાની ધમકી આપી હતી. ઈરાન ગમે ત્યારે યુદ્ધનો મોરચો ખોલી શકે છે તેમ મનાઈ રહ્યું છે. અમેરિકી વિદેશપ્રધાન એન્ટોની ઈરાન અને લેબેનોનની ધમકીઓની ઐસીતૈસી કરીને હિઝબુલ્લાના ઘણા ઠેકાણા નેસ્તનાબૂદ કર્યા છે. ધમકીઓ બાદ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂએ કહ્યું હતું.

'દુનિયા ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક અને તે હેન્ડલ નહીં કરી શકે...' ટ્રમ્પના કમલા હેરિસ પર આકરા પ્રહાર

# 'દુનિયા ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક અને તે હેન્ડલ નહીં કરી શકે...



(એજન્સી) અમેરિકા તા 10

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝની આકરી ટીકા કરી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે કહ્યું કે, 'સમગ્ર વિશ્વમાં સ્થિતિ વણસી રહી છે. આપણે ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક છીએ અને આ લોકો પરિસ્થિતિને સંભાળી શકશે નહીં.' ટ્રમ્પના કમલા હેરિસ પર આકરા પ્રહાર પ્રેસ કોન્ફરન્સમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ છે. કમલા હેરિસ જો બાઈડન કરતા પણ ખરાબ છે અને તેમને રાષ્ટ્રપતિ પદ માટે મત પણ નથી મળ્યા.' નોંધનીય છે કે, અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવાર છે. ડેમોક્રેટિક પાર્ટીએ કમલા હેરિસને મેદાને છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'આપણે વિશ્વ યુદ્ધની ખૂબ નજીક છીએ. મારા મતે અહીં એવા લોકો છે જેઓ આ સંજોગોમાં કશું કરી શકતા નથી. આ લોકોનું કોઈ સન્માન કરતું નથી. ચીન, રશિયા અને ઉત્તર કોરિયામાં લોકોના આ જૂથ માટે કોઈ સન્માન નથી.

#### ગુરુવારે પ્રકાશિત ઈપ્સોસ પોલના પરિણામ અનુસાર

આગામી પાંચમી નવેમ્બરે યોજાનારા અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીની રેસમાં ડેમોક્રેટ કમલા હેરિસ રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પથી 37 ટકાની સરખામણીએ 42 ટકા વધુ આગળ છે. સર્વેક્ષણમાં જોવા મળ્યું કે કમલા હેરિસ 22-23 જુલાઈએ સરવે પછી પોતાની આગળ છે. જેમાં તેને ટ્રમ્પ ઉપર 37 ટકાથી 34 ટકાનો વધારો મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુરુવારે પ્રકાશિત ઈપ્સોસ પોલના પરિણામ અનુસાર આગામી પાંચમી નવેમ્બરે યોજાનારા અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીની રેસમાં ડેમોક્રેટ કમલા હેરિસ રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પથી 37 ટકાની સરખામણીએ 42 ટકા વધુ આગળ છે.

#### જો બાઈડેન પર ટ્રમ્પ ભારે હતા

આની પહેલા થયેલા તમામ ચૂંટણી સરવેમાં વર્તમાન રાષ્ટ્રપકિ જો બાઈડેન પર ટ્રમ્પ ભારે પડી રહ્યા હતા. જુદાજુદા સરવેમાં ટ્રમ્પે બાઈડેન કરતાં સારું પ્રદર્શન કર્યું હતું. પરંતુ હવે સ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. હવે કમલા હેરિસ અને ટ્રમ્પ વચ્ચે રેસ નક્કી થયા બાદ સરવેના પરિણામ એકદમ આશ્ચર્યજનક રીતેથી બદલવા લાગ્યા છે. આવામાં બંને નેતાઓ વચ્ચે ગળાકાપ ટક્કર થવાની શક્યતા જોવા મળી રહી છે.

**અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કે,** : 'પહેલા મારી સામે જો બાઈડેન હતા. હવે કમલા હેરિસ છે, પરંતુ મને લાગે છે કે અન્ય કોઈ ઉમેદવાર હોત. કમલા હેરિસનો રેકોર્ડ ઘણો ખરાબ છે. તે એક સ્તરે કટ્ટરપંથી છે, તેણે ડાબેરી કટ્ટરપંથી પસંદ કર્યા છે. બાઈડેન પ્રત્યે કમલા હેરિસનું વલણ અલગ હતું, તેમ છતાં તેમણે હેરિસને ઉપરાષ્ટ્રપતિ બનાવ્યા. મને લાગે છે કે તેને તેના નિર્ણય પર પસ્તાવો થશે. હવે તેમને રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી પણ દૂર કરી દેવામાં આવ્યા છે.' ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પાંચમી નવેમ્બર-2024ના રોજ પ્રમુખ પદની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીમાં 16 કરોડ મતદારો અમેરિકાના 60માં પ્રમુખની પસંદગી કરશે. થોડા દિવસ પહેલાં જ પ્રમુખ જો બાયડને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કમલા હેરિસનું નામ જાહેર કર્યું હતું.

## તુર્કીમાં પ્રવાસીઓથી ભરેલી બસને નડયો અકસ્માત, નવનાં મોત, 26 ઈજાગ્રસ્ત

(એજન્સી)તુર્કી તા 10

તુર્કી દેશમાં એક પ્રવાસી બસ વીજપોલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો બસ તુર્કીના ઈઝમિર શહેરથી એગ્રી શહેર તરફ જઈ રહી હતી અકસ્માત બાદ સ્થાનિકો, પોલીસ અને રાહત ટીમ દ્વારા કાર્યવાહી



તુર્કીમાં બે શહેરો વચ્ચે યાત્રા પર જઈ રહેલી એક બસ શુક્રવારે સવારે હાઈવે પર આવેલા વીજપોલ સાથે અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો. આમાં સવાર નવ લોકોનાં મોત થયા હતા. જ્યારે ઓછામાં ઓછા 26 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ભીષણ દુર્ઘટના તુર્કીના રાજધાની અંકારાથી આશરે 80 કિલોમીટર દૂર પોલાટલી શહેર નજીક થયો હતો. આ બસ પશ્ચિમ તુર્કીના ઈઝમિર શહેરથી દેશના પૂર્વમાં એગ્રી શહેરની તરફ જઈ રહી હતી. પરંતુ હાઈવે પાસે એક વીજપોલ સાથે અથડાઈ હતી. અથડામણ એટલી ભયાનક હતી કે બસનું પડખું આખું ચિરાઈ ગયું હતું. નવ પ્રવાસીઓનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા. જેથી સ્થાનિક લોકો ઉપરાંત પોલીસ અને રાહત ટીમના સભ્યોએ ઈજાગ્રસ્તોને તાબડતોબ હોસ્પિટલ ખસેડાયા હતા. આ ભીષણ દુર્ઘટનાને લીધે હાઈવેને એકબાજુંથી બંધ કરવો પડયો હતો. અકસ્માતનું કારણ અત્યારે પૂરતું તો સામે આવ્યું નથી. ઈજાગ્રસ્તોની સ્થિતિ અંગે કોઈ જાણકારી સામે આવી નથી. બસ એટલું જ જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્તોને પોલાટલી શહેર અને અંકારા હોસ્પિટલમાં લઈ જવાયા છે. અત્યારે પૂરતું તો એ જાણકારી સામે આવી નથી કે દુર્ઘટનાનો શિકાર બનેલી બસમાં કુલ કેટલા પ્રવાસીઓ સવાર હતા. પરંતુ એટલું અનુમાન લગાવી શકાય છે કે, આવામાં આશરે 40કે 50 પ્રવાસીઓ હાજર હોવા જોઈએ. તમામ પ્રવાસીઓને એમ્બ્યુલન્સથી લઈ જવામાં આવી રહ્યા છેજેથી સ્થાનિક લોકો ઉપરાંત પોલીસ અને રાહત ટીમના સભ્યોએ ઈજાગ્રસ્તોને તાબડતોબ હોસ્પિટલ ખસેડાયા હતા. આ ભીષણ દુર્ઘટનાને અકસ્માતનું કારણ અત્યારે પૂરતું તો સામે આવ્યું નથી. ઈજાગ્રસ્તોની સ્થિતિ અંગે કોઈ જાણકારી સામે આવી નથી. બસ એટલું જ જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્તોને પોલાટલી શહેર અને અંકારા હોસ્પિટલમાં લઈ જવાયા છે.

## અમેરિકાના કેલિફોર્નિયામાં 48 કલાકમાં ભૂકંપના 400થી વધુ આંચકા નોંધાયા

(એજન્સી) અમેરિકા તા 10

દક્ષિણ કેલિફોર્નિયાના કર્ન કાઉન્ટીમાં ગત મંગળવારે 5.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ એક નવી સમસ્યા સર્જાઈ ગઈ છે. ભૂકંપ પછી આ વિસ્તારમાં સતત આંચકા અનુભવાઈ રહ્યા છે.

આ ભૂકંપ પછી અત્યાર સુધી 400 કરતાં વધુ નાના આંચકા અનુભવાયા છે. અચાનક આવી રહેલા આ નાના-નાના આંચકાઓને લીધે લોકોમાં ડરનો માહોલ છવાયો છે. વૈજ્ઞાનિકોએ આ આંચકાઓ પછી એલર્ટ જાહેર કર્યું છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, વધુ તીવ્રતા ધરાવતા ભૂકંપ પછી આવા આફ્ટર શોક્સ અનુભવાતા હોય છે. લોકોને સાબદાં રહેવાની સલાહ તંત્રએ આપી હતી. બેકર્સફીલ્ડ પાસે 5.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો આ અઠવાડિયાની શરૂઆતમાં દક્ષિણ કેલિફોર્નિયાના બેકર્સફીલ્ડ પાસે 5.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપથી કર્ન, લોસ એન્જેલસ અને વેંચુરા કાઉન્ટીમાં લોકોમાં નાસભાગ મચી હતી. આ ભૂકંપ રાત્રે નવ વાગ્યાની આસપાસ આવ્યો હતો. જેનું કેન્દ્ર લોસ એન્જેલસથી આશરે 90 મીટર ઉત્તરે હતું. ત્યારબાદ 48 કલાકમાં 400થી વધુ નાના આંચકા અનુભવાયા હતા. આમાં 74 આંચકાની તીવ્રતા 2.5 અથવા આના કરતાં વધુ નોંધાઈ હતી. ધરતીકંપના આંચકા ત્રણ કેટેગરીમાં વહેંચાયા ભૂકંપ પછી આવતા આંચકાઓને ત્રણ જુદીજુદી શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા છે. ફોર શોક, મેન શોક અને આફ્ટરશોક. મંગળવારે આવેલા ધરતીકંપ એક મુખ્ય ભૂકંપ હતો. જ્યારે આની પછી આવેલા આંચકા આફટર શોક હતા. મુખ્ય ભૂકંપ પથી છે અને કેટલાક દિવસોની અંદર બંધ થઈ જતા હોય છે. જો કે આવા મામલે એલર્ટ રહેવાની જરૂર છે.તંત્રએ લોકોને સાવધાન રહેવાની સલાહ આપી છે. લોકોને ભૂકંપ દરમિયાન સુરક્ષિત સ્થાન પર જવાની સલાહ આપી છે.

## હિંદુઓ પર હુમલા મામલે UNએ કહ્યું, "જાતિવાદની હિંસા અયોગ્ય"

બાંગ્લાદેશ તા 10

બાંગ્લાદેશમાં હિંદુઓ પર થયેલા હુમલાને લઈને સંયુક્ત રાષ્ટ્રએ કડક વલણ અપનાવ્યું છે. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં હિંસા દરમિયાન લઘુમતી હિન્દુ સમુદાય પર ભારે અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં મહિલાઓ અને યુવતીઓ પર દુષ્કર્મ, લોકોની હત્યા, ઘર સળગાવવા, તોડફોડ, હુમલો વગેરે જેવા કૃત્યોનો સમાવેશ થાય છે. હિન્દુઓ પર હુમલાની આ ઘટનાઓ વચ્ચે, યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તાએ કહ્યું કે તેઓ વંશીય આધાર પર કોઈપણ પ્રકારના હુમલા અથવા હિંસા ભડકાવવાની વિરુદ્ધ છે. તેઓએ આ માટે બાંગ્લાદેશના લોકોને નિશાન બનાવ્યા છે.

સેક્રેટરી-જનરલના ડેપ્યુટી પ્રવક્તા ફરહાન હકે ગુરુવારે અહીં જણાવ્યું હતું કે, 'તે સ્પષ્ટ છે કે અમે બાંગ્લાદેશમાં તાજેતરના અઠવાડિયામાં જે હિંસા થઈ રહી છે તેને નિયંત્રણમાં લાવવા માંગીએ છીએ.' ચોક્કસપણે અમે વંશીય આધાર પર કોઈપણ પ્રકારના હુમલા અથવા હિંસા ભડકાવવાની વિરુદ્ધ છીએ.'' તે બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતી સમુદાયો પરના હુમલાઓ અંગે મહાસચિવની પ્રતિક્રિયા સાથે સંબંધિત પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. વડા પ્રધાન શેખ હસીનાએ સોમવારે પદ પરથી રાજીનામું આપ્યું અને દેશ છોડીને ભારત ભાગી ગયા ત્યારથી ચાલુ રહેલી હિંસામાં કેટલાંક હિંદુ મંદિરો, ઘરો અને વ્યવસાયિક સંસ્થાઓમાં તોડફોડ કરવામાં આવી છે. બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર પડી ગયા બાદ હિન્દુઓ પર સતત હુમલા થઈ રહ્યા છે. તત્વોએ બાંગ્લાદેશમાં અનેક મકાનો, દુકાનો અને મંદિરોમાં તોડફોડ કરી છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. હવે સંયુક્ત રાષ્ટ્રએ હુમલાની નિંદા કરી છે.

## જાણો આમના બલોચને, બની શકે છે પાકિસ્તાનના નવી વિદેશ સચિવ!

(એજન્સી) બાંગ્લાદેશ તા 10

મુમતાઝ જહરા બલોચને ફ્રાન્સમાં પાકિસ્તાનના રાજદૂત નિમાય તેવી શક્યતા અનુભવી ડિપ્લોમેટ આમના બલોચ પાકિસ્તાનની નવી વિદેશ સચિવ બની શકે છે. મીડિયાના સૂત્રો અનુસાર દાવો કરાઈ રહ્યો છે કે યૂરોપીય સંઘ, બેલ્જિયમ અને લક્ઝમબર્ગમાં પાકિસ્તાની રાજદૂત બલોચ 11 સપ્ટેમ્બરે પોતાનો પદભાર સંભાળી શકે છે. હાલના વિદેશ સચિવ ડો. સાયરલ કાઝીના રિટાયરમેન્ટ બાદ તેઓની જગ્યા આમના બલોચ લઈ શકે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. બીજી મહિલા ફેડરલ સેક્રેટરી બનશે મળતી માહિતિ અનુસાર એક મહિનામાં સરકાર દ્વારા નીમવામાં આવેલી તે બીજી મહિલા ફેડરલ સેક્રેટરી છે. આ પહેલા અંબરીન જાનને આ મહિને સૂચના અને પ્રસારણ સચિવ બનાવાયા હતા. મુમતાઝ જહરા બલોચને મળશે આ જવાબદારી અન્ય તરફ વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ જહરા બલોચને ફ્રાન્સમાં પાકિસ્તાનના રાજદૂત નિમવામાં આવી રહ્યા છે. માહિતિ એવી પણ મળી રહી છે કે તે અસીમ ઈફ્તિખાર અહમદની જગ્યા લેશે અને તેમના રિપ્લેસમેન્ટને લઈને કોઈ સૂચના મળી નથી. આ સાથે જ કાઝીને રિટાયરમેન્ટ બાદ એક મહત્ત્વપૂર્ણ દેશમાં રાજદૂતનું પદ મળવાની સંભાવના છે. પાકિસ્તાન વિદેશ સેવાની 1991 મહિનામાં શહબાઝ સરકાર દ્વારા નિમાયેલી બીજી મહિલા ફેડરલ સેક્રેટરી બનવા જઈ રહી છે. આ પહેલા અંબરીન જાનને આ મહિને સૂચના અને પ્રસારણ સચિવ બનાવવામાં આવી હતી.

## ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતો તણાવ: એર ઈન્ડિયાની તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે સ્થગિત

(એજન્સી) ઈરાન તા 10

પેલેસ્ટાઈન અને હમાસ સાથેના યુદ્ધમાં ઈરાનના ઘરમાં ઘુસીને વિરોધીને ઠાર મારવા બદલ ઈઝરાયેલ સામે ચારેય મોરચે વિરોધનો વંટોળ ઉભો થયો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે સમગ્ર વિશ્વની નજર હવે મધ્ય પૂર્વ પર છે. આ દરમિયાન એર ઈન્ડિયાએ શુક્રવારે ભારત અને ઈઝરાયેલ વચ્ચેની ફ્લાઈટ્સ અનિશ્ચિતકાળ સુધી રદ કરવાની જાહેરાત કરતા સ્થિતિ વધુ તંગ બનવાના ભણકારા વાગી રહ્યાં છે. એર ઈન્ડિયાએ એક ટ્વિટમાં જણાવ્યું કે, એરલાઈન કંપનીએ આગામી સૂચના સુધી તેલ અવીવથી અને તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી છે. ટાટા ગ્રૂપની માલિકીની કંપનીએ અગાઉ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી તેલ અવીવ સુધીની તેની સેવાઓ 8 ઓગસ્ટ સુધી સ્થગિત કરી દીધી હતી. આ સાથે એરલાઈને ટિકિટ બુક કરેલા મુસાફરોને તમામ રકમ પરત કરવાની પણ તૈયારી આદરી છે.




એર ઈન્ડિયાએ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. એર ઈન્ડિયાએ તેની એક્સ-પોસ્ટમાં લખ્યું કે, 'મધ્ય પૂર્વના કેટલાક ભાગોમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમારી તેલ અવીવ આવતી અને જતી ફ્લાઈટ્સનું સંચાલન આગામી સૂચના સુધી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ્યું છે. અમે સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને તેલ અવીવની ટિકિટ બુક કરાવનારા મુસાફરોને સંપૂર્ણ રિફંડ ઓફર કરી રહ્યા છીએ. અમારા મહેમાનો(મુસાફરો) અને ક્રૂની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધુ માહિતી માટે કૃપા કરીને અમારા 24/7 સંપર્ક કેન્દ્ર 011-69329333 / 011-69329999 પર કોલ કરો.નોંધનીય છે કે તેહરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હનીયેહની હત્યા બાદ ઈરાને ઈઝરાયેલ સામે જવાબી કાર્યવાહી કરવાની ધમકી આપ્યા બાદ અમેરિકાએ પણ સમુદ્રમાં પોતાની સેનાની તૈનાતી વધારી દીધી છે. ઈરાને અમેરિકા પર ઈઝરાયેલને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો છે. ગયા અઠવાડિયે, ટાટાની માલિકીની એરલાઈન્સે જાહેરાત કરી હતી કે, તે તેલ અવીવથી 8 ઓગસ્ટ સુધી તાત્કાલિક અસરથી ફ્લાઈટ કામગીરી સ્થગિત કરી રહી છે.

પાકિસ્તાનમાં પણ બાંગ્લાદેશ જેવા બળવાનો ડર! આર્મી પ્રમુખ અસીમ મુનીરે ઉચ્ચારી ચેતવણી

# પાકિસ્તાનમાં પણ બાંગ્લાદેશ જેવા બળવાનો ડર!



(એજન્સી) પાકિસ્તાનતા 10

પાડોશી દેશ બાંગ્લાદેશની સ્થિતિ કોઈનાથી છુપી નથી. વિદ્યાર્થીઓના પ્રદર્શનથી શરૂ થયેલી વિરોધની આગે શેખ હસીના સરકારનો તખ્તાપલટ કરી દીધો. પાકિસ્તાનમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ થવાની શંકાઓ પર સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરે આકરી ચેતવણી આપી છે. પાકિસ્તાનના સેના પ્રમુખ મુનીરે પાકિસ્તાનમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિઓ ઊભી કરવાનો પ્રયત્ન કરનારને ચેતવતાં કહ્યું કે 'અમારી સેના આ પ્રકારના કોઈ પણ ષડયંત્રને સફળ થવા દેશે નહીં કેમ કે તે દેશની સુરક્ષા અને રાષ્ટ્રીય અખંડતાની રક્ષા માટે હંમેશા તૈયાર છે.'

પાકિસ્તાન કયામત સુધી રહેશે... સેનાના મીડિયા એકમે જનરલ મુનીરના હવાલાથી જણાવ્યું કે 'જો કોઈએ પાકિસ્તાનમાં આ પ્રકારની અરાજકતા ઊભી કરવાનો પ્રયત્ન કર્યો તો અલ્લાહની સોગંધ અમે તેને સફળ થવા દઈશું નહીં. દુનિયાની કોઈ પણ તાકાત પાકિસ્તાનને નુકસાન પહોંચાડી શકતી નથી કેમ કે આ દેશ કયામત સુધી રહેશે.'

મુનીરે મૌલવીઓની એક કોન્ફરન્સને સંબોધિત કરતાં કહ્યું કે 'દેશ કેટલો મહત્વનો છે જો તમારે તે જાણવું હોય તો ઈરાક, સીરિયા અને લીબિયાને જુઓ. પાકિસ્તાનની હાજરી હંમેશા રહેશે કેમ કે તેને અંતિમ સમય માટે બનાવવામાં આવ્યો છે. દેશમાં શાંતિ અને અસ્થિરતાને બચાવવા માટે સેનાના સમર્પણના વખાણ કર્યાં. સાથે જ દેશમાં અરાજકતા ફેલાવવા માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવ્યું.' કાશ્મીર મુદ્દે મુનીરે શું કહ્યું? પાકિસ્તાની આર્મી ચીફ જનરલ મુનીરે કહ્યું કે કાશ્મીર વિવાદ ભારત અને પાકિસ્તાનની વચ્ચે વણઉકેલાયેલો એજન્ડા છે. તેને ઉકેલવો જરૂરી છે પરંતુ હજુ સુધી તેમાં સફળતા મળી નથી. પાકિસ્તાન લાંબા સમયથી અફઘાન શરણાર્થીઓનું સમર્થન કરી રહ્યું છે. આ સાથે અફઘાનિસ્તાનના પાકિસ્તાનની સાથે શાંતિપૂર્ણ સંબંધોને જાળવી રાખવા પર પણ જોર આપ્યું. તેમનું ોઆ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ તે પોસ્ટ બાદ થયુ છે જેમાં પાકિસ્તાનની વર્તમાન સ્થિતિની તુલના બાંગ્લાદેશ સાથે કરવામાં આવી રહી છે. સેના પ્રમુખે દેશમાં અરાજક ઘટનાઓ માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવતાં કહ્યું કે છેલ્લા અમુક વર્ષોમાં સોશિયલ મીડિયા પર સેનાની ટીકા વધુ થવા લાગી છે. તેનાથી દેશનો રાજકીય અને સામાજિક તાલમેલ બગડી રહ્યો છે. આવા પ્રયત્ન કરનાર લોકો વિરુદ્ધ ધરપકડ અને કાયદેસર કાર્યવાહી થઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સે પ્રથમ ત્રિમાસિકમાં 32 ટકા ગ્રોથ નોંધાવ્યો

મુંબઈ : ભારતની ટોચની જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકી એક એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ. 2603 કરોડના ગ્રોસ ડાયરેક્ટ પ્રીમિયમ (જીડીપી) સાથે 32 ટકાનો આકર્ષક ગ્રોથ નોંધાવ્યો છે. આ ગ્રોથ સમાન ગાળામાં ઈન્ડસ્ટ્રીની સરેરાશ કરતાં નોંધનીયપણે આઉટપર્ફોર્મ છે, જે એસબીઆઈ જનરલની માર્કેટમાં મજબૂત સ્થિતિ અને ગ્રોથને પ્રતિબિંબ કરે છે. કંપનીની આકર્ષક કામગીરી નાણાકીય પરિણામમાં જોવા મળે છે. નાણાકીય વર્ષ 2023-24ના પ્રથમ ત્રિમાસિકમાં કર પહેલાંનો નફો રૂ. 244 કરોડ નોંધાયો છે. જે ગતવર્ષે સમાન ગાળાની તુલનાએ 159 ટકા વધ્યો છે. સોલ્વન્સી રેશિયો નિયમકારી જરૂરિયાતો કરતાં વધુ 2.21 રહ્યો છે. જે મજબૂત નાણાકીય સ્થિરતા દર્શાવે છે. એસબીઆઈ જનરલે ખાનગી ઈન્સ્યોરન્સ સેક્ટરમાં 5.41 ટકા માર્કેટ હિસ્સો (SAHI સહિત) હાંસલ કરી તેના ફુટપ્રિન્ટ્સને વધુ મજબૂત બનાવ્યા છે, જે ગતવર્ષે 4.82 ટકા કરતાં વધ્યો છે. તદુપરાંત મલ્ટીલાઈન ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીઓ વચ્ચે (SAHI સિવાય) ઈન્સોલવન્સી રેશિયો ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં 6.54 ટકા નોંધાયો છે.

### ચંપાવતમાં યાત્રાળુઓથી ભરેલી જીપ પાણીના પ્રવાહમાં તણાઇ

ચંપાવત : ઉત્તરાખંડના ચંપાવત ડિલેથી એક ભયાનક વીડિયો સામે આવ્યો છે. અહીં યાત્રાળુઓને લઈ જતી જીપ પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગઈ હતી. આ ઘટનામાં એક બાળકીનું મોત થયું છે, જ્યારે 2 લોકો હજુ લાપતા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.ઉત્તરાખંડના ચંપાવત જિલ્લામાં ફરી એકવાર તીર્થયાત્રીઓને હવામાનની ખરાબીનો સામનો કરવો પડ્યો હતો. અહીં વરસાદી નાળાના પાણીમાં અચાનક વધારો થતાં યાત્રાળુઓની જીપ પલટી ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે આ જીપ નવ તીર્થયાત્રીઓને લઈને પૂર્ણગિરી ધામ જઈ રહી હતી. દરમિયાન ટનકપુર-પૂર્ણાગીરી રોડ પર કિરોરી ગટરનું પાણી અચાનક વધી ગયું હતું. ગટરના પાણી રોડ ઉપર વહેવા લાગ્યા હતા. પાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે તેના કારણે જીપ પાણીના પ્રવાહમાં તણાઇ ગઈ હતી. હાલમાં જીપમાં મુસાફરી કરી રહેલી એક કિશોરીનું મોત થયું છે, જ્યારે 2 યાત્રાળુઓ ગુમ છે. અન્ય યાત્રાળુઓને બચાવી લેવાયા છે.તમને જણાવી દઈએ કે ટનકપુર-પૂર્ણાગિરી રોડ પર સતત વરસાદ પડી રહ્યો છે. યાત્રિકોથી ભરેલી જીપ કિરોરા નાળામાં વરસાદના કારણે તણાઈ ગઈ હતી. આ ઘટનાની માહિતી મળતા જ ટનકપુરના એસડીએમ એસડીઆરએફ અને પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### ડાંગ એલ.સી.બી. પોલીસે સાવરદા ગામથી જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાનાં માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન અને જુગાર પ્રવૃત્તિઓને ડામવા માટે ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ.આઈ કે.જે.નિરંજનની ટીમે સુબિર તાલુકાનાં ગામડાઓમાં સઘન પેટ્રોલિંગની સાથે ચેકીંગ હાથ ધર્યુ હતુ.તેવામાં ડાંગ એલ.સી.બી પોલીસની ટીમ સુબિર તાલુકાનાં પીપલદહાડ ગામે પોહચતા તેઓને સાવરદા ગામમાં અમુક ઈસમો પૈસા પર હાર જીતનો વરલી મટકાનો જુગાર રમાડી રહ્યાની બાતમી મળી હતી.જેથી ડાંગ જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ સાવરદા ગામની સીમમાં પોહચી ગેરકાયદેસર રીતે વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોની અટકાયત કરી હતી.તેમજ સ્થળ પરથી 12 હજાર કરતાં વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી લોક સાહિત્ય, કલા અને સંસ્કૃતિના સંવર્ધન માટે હંમેશા પ્રતિબદ્ધ છે : ડૉ.શિતલા પ્રસાદ દુબે

(એજન્સી) મુંબઇ । તા. 10



મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી પ્રમુખ ડૉ. શિતલા પ્રસાદ દુબેએ જણાવ્યું છે કે આ અકાદમી ભારતના વૈવિધ્યસભર લોકસાહિત્ય, કલા અને સંસ્કૃતિના પ્રચાર માટે હંમેશા પ્રતિબદ્ધ છે અને અકાદમીના દરેક સંભવિત પ્રયાસો આ દિશામાં ચાલુ રહેશે. ભવિષ્ય પણ. ડો. દુબે શુક્રવાર, 9 ઓગસ્ટ, 2024 ના રોજ સાંજે કે.કે., મુંબઈ ખાતે. સી.એ કોલેજના ઓડિટોરિયમમાં મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી અને મુંબઈની અગ્રણી સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થા 'અભિયાન'ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કજરી લોક મહોત્સવ પ્રસંગે સંબોધન કરતાં આ વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે લોક સાહિત્ય, લોકકલા અને સાંસ્કૃતિક પરંપરાઓ આપણા જીવનને સકારાત્મક અને અર્થપૂર્ણ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે અને આપણા સમાજ અને રાષ્ટ્રીય એકતાને સમૃદ્ધ અને મજબૂત બનાવે છે. ડો.દુબેએ જણાવ્યું હતું કે, કોઈપણ સમાજના ઈતિહાસ અને સંસ્કૃતિને સમજવા માટે લોકસાહિત્યનો અભ્યાસ જરૂરી છે અને લોકસાહિત્ય એ લોકસાહિત્યનો શક્તિશાળી પ્રકાર છે. કજરી વરસાદની મોસમના આગમન સાથે લોકોના મનને ભરી દેતા નવા આનંદ અને ઉત્સાહની લાગણી વ્યક્ત કરે છે. તેમણે કહ્યું કે લોકગૌરવનું સન્માન કરવા માટે લોકસંગીતથી શ્રેષ્ઠ કોઈ શૈલી હોઈ શકે નહીં. અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોમાં મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ ડૉ. મંજુ લોઢા, ભૂતપૂર્વ આવકવેરા કમિશનર ડૉ. કમલાકર મિશ્રા, અકાદમીના કાર્યકારી સભ્યો આનંદ પ્રકાશ સિંહ, ગજાનન મહતપુરકર, માર્કંડેય ત્રિપાઠી, કમલા બદોની અને શ્રીમતી પ્રમિલા શર્માનો સમાવેશ થાય છે સ્થાપક અમરજીત મિશ્રા વતી, તેમણે અંગ વસ્ત્રારામ અને એક પુસ્તક અર્પણ કર્યું. અભિયાનના સ્થાપકે જણાવ્યું હતું કે, તેમની સંસ્થા છેલ્લા તેર વર્ષથી કજરી મહોત્સવનું આયોજન કરે છે.

# મંત્રીમંડળે ભારતીય રેલવેમાં 8 નવી લાઇન પ્રોજેક્ટ્સને કનેક્ટિવિટી પ્રદાન કરવા મંજૂરી આપી

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

સૂચિત પ્રોજેક્ટ્સ સંપર્ક વિહોણા વિસ્તારોને જોડીને અને પરિવહન નેટવર્કમાં વધારો કરીને લોજિસ્ટિક કાર્યક્ષમતામાં સુધારો કરશે, જેના પરિણામે સપ્લાય ચેઈન સુવ્યવસ્થિત થશે અને આર્થિક વૃદ્ધિને વેગ મળશે પ્રોજેક્ટ્સનો કુલ અંદાજિત ખર્ચ રૂ. 24,657 કરોડ (અંદાજે) છે અને 2030-31 સુધી પૂર્ણ થશે આ પ્રોજેક્ટ્સ બાંધકામ દરમિયાન આશરે ત્રણ (3) કરોડ માનવ-દિવસ માટે સીધી રોજગારીનું સર્જન પણ કરશે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિએ રેલવે મંત્રાલયની આઠ (8) પરિયોજનાઓને મંજૂરી આપી દીધી છે, જેનો કુલ અંદાજિત ખર્ચ રૂ. 24,657 કરોડ (અંદાજે) છે.

નવી લાઇનની દરખાસ્તો સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને ગતિશીલતામાં સુધારો કરશે, જે ભારતીય રેલવે માટે કાર્યક્ષમતા અને સેવાની વિશ્વસનીયતામાં વધારો કરશે. આ વિવિધ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નવા ભારતનાં વિઝનને અનુરૂપ છે, જે આ વિસ્તારનાં લોકોને રોજગારી/સ્વરોજગારીની તકોમાં વધારો કરવા માટે વિસ્તૃત વિકાસનાં માધ્યમથી 'આત્મનિર્ભર' બનાવશે. આ પ્રોજેક્ટ્સ મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી માટે પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાનનું પરિણામ છે, જે સંકલિત આયોજન મારફતે શક્ય બન્યું છે અને લોકો, ચીજવસ્તુઓ અને સેવાઓની અવરજવર માટે સાતત્યપૂર્ણ કનેક્ટિવિટી પ્રદાન કરશે. સાત રાજ્યો એટલે કે ઓડિશા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ, બિહાર, તેલંગાણા અને પશ્ચિમ બંગાળનાં 14 જિલ્લાઓને આવરી લેતી 8 (આઠ) યોજનાઓથી ભારતીય રેલવેનાં હાલનાં નેટવર્કમાં 900 કિલોમીટરનો વધારો થશે. આ યોજનાઓ સાથે 64 નવા સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે, જે છ (6) મહત્વાકાંક્ષી જિલ્લાઓ (પૂર્વ સિંઘભુમ, ભદાદ્રી કોઠાગુડેમ, મલ્કાનગિરી, કાલાહાંડી, નબરંગપુર, રાયગડા), અંદાજે 510 ગામડાઓ અને આશરે 40 લાખની વસતિને કનેક્ટિવિટીમાં વધારો કરશે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ અજંતા ગુફાઓને ભારતીય રેલવે નેટવર્ક સાથે જોડવામાં આવશે.

## વારાણસીનો નમો ઘાટ ગંગામાં ગરકાવ, અગ્નિસંસ્કાર ધાબા પર થઈ રહ્યા છે

# દેશમાં મોનસૂન :UP-બિહારમાં ગંગામાં પૂર, હિમાચલમાં 145 રસ્તાઓ બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા 10

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદને કારણે 5 જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. બલિયા-વારાણસીમાં ગંગા ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે. વારાણસીમાં આજે બીજા દિવસે પણ 85 ઘાટો પર બોટ દોડી રહી છે.પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીઓના પાણી 1200 ઘરોમાં ફરી વળ્યા છે. શહેરના લગભગ 5 લાખ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે.બીજી તરફ બિહારમાં ગંગા અને ગંડક સહિતની ઘણી નદીઓમાં પૂર આવ્યું છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ ચંપારણ, સુપૌલ, નાલંદા અને ગયા જિલ્લાની 4 હજાર વસ્તી પૂરની ઝપેટમાં છે.બિહારમાં છેલ્લા 24 કલાકમાં વીજળી પડવાથી 5 લોકોના મોત થયા છે. હવામાન વિભાગે આજે 17 રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. કેટલાક રાજ્યોમાં વાવાઝોડું અને વીજળી પડવાની પણ શક્યતા છે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરના કારણે 145 રસ્તાઓ બંધ છે. રાજ્યના ઈમરજન્સી વિભાગે જણાવ્યું કે વીજળી અને પાણી પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. 27 જૂનથી 9 ઓગસ્ટ સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે 100 લોકોના મોત થયા છે. રાજ્યને 842 કરોડનું નુકસાન પણ થયું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં ભારેથી અતિ ભારે વરસાદ (12 સેમી)નું એલર્ટ છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા,



ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, તમિલનાડુ અને કેરળમાં ભારે વરસાદ(7 સેમી)નું એલર્ટ છે. વારાણસી અને પ્રયાગરાજ સહિત યુપીના 5 જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. પ્રયાગરાજમાં ગંગા-યમુનાનું પાણી 1200 ઘરોમાં ઘૂસી ગયું છે. 5 લાખ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે. મકાનો, દુકાનો, રસ્તાઓ, ઉદ્યાનો બધુ જ ડૂબી ગયું છે. વિસ્તારમાં એક બોટ દોડી રહી છે. સ્થળાંતરિત વિદ્યાર્થીઓ પોતપોતાના ઘરે પરત ફરી રહ્યા છે. કાશીના 500 મંદિરો ગંગામાં ડૂબી ગયા છે.હિમાચલ પ્રદેશમાં આજે ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. ઉના, હમીરપુર, કાંગડા, મંડી અને સિરમૌર જિલ્લાઓને આ ચેતવણી આપવામાં આવી છે. અન્ય જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.પંજાબના 5 જિલ્લામાં આજે વરસાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં સારો વરસાદ થવાની સંભાવના છે. ગઈકાલ સરખામણીએ મહત્તમ તાપમાનમાં સરેરાશ 0.9 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે, પરંતુ રાજ્યમાં સ્થિતિ લગભગ સામાન્ય છે. લુધિયાણામાં મહત્તમ તાપમાન 38.2 ડિગ્રી નોંધાયું હતું.હરિયાણામાં 4 દિવસ બાદ ચોમાસું સક્રિય થયું છે. હવામાન વિભાગે રાજ્યના 14 જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં 3 કલાકનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### મહીસાગર એલસીબી દ્વારા ઝડપી પાડવામાં આવતો વિદેશી દારૂ, બે આરોપીઓને ઝડપી પાડતી મહીસાગર એલસીબી.

જગદીશ ત્રિવેદી : લુણાવાડા



પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાન નિરીક્ષક આરવી અસારી તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા ના ઓએ પ્રોહીબિશનની અસરકારક કામગીરી કરવા તેમજ મહીસાગર જિલ્લાની દારૂની હેરાફેરી તથા વેચાણ સહિતની પ્રોહીબિશનની અસામાજિક પ્રવૃત્તિ કરનાર ઈસમનો સામે કડક હાઠે કાર્યવાહી કરવા સારું સૂચન કરવામાં આવેલ છે. બોડીમાં વચ્ચેનો પતરા નો ભાગ કાપી ને ઢાંકણથી બંધ કરેલ હોવાનું જણાય આવ્યું હતું જે ચોર ખાનાનું પતલુ ખોલીને જોતા તેમાં ભારતીય બનાવટ નો વિદેશી દારૂના પુઠાના બોક્સ ભરેલા હોય eicher ટ્રકની એલસીબી ઓફિસે લાવીને તેનું વધુ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

### કાળજું કંપાવતી ઘટના, એક જ પરિવારના 4 સભ્યોની તીક્ષ્ણ હથિયારો વડે હત્યા, પોલીસ હત્યારાઓની શોધમાં

બેગૂસરાય : બિહારના બેગૂસરાય જિલ્લામાં એક જ પરિવારના ચાર લોકોની અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી દીધો. જેમાંથી ત્રણ લોકોના મોત નીપજ્યા જ્યારે એકની હાલત નાજુક છે. ઘટના બછવારા વિસ્તારના રસીદપુર પંચાયતના વોર્ડ નંબર 12ની છે. મળતી જાણકારી અનુસાર અજાણ્યા લોકોએ શનિવારે સવારે પતિ, પત્ની, પુત્ર અને પુત્રી પર જીવલેણ હુમલો કર્યો અને તીક્ષ્ણ હથિયારથી તેમના શરીર પર ઘણા હુમલા કર્યા.આ ઘટનામાં પતિ, પત્ની અને પુત્રીના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા. જ્યારે ગંભીરરીતે ઈજાગ્રસ્ત 7 વર્ષીય પુત્રની હાલત ચિંતાજનક છે.


**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર સૂચના**

વતી અને ભારતના રાષ્ટ્રપતિ માટે, સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) ઝાંસી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

**ઈ-ટેન્ડર સૂચના નંબર :-** ઝાંસી/ટીડી/ટેન્ડર/2024/06. **કાર્યનું નામ:-** ઝાંસી વિભાગના VGLJ સ્ટેશન પર ટ્રેન સેટ માટે ટર્મિનલ ધ્યાન સુવિધાઓના વિકાસના સંબંધમાં સ્ટીમ લોકો શેડ ખાતે 26 કોચની વોશિંગ પીટ લાઈન પર OHE ની જોગવાઈ અને વિસ્તરણનું કાર્ય.

**અંદાજીત ખર્ચ (રૂ) :-** 3833824.33 | **અનામત રકમ/બિડ અનામત (રૂ) :-** 76700.00

**ઈ-ટેન્ડર સૂચના નંબર :-** ઝાંસી/ટીડી/ટેન્ડર/2024/07. **કાર્યનું નામ:-** અમૃત ભારત સ્ટેશન વિકાસ યોજના હેઠળ ઝાંસી વિભાગના ડાબરા (DBA), મોરેના (MRA) અને ભીંડ (BIX) સ્ટેશનો પર 12 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ માટે OHE માં સુધારાનું કામ.

**અંદાજીત ખર્ચ (રૂ) :-** 11788038.90 | **અનામત રકમ/બિડ અનામત (રૂ) :-** 209000.00

**ઈ-ટેન્ડર સૂચના નંબર :-** ઝાંસી/ટીડી/ટેન્ડર/2024/08. **કાર્યનું નામ:-** અમૃત ભારત સ્ટેશન વિકાસ યોજના હેઠળ, ઝાંસી વિભાગના બાંદા (BNDA), મહોબા (MBA) અને ચિત્રકુટધામ કારવી (CKTD) સ્ટેશનો પર 12 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ માટે OHE માં સુધારાનું કામ.

**અંદાજીત ખર્ચ (રૂ) :-** 7933004.53 | **અનામત રકમ/બિડ અનામત (રૂ) :-** 158700.00

**ઈ-ટેન્ડર સૂચના નંબર :-** ઝાંસી/ટીડી/ટેન્ડર/2024/09. **કાર્યનું નામ:-** અમૃત ભારત સ્ટેશન વિકાસ યોજના હેઠળ ઝાંસી વિભાગના લલિતપુર (LAR), ઓરાઈ (ORAI) અને દાતિયા (DAA) સ્ટેશનો પર 12 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ માટે OHE માં સુધારાનું કામ.

**અંદાજીત ખર્ચ (રૂ) :-** 14789942.74 | **અનામત રકમ/બિડ અનામત (રૂ) :-** 224000.00

**ટેન્ડર બંધ થવાની તારીખ :-** 30-08-2024 , 15:00 કલાક **સ્વીકૃતિ પત્ર મળ્યા થી કાર્ય સમાપન સમયગાળો /અવધિ તારીખ :-** 09 મહિના ટેન્ડર તારીખ 30-08-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઈન જમા કરી શકાય છે . પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુતિ કરવા માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ 1417/24(DG)

North central railways @CPRONCR www.ncr.indianrailways.gov.in



**વેસ્ટર્ન રેલ્વે**

**રીપેરીંગ વર્કસ**

ડીવીઝનલ રેલ્વે મેનેજર (WA), વેસ્ટર્ન રેલ્વે, 6ઠ્ઠો માળ, એન્જી. ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે .

| ક્રમ નં. | ટેન્ડર નોટિસ નંબર અને તારીખ | કામ અને સ્થાન | અંદાજિત કામની કિંમત રૂ.માં | ઈએમડી રૂ. |
|---|---|---|---|---|
| 1. | BCT/24-25/131 તા. 08.08.2024 | લોઅર પરેલ વર્કશોપની દિવાલને સુરક્ષિત રાખવા માટે નીચેની સ્થાનિક લાઈન સાથે હાલની બાઉન્ડ્રી વોલનું સમારકામ. | ₹ 98,94,151.70 | ₹ 1,97,900.00 |
| 2. | BCT/24-25/132 તા. 08.08.2024 | બાંદ્રા (પૂર્વ અને પશ્ચિમ વસાહત):- બાંદ્રા પૂર્વ અને પશ્ચિમ વસાહતની ડ્રેનેજ સિસ્ટમનું સમારકામ. | ₹ 89,34,695.56 | ₹ 1,78,700.00 |
| 3. | BCT/24-25/133 તા. 08.08.2024 | પાલી હિલ ફેઝ બે ખાતે ઓફિસરના આવાસ બદલવાના સંબંધમાં ક્વાર્ટર્સની મરામત અને માળખાકીય સભ્યોની મરામત અને બ્લોક નંબર A અને B ની બહાર પ્લાસ્ટરિંગ. | ₹ 2,63,74,720.46 | ₹ 2,81,900.00 |

ઉપરોક્ત ટેન્ડરો માટે સબમિશનની તારીખ અને સમય: 03.09.2024 સુધી, 15:00 કલાક: ખોલવાની તારીખ અને સમય: 03.09.2024 15:30 કલાકે.
નોંધ :- વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0441

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નંબર :- AGC-EL-C-T-03-2024-25 તારીખ:- 08-08-2024

**ટેન્ડર નોટિસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર/બાંધકામ/ઉત્તર મધ્ય રેલવે/આગ્રા દ્વારા નિયત ફોર્મ પર નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામનું નામ અને સ્થાન:-** ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી ડિવિઝનના DHO-SRMT વિભાગ વચ્ચે ગેજ કન્વર્ઝનના કામના સંબંધમાં, 33 KV, 11 KV, 440 વોલ્ટ, અંડરગ્રાઉન્ડ XLPE ઈલેક્ટ્રિક ઓવરહેડ લાઈન. કેબલ દ્વારા રૂપાંતર/ટ્રાન્સફરનું કામ.

• **કાર્યનું અંદાજીત ખર્ચ :-** રૂ: 3,28,49,267.78/- • **કાર્ય પૂર્ણ કરવાની અવધિ :-** સ્વીકૃતિ પત્ર મળ્યા થી ચૈમાસાના સમયગાળા સાથે 06 મહિના • **ટેન્ડર અનામત રકમ :-** 3,14,300/- • **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :-** 30-08-2024 એ 15:00 કલાક સુધી • **માન્યતા અવધિ :-** ટેન્ડર ખુલવાની તારીખ થી 60 દિવસ. ટેન્ડર માત્ર વેબપોર્ટલ www.ireps.gov.in ના માધ્યમથી તારીખ 30-08-2024 એ 15:00 કલાક સુધી જમા કરાવી શકાય છે . પૂર્ણ જાણકારી માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ. 1421/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR



**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નં. - કાનપુર વીકે ડેપો. /2024-25/20 તારીખ: 07.08 2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, વરિષ્ઠ સામગ્રી મેનેજર E.T.D./CNB નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર મંગાવવામાં આવ્યા છે.

| ક્ર. | ટેન્ડર નંબર | સામાનનું વર્ણન | જથ્થો |
|---|---|---|---|
| 1 | 57245236 | વેક્યુમ સર્કિટ બ્રેકર માટે એર ડ્રાયર એસેમ્બલી સ્નેડર ઈલેક્ટ્રિક પાર્ટ નંબર 539010 અથવા AAL ભાગ નંબર 4320001000 અથવા BTIL ભાગ નંબર 3EY-300003-R-1 અથવા પરમાણુ સાથેના Drg નંબર WR-BRCY-EL/3-GEN-113 મુજબ. | 45 નંગ |

**ટેન્ડર ખોલવાની તારીખ:** 26.08.2024, **અર્નેસ્ટ મની:** NIL, **નોંધ: 1.** ઉપરોક્ત તમામ ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડરોની સંપૂર્ણ વિગતો **IREPS** વેબસાઈટ **http://www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. **2.** ઉપરોક્ત ટેન્ડરો માટે, બિડ ઈ-બિડ સિવાયના કોઈપણ ફોર્મેટમાં સ્વીકારવામાં આવશે નહીં. વિક્રેતાઓએ આઈઆરઈપીએસ વેબસાઈટ પર આઈટી એક્ટ 2000 હેઠળ સીસીએ દ્વારા જારી કરાયેલ (વર્ગ III) ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે પોતાને નોંધણી કરાવવી જોઈએ. **3.** ટેન્ડરના દરો માત્ર ડિજિટલી હસ્તાક્ષરિત નાણાકીય દરો પર જ ધ્યાનમાં લેવાના છે. દરો અને અન્ય નાણાકીય શુલ્ક, જો કોઈ અન્ય પેઢીના લેટર હેડ પર જોડાયેલ હોય, તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને તેને સીધો જ નકારી કાઢવામાં આવશે. 1418/24 (A)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR



**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- 24/55 તારીખ :- 06-08-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, પ્રિન્સિપલ ચીફ મટિરિયલ મેનેજર, ઉત્તર મધ્ય રેલવે, પ્રયાગરાજ (ISO 9001:2015 પ્રમાણિત એકમ) નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | ટેન્ડર નંબર | સંક્ષિપ્ત વર્ણન | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 30243053 | LHB ACN EOG કોચ માટે બેઠકો અને બર્થનો સમૂહ. | 03 સેટ | 26.08.2024 |
| 2 | 30242942 | શૌચાલયનો દરવાજો પૂર્ણ. | 93 નંગ | 26.08.2024 |
| 3 | 64245160A | હાઈડ્રોલિક પંપ. | 02 નંગ | 04.09.2024 |
| 4 | 64245156A | પંપ. | 01 નંગ | 27.08.2024 |
| 5 | 64245092B | એક્સેલ. | 04 નંગ | 03.09.2024 |
| 6 | 64245073B | જોડતી કોણી. | 06 નંગ | 02.09.2024 |
| 7 | 64245134A | મુખ્ય કન્વેયર બેલ્ટ. | 03 નંગ | 29.08.2024 |
| 8 | 64245161A | વોટર ડ્રેઈન વાલ્વ. | 08 નંગ | 28.08.2024 |
| 9 | 64245103A | ઓઈલ સીલ આઉટ સફેદ. | 214 નંગ | 26.08.2024 |
| 10 | 64245171 | કંપન શાફ્ટ. | 162 નંગ | 30.08.2024 |
| 11 | 64245186 | ડિસ્ટ્રીબ્યુટર કન્વેયર બેલ્ટ. | 09 નંગ | 05.09.2024 |
| 12 | 64245170 | લાઈનિંગ ફોર્ક, પીવીસી ફ્લેક્સી પાઈપ. | 2116 નંગ | 29.08.2024 |
| 13 | 63245122A | વિવિધ કદના નટ અને બોલ્ટ 25mm ડાઈ. | 70 એમટી | 28.08.2024 |
| 14 | 63245140A | વાઈડ બેઝ PSC સ્લીપર્સ ચાર 60 KG થી RDSO ડ્રોઈંગ નંબર T-8969 પર ફીટીંગ્સ ફોર લેવલ ક્રોસિંગ. | 175 સેટ | 27.08.2024 |
| 15 | 38241870 | એર હોઝ કપલિંગ સપોર્ટ ડ્યુઅલી એસેમ્બલ. | 40313 નંગ | 09.09.2024 |
| 16 | 30242817 | ફિયાટ બોગી માટે સેકન્ડરી લેટરલ ડેમ્પર. | 857 નંગ | 16.09.2024 |
| 17 | 30242604 | બોગી બોલ્સ્ટર એરેન્જમેન્ટ. | 30 નંગ | 16.09.2024 |
| 18 | 38244282 | રાઉન્ડ હેડ લોક બોલ્ટ 22.22 મીમી ડાયા. | 56637 પેયર્સ | 17.09.2024 |
| 19 | 30242443 | નીચલા વસંત બીમની વ્યવસ્થા. | 276 નંગ | 23.09.2024 |
| 20 | 38241888 | નોન-એસ્બેસ્ટોસ એલ પ્રકાર કમ્પોઝિશન બ્રેક બ્લોક્સ. | 72747 નંગ | 24.09.2024 |
| 21 | 38241886 | લોડ સેન્સિંગ વાલ્વ પ્રકાર -VTA. | 2371 નંગ | 30.09.2024 |

**નોંધ:-** ઉપરોક્ત તમામ ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડરોની સંપૂર્ણ વિગતો **IREPS** વેબસાઈટ **https://www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ટેન્ડરોમાં કોઈપણ ફેરફારો/શુદ્ધિપત્ર માટે કૃપા કરીને નિયમિતપણે આ વેબસાઈટની મુલાકાત લો. અખબારમાં કોઈ અલગ શુદ્ધિપત્ર/ફેરફાર પ્રકાશિત કરવામાં આવશે નહીં. 1402/24 (A)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR



**અક્ષીતા કોટન લિમિટેડ**

AXITA COTTON

સીઆઈએન: એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
રજીસ્ટર્ડ ઓફિસ: સર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી, થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.
ટેલિફોન: +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || ઈ-મેઈલ: cs@axitacotton.com || વેબસાઈટ: www.axitacotton.com

સેબી (એલઓડીઆર) ના રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમન ૪૭ (૧) (બી) પ્રમાણે ના
જુન ૩૦, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક ગાળાના કોન્સોલિડેટેડ અન-ઓડીટેડ સ્ટેન્ડઅલોન નાણાકિય પરિણામોનો વિસ્તાર

(ઈ.પી.એસ. સિવાય રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક ગાળા ના અંતે | | | વાર્ષિક અંતે |
|---|---|---|---|---|
| | ૩૦-૦૬-૨૦૨૪ | ૩૧-૦૩-૨૦૨૪ | ૩૦-૦૬-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ |
| | અન-ઓડીટેડ | ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ |
| કામગીરીમાથી કુલ આવક | ૧૫,૪૯૬.૯૧ | - | - | - |
| આ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલા( | ૪૮૪.૮૩ | - | - | - |
| આ સમયગાળા માટે કર પહેલાનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી( | ૪૮૪.૮૩ | - | - | - |
| આ સમયગાળા માટે કર પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી( | ૩૪૨.૯૦ | - | - | - |
| આ સમયગાળા માટે ફૂલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો/(નુકસાન) અને કર બાદની અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે( | ૩૩૨.૭૭ | - | - | - |
| ઈક્વિટી શેરમૂડી ચૂકવેલ | ૨,૬૦૮.૭૮ | - | - | - |
| ઇક્વિટી શેર મૂડીની ફેસ વેલ્યુ રૂ. | ૧ | - | - | - |
| અનામત | - | - | - | - |
| શેરદીઠ કમાણી રૂ. માં (મૂળભૂત કિંમત રૂ. ૧) (સતત અને બંધ કામગીરી માટે) (વાર્ષિકરણ કર્યા વિના) બેઝીક કમાણી (~~નુકસાન~~) રૂ. | ૦.૧૩ | - | - | - |
| ડાલ્યુટેડ કમાણી (~~નુકસાન~~) રૂ. | ૦.૧૩ | - | - | - |

જુન ૩૦, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક ગાળાના સ્ટેન્ડઅલોન અન-ઓડીટેડ સ્ટેન્ડઅલોન નાણાકિય પરિણામોનો વિસ્તાર

(રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક ગાળા ના અંતે | | | વાર્ષિક અંતે |
|---|---|---|---|---|
| | ૩૦-૦૬-૨૦૨૪ | ૩૧-૦૩-૨૦૨૪ | ૩૦-૦૬-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ |
| | અન-ઓડીટેડ | ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ |
| કામગીરીમાથી ફુલ આવક | ૧૫,૪૯૬.૯૧ | ૨૨,૧૩૦.૮૨ | ૨૨,૮૨૪.૧૭ | ૧,૧૦,૪૩૮.૯૧ |
| આ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલા( | ૪૯૬.૩૫ | ૬૬૮.૯૮ | ૭૬૧.૬૨ | ૨,૭૩૦.૨૦ |
| આ સમયગાળા માટે ફૂલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો/(નુકસાન) અને કર બાદની અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે( | ૩૪૪.૨૯ | ૫૦૦.૮૨ | ૫૭૬.૨૩ | ૨,૦૫૭.૯૯ |
| ઈબીડટા-વ્યાજ, કર, ડેપ્રિશિયેશન અને એમોર્ટાઇઝેશન પહેલાંની આવક | ૫૭૩.૪૪ | ૭૫૧.૨૮ | ૮૦૨.૯૫ | ૨,૯૩૬.૦૭ |

નોંધ:-

1. ઉપરોક્ત સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ અન-ઓડિટ નાણાકીય પરિણામો કંપનીના જુન ૩૦, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસીક ગાળા માટે ની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને ત્યારબાદ ઓગસ્ટ ૦૯, ૨૦૨૪ ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા યોજાયેલી તેમની મીટિંગમાં મંજૂર કરવામાં આવી છે. સ્ટેટુટરી ઓડિટરએ આ અન-ઓડિટ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામો ની સેબીના નિયમ ૩૩ (સૂચિબદ્ધ જવાબદારી અને ડિસ્કલોઝર આવશ્યકતાઓ.) નિયમનો, ૨૦૧૫ અનુસાર સમીક્ષા કરી છે.
2. અગાઉના સમયગાળાના આંકડાઓને તુલનાત્મક બનાવવા માટે જરૂરી જણાય ત્યાં ફરીથી જૂથબદ્ધ/પુનઃવ્યવસ્થિત/અને/અથવા પુનઃરચિત કરવામાં આવ્યા છે.
3. ઉપરોક્ત ત્રિમાસીક ગાળા ના સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ અન-ઓડિટ નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો અર્ક, સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને ડિસ્કલોઝર આવશ્યકતાઓ), નિયમનો, ૨૦૧૫ ના નિયમન 33 હેઠળ, બીએસસી લિમિટેડ અને એનએસસી લિમિટેડ સ્ટોક એક્ષચેન્જ સાથે ફાઈલ કરવામાં આવેલ છે. ત્રિમાસીક ગાળા ના સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ અન-ઓડિટ નાણાકીય પરિણામોનું સંપૂર્ણ બંધારણ બીએસસી લિમિટેડની વેબસાઈટ www.bseindia.com એનએસસી લિમિટેડની વેબસાઈટ www.nseindia.com તથા કંપનીની વેબસાઈટ www.axitacotton.com.પર ઉપલબ્ધ ફાઈલ કરવામાં આવેલ છે.

અક્ષીતા કોટન લિમિટેડ માટે
સહી/-
નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ
ચેરમેન અને મેનેજીંગ ડાઈરેક્ટર
ડીઆઈએન: ૦૬૬૨૬૬૪૬

સ્થળ: કડી, મહેસાણા
તારીખ: ઓગસ્ટ ૦૯, ૨૦૨૪

## બાંગ્લાદેશમાં અરાજકતાથી ગુજરાતને કરોડોનો ફટકો

બાંગ્લાદેશમાં હાલ અરાજકતા ફેલાઈ છે, જેને કારણે આપણા ભારતના મસાલા અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને મોટો ફટકો લાગ્યો છે. ભારતનો બાંગ્લાદેશ સાથે 16 બિલિયન ડોલરનો વેપાર છે. એમાં 13થી 14 બિલિયન ડોલરની વિવિધ વસ્તુઓ ભારતથી નિકાસ થાય છે, જ્યારે ફક્ત બે બિલિયન ડોલરની આયાત બાંગ્લાદેશથી કરવામાં આવે છે. આ સ્થિતિમાં ગુજરાતના મોટા ઉદ્યોગ-ધંધાઓ, જેમ કે ટેક્સટાઈલ અને મસાલા માર્કેટને સૌથી વધુ અસર થશે. કાપડ અને મરી-મસાલાના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં મોખરે છે.

## ખારીકટ કેનાલના ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસનો વિરોધ

ખારીકટ કેનાલના મામલે કોંગ્રેસ દ્વારા કેટલાય વર્ષોથી વિરોધ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ત્યાં અંડર ગ્રાઉન્ડ કેનાલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બે વર્ષથી કેનાલનું કામ ચાલુ છે, પરંતુ હજુ સુધી કામ પૂર્ણ થયું નથી. આ ઉપરાંત પ્રિકાસ્ટ RCC બોક્સ બનાવવાની જગ્યાએ RCC વોલ બનાવવામાં આવી છે, જેથી કોંગ્રેસે ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે આજે ફરીથી વિરોધ કર્યો છે. કેનાલ પર અલગ-અલગ જગ્યાએ બેનર લગાવી વિરોધ કરવામાં આવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં મોટી સમસ્યા ખારીકટ કેનાલ મુદ્દે સતત 7 વર્ષ સુધી આંદોલન ચાલ્યું હતું.

# આતંકવાદીઓ ઊંઘી ન જાય એવું ડ્રગ્સ ગુજરાતથી જતું

## 3 શખસ છત્રાલની ફેક્ટરીમાં ટ્રેમાડોલનું ઉત્પાદન કરતા, આફ્રિકામાં દવાના નામે ડ્રગ્સ સપ્લાય કરતા

(એજન્સી) અમદાવાદ । તા.10

પ્રતિબંધિત દવાઓનું પણ હબ ગુજરાતમાં વધી રહ્યું છે. એમાં પણ ખાસ કરીને ઈન્ડસ્ટ્રિયલ એરિયાની અંદર પ્રતિબંધિત દવાઓ બનાવવાનો રીતસરનો કારોબાર શરૂ થયો છે. થોડા સમય પહેલાં કસ્ટમ વિભાગ અને ભુજ પોલીસ દ્વારા ટ્રેમાડોલનું આખું કન્સાઈનમેન્ટ પકડવામાં આવ્યું હતું. ભરૂચ અંકલેશ્વર પાસેની એક ફેક્ટરીમાં પ્રતિબંધિત ટ્રેમાડોલ દવાઓનું ઉત્પાદન થઈ રહ્યું છે અને એ સંદર્ભે ભરૂચ પોલીસને સાથે રાખીને ત્યાં રેડ કરવામાં આવી હતી. આ સમગ્ર ઓપરેશન દરમિયાન 31 કરોડનું રો-મટીરિયલ લિક્વિડ ફોર્મમાં મળી આવ્યું હતું. હવે આ કેસમાં ત્રણ શખસ છત્રાલમાં આવેલી એક ફેક્ટરીમાં ટ્રેમાડોલનું ઉત્પાદન કરી આફ્રિકા સપ્લાય કરતાનો પર્દાફાશ થયો છે. આ ત્રણેય શખસની ધરપકડ કરી લેવામાં આવી છે, જેમાં એક તો ડ્રગ્સ રેકેટનો માસ્ટરમાઈન્ડ નીકળ્યાનું સામે આવ્યું છે. આ પહેલાં ગુજરાત બોર્ડર રેન્જ તરફથી કેટલાક ઈનપુટને આધારે કસ્ટમ સાથે મળીને મોટી રેડ કરી હતી, જેમાં ટ્રેમાડોલ દવા સપ્લાય થતી હોવાનું પકડાયું હતું, આથી તાત્કાલિક જાગેલી ગુજરાત એટીએસે ફરીથી આ પ્રકારની રેડ કરીને કામગીરી કરી હોવાનું બતાવ્યું હતું.

### ડ્રગ્સ સપ્લાયનો રૂટ




- ભરૂચમાં ટ્રેમાડોલ દવાનું રો-મટીરિયલ ભેગું કરવામાં આવતું, ત્યાર બાદ એને લિકવિડ ફોર્મમાં તૈયાર કરવામાં આવતું હતું
- ભરૂચથી રો-મટીરિયલ સરખેજ પાસે લાવવામાં આવતું હતું જ્યાં લિકવિડ ફોર્મને સૂકવવમાં આવતું હતું.
- સરખેજથી સૂકવેલું મટીરિયલ છત્રાલમાં લઈ જવાતું, જ્યાં એને ટેબ્લેટ બનાવી પેકેજ કરવામાં આવતું હતું
- છત્રાલથી ટ્રેમેડોલ પેકિંગ આફ્રિકા મોકલવામાં આવતું જેના માટે પોર્ટનો ઉપયોગ કરવામાં આવતો હતો

### કઈ રીતે ડ્રગ્સ બનીને સપ્લાય થતું હતું

“ગુજરાતમાં અગાઉ પણ અનેક ફેક્ટરીઓ ડ્રગ બનાવતી હોવાનું સામે આવ્યું છે. એમાં ફરી એક વખત મેક ઈન ગુજરાત ડ્રગ્સ હોવાનું સામે આવતાં તેની ચોંકાવનારી વિગતો પણ સામે આવી છે, જેમાં આ વખતે ટ્રેમાડોલ મેડિસિન જે ભારતમાં પ્રતિબંધ છે અને વિદેશોમાં આતંકી પ્રવૃત્તિ કરનારા લોકોને આ દવા આપવામાં આવે છે. આ દવા સામાન્ય રીતે વ્યક્તિને ઊંઘવા દેતી નથી અને તેઓ કલાકો સુધી જાગી શકે છે એ માટે આ પ્રકારની દવા આપવામાં આવે છે. એમાં પણ ખાસ કરીને દવાનો ઉપયોગ પેઈનકિલર તરીકે થતો હતો, પરંતુ એ હવે ડ્રગ્સમાં રૂપાંતરિત થઈ ગઈ છે અને એનું ઉત્પાદન કરીને વિદેશથી કરોડો રૂપિયા કમાવવા માટેની આખી વ્યવસ્થા શરૂ થઈ હતી.

### અવારનવાર ગુજરાત એટીએસને ઈનપુટ આપવામાં આવતા



આ દવાનું મેન્યુફેક્ચરિંગ અલગ અલગ જગ્યાએ કરાવવામાં આવે છે અને એનું પેકિંગ બીજી જગ્યાએ કરાવીને આફ્રિકન દેશોમાં મોકલવામાં આવે છે. સમગ્ર મામલે હવે ગુજરાત એટીએસે વધુ આરોપીઓની ધરપકડ કરીને ઈન્ટરનેશનલ રૂટની તપાસ શરૂ કરી છે. આ અગાઉ પણ આફ્રિકન દેશમાં આ દવા ગઈ હોવાની શક્યતાના આધારે અન્ય એજન્સી પણ આમાં તપાસ કરે તેવી શક્યતા છે. બીજી તરફ કેન્દ્ર સરકાર તરફથી સેન્ટ્રલ એજન્સીને આવી પ્રતિબંધિત વસ્તુઓ પર કડક કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી છે અને જેના આધારે અવારનવાર ગુજરાત એટીએસને ઈનપુટ આપવામાં આવતા હોય છે, જેના આધારે ગુજરાત એટીએસે ઘણી વખત મોટી રેડ કરી છે.

### બે આરોપીની ધરપકડ કરવામાં આવી

ભરૂચ ડ્રગ્સ મામલે વધુ બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસે કેવલ ગોડલિયા, આનંદ પટેલ અને અંકિત પટેલની ધરપકડ કરી છે.
આ પ્રકરણમાં કેવલ ગોડલિયા ડ્રગ્સ રેકેટનો માસ્ટરમાઈન્ડ હોવાનુ સામે આવ્યું છે. આનંદ પટેલ અને અંકિત પટેલની છત્રાલ પાસે આવેલી કંપનીમાં દવાનું પેકિંગ કરી સપ્લાય કરતા હતા. હાઈડોઝ ટ્રેમાડોલ દવાના ઉત્પાદન અને ડ્રગ્સ રેકેટમા સંડોવાયેલા હતા. આફ્રિકન દેશોમાં દવાની આડમાં ડ્રગ્સ સપ્લાય થતું હતું. ઝડપાયેલા આરોપીની તપાસમા સપ્લાય રૂટ પણ સામે આવે એવી શક્યતા છે.

### અલગ અલગ જગ્યાએ મેન્યુફેક્ચરિંગ અને પેકિંગ થતું

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ સમગ્ર ટ્રેમાડોલ એક્સપોર્ટ કરવાના મામલામાં ગુજરાત એટીએસને સેન્ટ્રલ એજન્સીના ઈનપુટ મળ્યા હોવાની શક્યતા છે અને જેને આધારે તેમણે આ રેડ કરી હતી. બીજી તરફ આ સમગ્ર મામલામાં અલગ અલગ જગ્યાએ મેન્યુફેક્ચરિંગ અને પેકિંગ થતું હતું એવું પણ સામે આવ્યું છે. ત્યારે આ કેસના બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને જે આ ટ્રેમાડોલનું પેકિંગ અને મેન્યુફેક્ચરિંગ કરાવીને આફ્રિકન કન્ટ્રીમાં મોકલતા હોવાનું સામે આવ્યું છે.

## NEWS TRACK

### અમદાવાદ એરપોર્ટ પર એક વર્ષમાં 46 લાખ યાત્રીઓના લગેજનું ચેકિંગ, 18,246 પાવર બેંક મળી

અમદાવાદ | 5થી 11 ઓગસ્ટ એવિએશન સિક્યુરિટી કલ્ચર વિક તરીકે ઉજવવામાં આવે છે. જેમાં બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીના નેજા હેઠળ યાત્રીઓમાં જાગરૂકતા લાવવાનું કામ કરવામાં આવતું હોય છે. ત્યારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સપ્ટેમ્બર 2023થી વર્તમાન સુધીમાં બહાર જતાં કુલ 46 લાખ યાત્રીઓની લગેજ બેગ ચેક કરવામાં આવી હતી. જેમાં 80 હજાર બેગને ફિઝિકલી ચેક કરવામાં આવી હતી. જેમાંથી હવાઈ યાત્રા દરમિયાન પ્રતિબંધિત વસ્તુઓ મળી હતી. બેગની ફિઝિકલ તપાસ પેસેન્જરની હાજરીમાં હવાઈ યાત્રા દરમિયાન બેટરી, પાવર બેંક, ઈ સિગારેટ, ટોપરું વગેરે પ્લેનમાં પ્રતિબંધિત વસ્તુઓ હોવાથી એરપોર્ટ ઓથોરિટી દ્વારા આ વસ્તુઓ પોતાની સાથે નહીં લાવવા પેસેન્જરોને જાણ કરવામાં આવી છે.

### મહિલાને ફોન કરી પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી, કાકાના ઘરે બારીઓના કાચ તોડ્યા

અમદાવાદ | લગ્ન બાદ પતિ-પત્ની વચ્ચે મન મેળ ન રહેતા વિવાદો થતા હોય છે. અને ઘણી વખત દહેજ જેવી બાબતે પત્નીને પતિ અને સાસરિયાઓ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે. ત્યારે શહેરમાં સમાજના રિતરિવાજ બાદ લગ્ન થયા બાદ પરિણીતાને સાસરિયાઓ દ્વારા ત્રાસ મળતા તે પિયરમાં રહેવા આવી હતી અને તેના પતિએ ધાક ધમકીઓ આપી હતી. તે ઉપરાંત પરિણીતાના કાકાના ઘરની બારીઓના કાચ પણ તોડી નાખ્યા હતા. આ મામલે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. માનસિક અને શારીરિક ત્રાસ આપ્યો પ્રાપ્ત વિગતો પ્રમાણે જુહાપુરામાં રહેતી પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મે 2022માં સમાજના રિતરિવાજ મુજબ વેજલપુરમાં અયાન પઠાણ સાથે મારા લગ્ન થયા હતા.

### ગુજરાતમાં નશાનો વેપાર બેફામ: ક્રાઈમ બ્રાંચે 14 લાખના ડ્રગ્સ સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી

અમદાવાદ | ગુજરાત પોલીસે છેલ્લા એક અઠવાડિયામાં અલગ-અલગ 9 સ્થળે દરોડા પાડીને 836.36 કરોડની કિંમતનો ચરસ, ગાંજો અને ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટ સહિતનો મુદ્દામાલ સીઝ કરી 14 આરોપી સામે નાર્કોટીક્સના ગુના દાખલ કર્યા છે. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ફરીવાર 14 લાખની કિંમતનું ડ્રગ્સ પકડી પાડ્યું છે. ત્રણ આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીઓની ધરપકડ કરીને મુદ્દામાલ જપ્ત કર્યો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં ફૈઝલ છીપા અને અનીસ છીપા ડ્રગ્સ વેચવા માટે એમ.જે. લાયબ્રેરી એલિસબ્રિજ પાસે આવી રહ્યાં છે.

## કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે ગુજરાતમાં એરી રેશમ ઉત્પાદન સંવર્ધન પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો

### આ પહેલનો હેતુ રેશમ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો, એરંડાના ખેડૂતો માટે ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાનો અને રાજ્યમાં રેશમ ઉત્પાદનનો વિસ્તાર કરવાનો છે

પાલનપુર । તા.10

ગુજરાતમાં એરંડા ઉગાડતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે એક મોટી પહેલ, એરી સેરીકલ્ચર પ્રમોશનલ પ્રોજેક્ટ આજે શરૂ કરવામાં આવ્યો હતો, જે રેશમ ઉત્પાદન અપનાવવાથી વધારાની આવક પેદા કરતી પ્રવૃત્તિ તરીકે મદદ કરશે. ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં એરંડાના છોડ ધરાવતા એરિક્ચરના વિસ્તરણમાં પણ મદદ કરશે. સેન્ટ્રલ સિલ્ક બોર્ડ, કાપડ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પાલનપુરમાં સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી (એસડીએયુ) અને કલ્યાણ ફાઉન્ડેશન ખાતે આ પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એક સમજૂતી પત્રનું આદાન-પ્રદાન પણ કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય કાપડ મંત્રી




શ્રી ગિરિરાજ સિંહ,કેન્દ્રીય કાપડ રાજ્યમંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટા અને ટેક્સટાઈલ મંત્રાલયના સચિવ શ્રીમતી રચના શાહ તેમજ ગુજરાત સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગિરિરાજ સિંહે પોતાના સંબોધનમાં કહ્યું કે, ‘આ પ્રોજેક્ટ એક મોટી ક્રાંતિ લાવશે અને ભવિષ્યમાં આ શહેર સિલ્ક સિટી તરીકે ઓળખાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સમર્પણ અને દ્રઢ વિશ્વાસને કારણે નર્મદાનું પાણી કચ્છના રણ સુધી પહોંચ્યા છે. આ સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને કૃષિ ક્ષેત્ર માટેનું બજેટ વધારીને 1.50 લાખ કરોડ રૂપિયાથી વધુ કરવામાં પ્રતિબિંબિત થાય છે. આ દેશને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચલાવે છે અને તેમના નેતૃત્વમાં બધુ જ શક્ય છે. તે ધરતીપુત્ર છે. કેન્દ્ર સરકાર ખેડૂતોને 6 હજાર રૂપિયા આપી રહી છે. અગાઉ કૃષિ બજેટ 21,000 કરોડ રૂપિયા હતું અને હવે તેમાં વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટની અસર પડોશી રાજ્ય રાજસ્થાન જેવા મળશે અને તેનાથી આગળ યુપી અને બિહારમાં પણ જોવા મળશે.

## ગાજવીજ સાથે રાજ્યમાં વરસાદ પડશે: આજે ઉત્તર અને મધ્ય-પૂર્વ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા

### 1 સપ્તાહ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી

(એજન્સી) અમદાવાદ । તા.10

હવામાન વિભાગ દ્વારા આજે (10 ઓગસ્ટ) સમગ્ર ગુજરાત માટે આગામી એક સપ્તાહ સુધીની આગાહી જાહેર કરવામાં આવી છે. એ મુજબ આજે આખા ગુજરાતમાં છૂટાછવાયાં સ્થળોએ મેઘગર્જના સાથે હળવો વરસાદ થશે. જ્યારે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી, આણંદ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં વરસાદ પડશે આ સાથે જ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. પવનની ઝડપ 35થી 45 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. મોન્સૂન ટ્રફ બિકાનેર ઉપર સ્થિત થયો છે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદ વરસી શકે છે. મોટા ભાગે આગામી સપ્તાહમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રમાં આગામી સપ્તાહમાં છૂટાછવાયાં સ્થળોએ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત 01 જૂનથી ગુજરાતમાં 514 મિમી જેટલો વરસાદ વરસ્યો છે, જે સામાન્ય 462 મિમી કરતાં 11 ટકા વધુ છે. તો સૌરાષ્ટ્રમાં 458 મિમી જેટલો વરસાદ વરસ્યો છે, જે સામાન્ય 355 મિમી કરતાં 29% જેટલો વધુ છે. આગામી 16 ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## પત્નીનો પાસપોર્ટ 10 વર્ષ માટે રિન્યૂ કરવા HCનો નિર્દેશ

### પતિએ કરેલી ક્રિમિનલ કાર્યવાહી પેંડિંગ હોવાથી કેન્દ્ર સરકારના નિયમ મુજબ એક વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યૂ થઈ શકે

(એજન્સી) અમદાવાદ । તા.10



ગુજરાત હાઈકોર્ટમાં એક યુવતીએ પોતાના જૂના પાસપોર્ટ 10 વર્ષ માટે રિન્યૂ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં રિજિયોનલ પાસપોર્ટ ઓફિસરને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. યુવતી સામે અમદાવાદના સોલા હાઈકોર્ટ પોલીસ મથકે IPCની કલમ 170, 452, 294b, 506(1) અને 114 મુજબ તેના પતિએ ફરિયાદ નોંધાવી હતી. કોર્ટને જણાવ્યું હતું કે, વિદેશ મંત્રાલયના જાહેરનામા મુજબ જે વ્યક્તિ સામે ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તેનો પાસપોર્ટ એક વર્ષ માટે જ રિન્યૂ કરવાનો થાય. જો કે, હાઈકોર્ટે જ અરજદાર સામેની ફરિયાદ સ્ટે કરી હોવાથી રિજિયોનલ પાસપોર્ટ ઓફિસરને યુવતીનો પાસપોર્ટ 10 વર્ષ માટે રિન્યૂ કરવા હાઈકોર્ટ નિર્દેશ આપ્યા હતા. કેસને વિગતે જોતા અરજદાર પત્નીએ રામોલ પોલીસ મથકે 2021ના જાન્યુઆરી મહિનામાં પોતાના પતિ, સાસુ સસરા અને માસા માસી સામે IPCની કલમ 323, 498a અને 114 મુજબ ફરિયાદ નોંધાવી હતી.

### શિક્ષિકાનાં મોત મુદ્દે SIT રચવાની માંગ સાથે અરજી

મોરબી જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષિકા કે જેઓ લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા, તેમનો મૃતદેહ ગાંધીનગર જિલ્લાના એક મકાનમાં શંકાસ્પદ હાલતમાં મળ્યો હતો. આ કેસમાં જવાબદાર સામે ફરિયાદ નોંધવા, કેસની તપાસ માટે SITની રચના કરવાની માંગ સાથે મૃતક શિક્ષિકાના પારિવારજનોએ એડવોકેટ પ્રશાંત ચાવડા મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં કોર્ટે 4 અઠવાડિયામાં અરજદારની અરજી ઉપર કાર્યવાહી કરવા હુકમ કર્યો છે.

### અમદાવાદમાં શહેરીજનોને મળશે રાહત, અકસ્માત ટાળવા એસ.જી હાઈવે પર બનશે ફૂટ ઓવર બ્રિજ

(એજન્સી) અમદાવાદ । તા.10

અમદાવાદમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. ભારે ટ્રાફિકના કારણે રાહદારીઓને રોડ ક્રોસ કરવામાં મુશ્કેલી પડી રહી છે. ત્યારે હવે આ સમસ્યાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને નેશનલ હાઈવે ઓથોરિટીએ એસ.જી. હાઈવે પર 20 કરોડ રૂપિયાના ખર્ચે 5 ફૂટ ઓવર બ્રિજ બનાવવાનો નિર્ણય લીધો છે. જિલ્લા કલેક્ટરની રોડ સેફ્ટી બેઠકમાં આ દિશામાં નિર્ણય લેવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર, અમદાવાદના એસ.જી. હાઈવે પર રોડ ક્રોસ કરતી વખતે થતાં અકસ્માતોને ટાળવા ફૂટ ઓવર બ્રિજ બનાવવાનો નિર્ણય કરાયો છે. આ પાંચેય બ્રિજ ગોતા, થલતેજ, ગ્રાન્ડ ભગવતી હોટલ, રાજપથ ક્લબ અને વૈષ્ણૌદેવી નજીક બનશે. વર્ષ 2024માં જ આ કામ શરૂ કરી દેવાશે. બીજી તરફ, સરદાર પટેલ રિંગ રોડ પર પણ 108ના અંદાજે 80થી 100 વાહન માટે પાર્કિંગની સુવિધા ઊભી કરાશે.

## કેન્દ્રીય મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ 10 ઓગસ્ટ, 2024ના રોજ એઈમ્સ રાજકોટની મુલાકાત લીધી



રાજકોટ । તા.10

10 ઓગસ્ટ, 2024ના રોજ ભારત સરકારના માનનીય કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ પેરા પીપળિયા ખાતે એઈમ્સ રાજકોટની મુલાકાત લીધી હતી અને સાથે સાથે વાયરલ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી (વીઆરડીએલ)નું ઉદઘાટન કરવાની સાથે એઈમ્સ રાજકોટની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. કાર્યકારી નિયામક ડૉ. પ્રોફેસર (કર્નલ) સીડીએસ કટોચ, કર્નલ ડૉ. અજિત કુમાર, ડેપ્યુટી ડાયરેક્ટર એડમિન અને વીએસએમ, નાણાકીય સલાહકાર કર્નલ સુરેન્દર કુમારે ભારતના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાનું સ્વાગત કર્યું હતું. માનનીય મંત્રીશ્રીને એઈમ્સ રાજકોટ ખાતે ચાલી રહેલા પ્રોજેકટના કામોની અદ્યતન પ્રગતિ તથા સંસ્થા દ્વારા પ્રાપ્ત થયેલ વિવિધ સિમાચિન્હો અંગે એકઝીક્યુટીવ ડાયરેક્ટર પ્રો.ડો.(કર્નલ) સીડીએસ કટોચ દ્વારા તમામ મહાનુભાવોની ઉપસ્થિતીમાં સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવી હતી. આ પ્રસ્તુતિકરણ દરમિયાન સંસ્થાની તાજેતરની સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો : 25.02.2024ના રોજ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ 250 પથારી ધરાવતી આઈપીડી સુવિધાનું ઉદઘાટન કર્યું હતું અને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. એમબીબીએસની ચાર બેચ હાલમાં અભ્યાસ કરી રહી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...